ગુજરાત કૉલેજનો ઇતિહાસ

પુસ્તિકા : ૧

# અતીતનાં બીજ

ઉષા જી. ભટ્ટ

ગુજરાત કૉલેજ સેન્ટેનરી મેમોરિયલ
ચેરિટેબલ ટ્રસ્ટ : અમદાવાદ

ગુજરાત કૉલેજનો ઇતિહાસ

પુસ્તિકા : ૧

# અતીતનાં બીજ

ઉષા જી. ભટ્ટ

GUJARAT COLLEGE, AHMEDABAD
VEER SHAHID
VINOD KINARIWALA
LIBRARY

ગુજરાત કૉલેજ સેન્ટેનરી મેમોરિયલ
ચૅરિટેબલ ટ્રસ્ટ : અમદાવાદ

"Atitnan Bij"
Dr. Ushaben G. Bhatt

અતીતનાં બીજ
ડૉ. ઉષાબહેન જી. ભટ્ટ

© ગુજરાત કૉલેજ સેન્ટેનરી મેમોરિયલ
ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ-૬

પ્રથમ આવૃત્તિ : ઑક્ટોબર ૧૯૯૨
પ્રત : ૧૦૦૦

બીજનાં તે મોલ શાં?
(કિંમત : કંઇ નહિ)

પ્રકાશક :
અધ્યક્ષ,
ગુજરાત કૉલેજ સેન્ટેનરી
મેમોરિયલ ટ્રસ્ટ,
અમદાવાદ

મુદ્રક :
ભીખાભાઈ સો. પટેલ
ભગવતી મુદ્રણાલય
૧૯, અજય ઇન્ડ. એસ્ટેટ
દુધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪

# નિવેદન

૧૮૭૯માં સ્થપાયેલી ગુજરાત કોલેજે ૧૯૭૯માં એની ઉજ્જવળ કારકિર્દીનાં સો વર્ષ પૂરાં કર્યાં, એ શિક્ષણ જગતનો એક વિરલ પ્રસંગ હતો. કોલેજના જૂના–ચાલુ વિદ્યાર્થીઓએ અને અધ્યાપકોએ પોતાની માતૃસંસ્થાના એ સુવર્ણ અવસરની ઉમંગભેર ઉજવણી કરી. એ નિમિત્તે વિવિધ કાર્યક્રમો પણ રજૂ થયા. એ પ્રસંગની સ્મૃતિ કાયમ રાખવા ગુજરાત કોલેજ સેન્ટેનરી મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના થઈ હતી. એ ટ્રસ્ટ વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. ગુજરાત કોલેજની દીર્ઘ કારકિર્દીનો ઇતિહાસ પ્રજા સમક્ષ રજૂ થાય તો ગુજરાતના શૈક્ષણિક ઉપરાંત સામાજિક, આર્થિક, રાજકીય ક્ષેત્રે એણે જે અમૂલ્ય ફાળો આપ્યો છે તેનો આજની પેઢીને કંઈક ખ્યાલ આવે અને કોલેજના વિદ્યાર્થીઓને પણ એમાંથી પ્રેરણા મળે એ હેતુથી ટ્રસ્ટે ગુજરાત કોલેજનો ઇતિહાસ પ્રગટ કરવાનો ઠરાવ ૧૯૮૭માં કર્યો હતો. એના પ્રથમ સોપાન તરીકે ગુજરાત કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળ વિષે વિસ્તૃત માહિતી રજૂ કરતી આ પુસ્તિકા પ્રગટ કરતાં આનંદની લાગણી થાય છે. ગુજરાત કોલેજની ઇમારતોનું વર્ણન અને ઇતિહાસ તેમ જ આઝાદી પૂર્વે અને આઝાદી પછી ગુજરાત કોલેજનો ઇતિહાસ આ પછીની પુસ્તિકાઓમાં આપવા ધાર્યું છે.

આ પુસ્તિકા તૈયાર કરનાર શ્રી ઉષાબહેન ગુજરાત કોલેજનાં જ વિદ્યાર્થિની છે. પાછળથી એ કોલેજમાં અધ્યાપિકા તરીકે પણ રહ્યાં હતાં. આ પુસ્તિકા માટે એમણે જહેમતપૂર્વક કોલેજ મેગેઝીનના ઢગલા ઉથલાવીને તેમાંથી ૧૯૨૭થી ૧૯૮૭ સુધીની બધી ઉપયોગી

માહિતીની નોંધ કરી તે જુદી તારવી; તે સમયના બીજા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોનો પણ સંપર્ક સાધી જોઈતી માહિતી એકત્ર કરી. એ બધી માહિતીને વ્યવસ્થિત રીતે પ્રકરણવાર ગોઠવી આ પુસ્તિકા રૂપે રજૂ કરી છે. એ બદલ ટ્રસ્ટ તરફથી હું એમનો આભાર માનું છું.

આ પુસ્તિકાના પ્રકાશનના કામમાં સહાયરૂપ થનાર સૌનો તથા વિશેષ કરીને સુમિરાનંદ કોમ્યુનિકેશનનો હું આભારી છું.

આશા છે, ગુજરાતની એક ઉત્તમ શિક્ષણસંસ્થાના વિકાસની વિગતો સૌને ઉપયોગી અને રસપ્રદ નીવડશે. બીજી પુસ્તિકાઓ પણ તૈયાર થશે તેમ પ્રગટ થશે.

અમદાવાદ
૨-૧૦-૯૨

**એસ. એન. ખંભાતા**
ટ્રસ્ટી અને ગુજરાત કૉલેજ ઇતિહાસ સમિતિના અધ્યક્ષ

# ગુજરાત કૉલેજનો ઇતિહાસ

પુસ્તિકા : ૧

# અતીતનાં બીજ

●

ઉષા જી. ભટ્ટ

## ૧

# પ્રારંભ

## ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ

[The Gujarat College Old Boys' Association]

### ગુજરાત કૉલેજના વાર્ષિકોત્સવની ઉજવણી

ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સ્થાપના આચાર્ય જ્યૉર્જ ફિન્ડલે શીરાઝના સમયમાં ઈ. સ. ૧૯૨૭ના ફેબ્રુઆરીની છઠ્ઠી તારીખે થઈ હતી. આ વર્ષે સૌ પ્રથમ વાર ગુજરાત કૉલેજનો વાર્ષિકોત્સવ ખૂબ મોટા પાયા પર અને પૂરા આયોજન સાથે ઊજવાયો હતો. આચાર્ય શીરાઝ આ ઉજવણીના વિચારના સર્જક અને પોષક હતા. આ પ્રસંગ ફેબ્રુઆરીની ચોથીથી છઠ્ઠી તારીખ સુધી ઊજવાયો હતો.

આ વાર્ષિકોત્સવની ઉજવણીના સંદર્ભમાં એક સંચાલન સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિમાં શ્રીમતી વિદ્યાબહેન રમણભાઈ નીલકંઠ, સર રુસ્તમ જે. વકીલ, શ્રી મૂલચંદ એ. શાહ, શ્રી અંબાલાલ સારાભાઈ, સર ગિરિજાપ્રસાદ ચીનુભાઈ, ડૉ. એ. એસ. મન્સૂરી, શ્રી મગનભાઈ સી. પટેલ, શ્રી કસ્તૂરભાઈ

લાલભાઈ અને શ્રી જીવણલાલ વ્રજરાય દેસાઈ હતાં. સ્વાભાવિક રીતે જ આ સમિતિમાં ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હતા.[૧]

આ ઉજવણીના કાર્યક્રમરૂપે શુક્રવાર ચોથી ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે ગુજરાત કૉલેજના પ્રાંગણમાં યુનિયન જૅક લહેરાવવામાં આવ્યો હતો. એ સમયે આપણે પરતંત્ર હતા. આ દિવસે, એ સમયની નવી પૂના કૉલેજના આચાર્ય એન. એમ. શાહનું પ્રવચન હતું. એમણે શિક્ષણ વિષે સુંદર વિચારો રજૂ કર્યા હતા અને ગુજરાત યુનિવર્સિટીના સ્વપ્નને સાકાર કરવા અંગે ઇશારો કર્યો હતો. પ્રવચન પછી, આચાર્ય શીરાઝે આભારવિધિની કામગીરી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરીકે સર ગિરિજાપ્રસાદ ચીનુભાઈ અને સર રુસ્તમ વકીલને સોંપી હતી.[૨]

આ પ્રસંગના એક ભાગરૂપે સર ચીમનલાલ સેતલવડે 'ઉચ્ચ કેળવણીના આદર્શો' એ વિષય પર પ્રવચન આપ્યું હતું. આ પ્રવચન પછી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના પ્રતિનિધિ તરીકે શ્રી જીવણલાલ દેસાઈએ આભારવિધિ કર્યો હતો. તેઓ એ સમયે બાર ઍસોસિયેશનના સભ્ય હતા, અને કૉલેજના પ્રથમ આચાર્ય કે. ટી. બેસ્ટના[૩] સમયમાં વિદ્યાર્થી હતા. એમણે એમના વક્તવ્યમાં એમના સમયના કૉલેજ દિવસોનું રમૂજી ભાષામાં નિરૂપણ કર્યું હતું. એ દિવસોમાં જ્ઞાતિબંધનો ખૂબ કડક હતાં. વિદ્યાર્થી છાત્રાલય નહોતું, રમતગમત નહોતી અને સૌથી ખરાબ તો એ હતું કે વિદ્યાર્થિનીઓ પણ નહોતી.[૪]

## ૧૯૨૭ના વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થિનીઓ

આ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થિનીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 'સીતાહરણ'ના ભજવાયેલા પ્રસંગમાં કુ. તારાબહેન પીતાંબર પટેલે રામની, કુ. એસ. એસ. શેટએ સીતાની, કુ. વિનોદિની રમણભાઈ

નીલકંઠે લક્ષ્મણની અને કુ. તહેમીના ભાવનગરીએ રાવણ તરીકેની ભૂમિકા ભજવી હતી. કુ. એચ. એચ. મહેતાએ ગીતો ગાયાં હતાં.

વિદ્યાર્થિનીઓએ આ પ્રસંગે એક ટૂંકી હાસ્યનાટિકા પણ રજૂ કરી હતી. આમાં કુ. પટેલે કજીયાગરા કંથની, કુ. મહેતાએ આકરા સ્વભાવની પત્નીની, વિનોદિનીએ એક મુલાકાતીની અને કુ. પંડિતે નોકરની ભૂમિકા ભજવી હતી. કુ. પ્રેમલીલાબહેન સુમન્ત મહેતા (બી.એસસી.) તત્કાલીન રાજકોટની બાર્ટન ટ્રેનિંગ કોલેજનાં સુપરિન્ટેન્ડેન્ટ અને કોલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિનીએ ગીત ગાયું હતું.

## ક્રિકેટ મેચ

ત્રીજા દિવસે એટલે કે છઠ્ઠી ફેબ્રુઆરીએ ગુજરાત કોલેજના ચાલુ વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વચ્ચે ક્રિકેટ મેચ રમાઈ હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ક્રિકેટ ટીમના કેપ્ટન સર રુસ્તમ વકીલ હતા અને ચાલુ વિદ્યાર્થીઓની ટીમના કેપ્ટન શ્રી એસ. એસ. ગોરેપ હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની ટીમના એક ખેલાડી શ્રી વી. પી. મહેતા મુંબઈના ખેલાડી હતા. એમણે ૨૮ રનનો જુમલો નોંધાવ્યો હતો. કોલેજના ચાલુ વિદ્યાર્થીઓની ટીમમાં શ્રી યુ. જે. પંડયાએ ૪૫ રન અને શ્રી એમ. જે. જોષીએ ૫૦ રન કર્યા હતા. જુવાનિયાઓ જીત્યા હતા અને જૂના વિદ્યાર્થીઓ હાર્યા હતા.[૬] જોકે જૂના વિદ્યાર્થીઓએ જુવાન જુસ્સો જરૂર બતાવ્યો હતો.

આ ક્રિકેટ મૅચ માટે રુસ્તમ વકીલે બે કપ ભેટ આપ્યા હતા. આમાંથી એક કપ શ્રી એમ. જે. જોષીને અને બીજો શ્રી યુ. જે. પંડયાને અનુક્રમે વ્યક્તિગત રીતે સૌથી વધુ રન કરવા બદલ અને સારામાં સારી બોલિંગ કરવા માટે મળ્યા હતા.

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સભા

આ ક્રિકેટ મૅચ પૂરી થયા પછી ૧૯૨૭ના ફેબ્રુઆરીની તારીખ

છટ્ઠીએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સભા 'ઓલ્ડ બૉય્ઝ એસોસિયેશન'ની સ્થાપના કરવા માટે મળી હતી. આગળ જોઈ ગયા તેમ ૧૯૨૭ના વાર્ષિકોત્સવની ઉજવણીના વિવિધ પ્રસંગોએ ગુજરાત કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સ્થાપના માટેની યોગ્ય પૂર્વભૂમિકા પૂરી પાડી દીધી હતી. આ ઉજવણીનું એક કાયમી સ્મારક તે જ આ મંડળ — The Gujarat College Old Boys' Association.

## સર રુસ્તમ જે. વકીલ અને સર ચીમનલાલ સેતલવડ

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની આ સભામાં આચાર્ય શીરાઝે યુરોપ અને અમેરિકાના કોલેજજીવનમાં આવાં મંડળો કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે તેની સમજણ આપી હતી. આ પ્રસંગે માર્ગદર્શન આપવા સર ચીમનલાલ સેતલવડ હાજર હતા એનો આચાર્યને આનંદ હતો. આચાર્યે સર રુસ્તમ વકીલને[૭] સભાનું પ્રમુખપદ સંભાળવા વિનંતી કરી હતી.

સર રુસ્તમે મંડળના હેતુ તરીકે ગુજરાત કોલેજના વર્તમાન વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વચ્ચેનો નાતો તૈયાર કરવાની વાત રજૂ કરી હતી. આ ઉપરાંત કોલેજના સ્નાતકોને મદદરૂપ થવા માટે રોજગારી બોર્ડ(Employment Board)ની રચના કરવાનો આશય પણ રજૂ કર્યો હતો. સર ચીમનલાલ સેતલવડે આ મંડળને એક જીવંત શક્તિરૂપ બનાવવાની હાકલ કરી હતી.[૮]

## પ્રોફેસર વીરામત્ર દ્વિવેટિયા[૯]

તેઓ આ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા અને આ સમય દરમ્યાન ગુજરાત કોલેજમાં પ્રોફેસર હતા. એમનો આ કોલેજ સાથેનો નાતો લગભગ અડધી સદી જેટલો હતો. એમણે આ સભામાં જણાવ્યું હતું કે આ મંડળ એક સલાહકાર મંડળ તરીકે કામગીરી

બજાવશે. જ્યારે વિદ્યાર્થીઓ કૉલેજમાં પ્રવેશે ત્યારે એમણે કઈ કારકિર્દી તરફ જવું ઘટે એ બાબત આ મંડળ માર્ગદર્શક બની શકે. એમના મતે મંડળે એક બીજી ફરજ પણ બજાવવાની હતી. એ ફરજ હતી – કૉલેજમાં જેમનો નોંધપાત્ર ફાળો હોય એવી વ્યક્તિઓનું બહુમાન કરવાની. આ સંદર્ભમાં સ્વ. ચીનુભાઈ બૅરોનેટનું તૈલચિત્ર ત્યારના જૉર્જ ફિફ્થ હૉલ અને અત્યારના ગાંધી હૉલમાં મૂકવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ માટે ગુજરાત કૉલેજના પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ખર્ચ માટે રૂ. ૩૦૦ એકત્ર કર્યા હતા.

આ પ્રસંગે કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. આ પછી 'ધ ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉય્ઝ એસોસિયેશન'ની સ્થાપના કરતો ઠરાવ પસાર કર્યો હતો. આ સાથે મંડળના નિયમો અને અધિનિયમો તૈયાર કરવા માટે એક સમિતિ નીમવામાં આવી હતી. આ દરમ્યાન કૉલેજના આચાર્યને મંડળના સભ્યો બનાવવાની સત્તા આપવામાં આવી હતી. આ સમિતિના સભ્યો તરીકે શ્રી મૂળચંદ આશારામ શાહ,[૧૦] પ્રો. દિવેટિયા, ખાનબહાદુર એમ. આઈ. કાદરી, શ્રી જીવણલાલ દીવાન, શ્રી અંબાલાલ સારાભાઈ, શ્રી કસ્તૂરભાઈ, સર ગિરિજાપ્રસાદ, સર રુસ્તમ વકીલ અને શ્રી બલ્લુભાઈ ઠાકોર હતા.

મંડળ માટેના લવાજમમાં ગુજરાત કૉલેજ મૅગેઝીનના લવાજમને સમાવી લેવામાં આવ્યું હતું. આમ કૉલેજ મૅગેઝીન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને કૉલેજ સાથેની કડીરૂપ બનવાનું એક અસરકારક સાધન બની શકે એમ હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એમની સિદ્ધિઓની જાણ મૅગેઝીન દ્વારા કરતા રહે એવી અપેક્ષા રાખવામાં આવી હતી.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ કૉલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે વર્ષમાં એક વાર તો કૉલેજની મુલાકાત લે એવી આશા રાખવામાં આવી હતી.[૧૧]

## સર ચીનુભાઈ બૅરોનેટના તૈલચિત્રનો અનાવરણવિધિ

૧૯૨૭માં ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની પ્રથમ સભામાં આ અંગે નિર્ણય લેવાયો હતો. ૧૯૨૮ના સપ્ટેમ્બરના કૉલેજ મૅગેઝીનમાં આ તૈલચિત્રના ખર્ચ માટે ફાળો ઉઘરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી. તૈલચિત્રને તૈયાર કરાવવાનો કુલ ખર્ચ રૂ. ૯૦૦ થયો હતો અને કુલ રૂ. ૬૦૦ એકત્ર થયા હતા. મંડળનો ઇરાદો કૉલેજની આગામી સુવર્ણ જયંતીના એક મુખ્ય કાર્યક્રમ રૂપે આ તૈલચિત્રનો અનાવરણવિધિ કરવાનો હતો.[૧૨] જોકે સંજોગવશાત્ આ કામગીરી ૧૯૨૯માં થઈ શકી નહોતી.[૧૩]

કૉલેજ મૅગેઝીનમાં સુવર્ણ જયંતી પ્રસંગે પ્રોફેસર ફીરોઝ સી. દાવરે એક લેખ આપ્યો હતો. એમાંથી મળતી માહિતી અનુસાર સર ચીનુભાઈ માધવલાલ રણછોડલાલ બૅરોનેટે વિજ્ઞાનના અભ્યાસની સુવિધા માટે રૂ. ૬,૦૦,૦૦૦નું દાન આપ્યું હતું અને એમાંથી માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટની ભવ્ય ઇમારત ઊભી કરવામાં આવી હતી. ઈ.સ. ૧૯૧૨માં આ મકાનનું ઉદ્ઘાટન લૉર્ડ સિડનહામે કર્યું હતું. 'ધ કિંગ એમ્પરર જૉર્જ ફિફ્થ હૉલ' સર ચીનુભાઈના ઉદાર દાનથી તૈયાર થયો હતો. એમણે આપેલા દાનની કુલ રકમ રૂ. ૧૦,૦૦,૦૦૦ જેટલી હતી.[૧૪] આવા દાતાના તૈલચિત્રના અનાવરણવિધિનું મંડળનું સ્વપ્ન યોગ્ય જ હતું.

આ સ્વપ્ન આખરે ૧૯૩૧માં સાકાર થયું હતું. ૧૯૩૨ના ફેબ્રુઆરીના ગુજરાત કૉલેજ મૅગેઝીનના સંપાદકીય લેખમાં ૧૯૩૧ના વર્ષના ગુજરાત કૉલેજના વાર્ષિકોત્સવની ઉજવણીને ભવિષ્યનો ગુજરાતનો થ્યુસિડિડીઝ[૧૫] સુવર્ણાક્ષરે લખશે એમ નોંધ અપાઈ છે.[૧૬]

૧૯૩૧ના ડિસેમ્બરની ૨૧મી તારીખે સ્વ. સર ચીનુભાઈ માધવલાલ બૅરોનેટના પૂરા કદના તૈલચિત્રનો અનાવરણવિધિ કિંગ

જૉર્જ ફિફ્થ હૉલમાં આચાર્ય આનંદશંકર ધ્રુવ, જેઓ બનારસ હિંદુ યુનિવર્સિટીના પ્રો-વાઇસચાન્સેલર હતા, એમને હસ્તે કરવામાં આવ્યો હતો. એ નોંધવું ઘટે કે સ્વ. ચીનુભાઈ બૅરોનેટે અમદાવાદમાં આર. સી. ગવર્નમેન્ટ હાઈસ્કૂલ, આર. સી. જ્યુબિલી ટૅકનિકલ ઇન્સ્ટિટ્યૂટ અને માધવ બાગ જેવી સંસ્થાઓ માટે પણ દાન આપ્યાં હતાં.[૧૭] ચીનુભાઈ ગુજરાત કૉલેજના વિદ્યાર્થી હતા. તેઓ એફ.વાય.બી.એ.માં હતા ત્યારે કૌટુંબિક જવાબદારીઓ ઉઠાવવા માટે એમને કૉલેજ છોડવી પડી હતી.[૧૮]

આમ ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળે સેવેલું આ સ્વપ્ન લગભગ પાંચ વર્ષે સાકાર થયું હતું.

## પાદટીપ

૧. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુસ્તક (પુ.) ૨૨, ફેબ્રુઆરી ૧૯૨૭, અનુ. નં. ૨૪, નં. ૨, પૃ. ૩૧.
૨. એજન, પૃ. ૪૦.
૩. જુઓ પરિશિષ્ટ ૧; ગુજરાત કૉલેજના આચાર્યો (૧૮૭૯–૧૯૮૭)
૪. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૨૨, ફેબ્રુઆરી ૧૯૨૭, અનુ. નં. ૨૪, નં. ૨, પૃ. ૪૮.
૫. પ્રોફેસર એરચ માણેકશા બલસારાની સ્મૃતિ અનુસાર એમનું નામ સતીશ હતું.
૬. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૨૨, ફેબ્રુઆરી ૧૯૨૭, અનુ. નં. ૨૪, નં. ૨, પૃ. ૫૦.
૭. સેન્ટ ઝેવિયર્સ કૉલેજના અંગ્રેજી વિષયના નિવૃત્ત પ્રાધ્યાપક પ્રો. રુસ રુસ્તમજી વકીલના પિતાશ્રી.
૮. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૨૨, ફેબ્રુઆરી ૧૯૨૭, અનુ. નં. ૨૪, નંબર ૨, પૃ. ૫૨

૯. ગુજરાતના સુપ્રસિદ્ધ સુગમસંગીતકાર શ્રી ક્ષેમુ દિવેટિયાના પિતા.

૧૦. એમના પિતા શ્રી આશારામ દલીચંદ શાહે સૌપ્રથમ 'ગુજરાતી કહેવત સંગ્રહ'નું સંપાદન કર્યું હતું. એમનો પૌત્ર દિલીપ શાહ શ્રી એસ. એન. ખંભાતા (હાલ આ મંડળના ઉપપ્રમુખોમાંના એક) સાથે કામ કરે છે. આમ આ મંડળ દ્વારા સ્થપાયેલા જૂના સંબંધો સચવાઈ રહ્યા છે એટલું જ નહિ, પરંતુ વિકાસ પણ પામ્યા છે.

૧૧. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૨૨, ફેબ્રુઆરી ૧૯૨૭, અનુ. નં. ૨૪, નં. ૨, પૃ. ૬૭.

૧૨. એજન, પૃ. ૧૧.

૧૩. એજન, પુ. ૨૪, ફેબ્રુઆરી ૧૯૨૯, નં. ૨, પૃ. ૫.

૧૪. એજન, પૃ. ૧૮.

૧૫. એ યાદ રાખવું ઘટે કે આ પુસ્તિકાનાં સંપાદિકા ડૉ. કુ. ઉષા ઘનશ્યામભાઈ ભટ્ટ જ્યારે ગુજરાત કૉલેજમાં ઇતિહાસ વિભાગમાં લેક્ચરર તરીકે હતાં (૧૯૬૪–૧૯૭૩) ત્યારે ૧૯૬૬માં એમને ફ્રિશપોન્ડ મળ્યું હતું 'હેરોડોટસ'. પ્રાચીન ગ્રીસના ઇતિહાસકાર થ્યુસિડિડીઝની જેમ હેરોડોટસ પણ ગ્રીસનો ઇતિહાસકાર હતો. તે ઇતિહાસના પિતા તરીકે ઓળખાય છે.

૧૬. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૧૭, ફેબ્રુઆરી ૧૯૩૧, નં. ૨, પૃ. ૧.

૧૭. એજન, પૃ. ૨.

૧૮. એજન, પૃ. ૩.

## પરિશિષ્ટ

## ગુજરાત કૉલેજના આચાર્યો (૧૮૭૯–૧૯૮૭)

1. 1879–1887 K.T. Best, M.A. (Oxo.D.)
2. 1887–1888 J.A. Dalal, M.A., LL.B. (Bom.)
3. 1888–1889 A.V. Kathvate, B.A. (Bom.)
4. 1889–1892 C.W. Weddington, B.A. (Oxon.)
5. 1892–1896 T.J. Williams, B.A. (Oxon.)
6. 1896–1901 Rev. E.T. Davis, M.A. (Cantab.)
7. 1901–1902 W.J. Goodrich, M.A.
8. 1903–1907 W.H. Hirst, B.A. (Oxon.)
9. 1907–1908 A.B. Dhruva, M.A., LL.B (Bom.)
10. 1909–1924 Rev. W.G. Robertson, M.A. (Aber.), B.D.
11. 1924–1925 H. Hamill, B.A. (Belfast) Officiating
12. 1925–1926 V.B. Divetia, B.A. (Cantab.) M.A. (Bom.) Officiating
13. 1926–1939 G. Findlay Shirraz. M.A. (Aber.) Hon., F.S.S., F.E.S.
14. 1939–1941 Dewan Bahadur H.L. Kaji, M.A., B.Sc., F.R.G.S., F.S.S., F.R.S.A., I.E.S., J.P.
15. 1941–1943 R.P. Patwardhan, M.A. (Oxon.), I.E.S.

16. 1943–1945 K.R. Gunjikar, M.A. (Cantab.), I.E.S.
17. 1945–1947 N.L. Ahmed, M.A. (Ali.), D.Litt. (Oxon.)
18. 1947–1949 S.S. Bhandarkar, B.A. (London)
19. 1949–1950 R.N. Wellingkar, B.A. (Oxon.)
20. 1950–1955 Dr. M.S. Shah, M.Sc., Ph.D. (London), D.T.E.
21. 1955–1957 Dr. K.R. Dixit, B.Sc. Ph.D. (London), D.T.E.
22. 1957–1958 C.D. Deshpande, M.A, (Dip. in Gerg.) (London)
23. 1958–1967 Dr. Y.G. Naik, M.Sc., Ph.D.
24. 1967–1970 J.B. Sandil, M.Sc.
25. 1970–1976 V.J. Trivedi, M.A.
26. 1977–1980 Dr. B.C. Desai, M.A. Ph.D.
27. 1980–1983 R.V. Pandya, M.A. (Bom.), M.A. (Oxon.)
28. 1983–1987 B. M. Shah, M.Sc.

# ૨

## ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો વિકાસ (૧૯૨૭–૧૯૪૭)

ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ પરદેશ જઈ આગળ અભ્યાસ કરીને પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવવાના પ્રયત્નો કરેલા છે. બ્રિટિશ સામ્રાજ્યવાદના ભાગરૂપ હિંદ દેશની એક કૉલેજના વિદ્યાર્થીઓ સ્વાભાવિક રીતે જ બ્રિટનમાં આગળ અભ્યાસ કરવાની તક પ્રાપ્ત કરે એ સમજાય એવું છે.

### વિદેશમાં આગળ અભ્યાસ

૧૯૨૯માં 'ગુજરાત કૉલેજ મૅગેઝીન'માં એક ભૂતપૂર્વ વિદ્યાર્થીનો લંડનથી આવેલો પત્ર છપાયો હતો,[૧] જે શ્રી સી. એ. દલાલે મૅગેઝીનના સંપાદકને સંબોધીને લખ્યો હતો. ૩૧મી જાન્યુઆરી ૧૯૨૯ના રોજ લખાયેલ આ પત્ર ૨૮, કૉલહર્ન રોડ, દક્ષિણ કેન્સિગ્ટન, લંડનના સરનામેથી લખાયો હતો. તેમાં જણાવ્યા અનુસાર ૧૯૧૫થી ૧૯૨૮ દરમ્યાન બ્રિટનમાં ગુજરાત કૉલેજના ૨૫ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા.[૨] આ વિદ્યાર્થીઓની આગળની કારકિર્દી વિષેની માહિતી ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓની સિદ્ધિઓને સમજવામાં જરૂર મદદરૂપ થઈ શકે.

**કુ. વિનોદિની નીલકંઠ :** તેઓ ગુજરાત કોલેજમાંથી બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી અમેરિકા સમાજશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે ગયાં હતાં. ૧૯૨૯ની ૧૪ ઑગસ્ટે એમણે અમેરિકા જવા માટે પ્રસ્થાન કર્યું હતું.[3] આમ એક વિદ્યાર્થિની વિદેશમાં આગળ અભ્યાસ માટે જાય એ હકીકત ધ્યાન ખેંચે એવી છે.

## હિંદમાં આગળ અભ્યાસ – લશ્કરી કારકિર્દી

**શ્રી નૌશીર ધનજીશા બીલીમોરિયા** જેવા વિદ્યાર્થી સિમલામાં લેવાયેલી છમાસિક પરીક્ષામાં પાસ થયા હતા. આ પરીક્ષામાં હિંદના આઠ યુવાનો પાસ થયા હતા, તેમાંના એક શ્રી બીલીમોરિયા હતા. આ પરીક્ષા પાસ કરવાથી સેન્ડહર્સ્ટ મિલિટરી એકેડેમીમાં પ્રવેશ પામવાની લાયકાત પ્રાપ્ત થતી હતી. શ્રી બીલી-મોરિયા થોડા સમય માટે ગુજરાત કોલેજના વિદ્યાર્થી હતા. તેઓ એક સારા અભ્યાસી અને રમતગમતના ખેલાડી હતા. તેઓ ક્રિકેટ અને ટેનિસ રમતા હતા. સમગ્ર અમદાવાદની ઇન્ટરક્લબ સિંગલ્સ ટેનિસ ટૂર્નામેન્ટમાં સર નવરોજી વકીલ કપના તેઓ પ્રથમ વિજેતા હતા.[4] 'ગુજરાત કૉલેજ મૅગેઝીન'માં એમના વિષે માહિતી આપતાં ફીરોઝ દાવરે એવી આશા વ્યક્ત કરી હતી કે તેઓ હિંદના એક અદના લશ્કરી અધિકારી તરીકે તેમની સેવાઓ આપશે.[5] ૧૯૩૧માં તેઓની હિંદના લશ્કરમાં ભરતી થઈ હતી.[6]

૧૯૨૬ના ઑક્ટોબરની તા. ૨૦ મીએ શ્રી બીલીમોરિયાએ આચાર્ય શીરાઝ પર લખેલા પત્રમાં, ૧૧ વર્ષ પછી નોર્થકોટ શીલ્ડ (Northcote Shield) ) કૉલેજમાં પાછું લાવવા માટે આચાર્ય શીરાઝ, ક્રિકેટ મેચના સંચાલક પ્રોફેસરો તેમ જ ક્રિકેટના ખેલાડીઓને અભિનંદન આપ્યાં હતાં.[7]

**શ્રી જાલ એસ. કામાને** પણ 'ઇન્ડિયન મિલિટરી એકે-ડેમી'માં પ્રવેશ મળ્યો હતો.[8]

## અન્ય ક્ષેત્રોમાં આગળ અભ્યાસ

૧૯૩૮માં મળતી માહિતી મુજબ **શ્રી ચંદુલાલ પી. ભટ્ટ** પ્રથમ એલએલ.બી.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ થયા હતા. ગુજરાત લૉ સોસાયટીએ એમની સફળતાની કદર કરીને ખાસ શિષ્યવૃત્તિ આપી હતી. તેઓ કૉલેજની 'લિટરરી ક્લબ'ના સ્થાપક સભ્યોમાંના એક અને ક્લબના પ્રથમ અને સૌથી ઉત્સાહી મંત્રી હતા.[૯] શ્રી ભટ્ટને રોમન કાયદાના પેપરમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ મુંબઈ યુનિવર્સિટી તરફથી કિન્લૉક ફૉર્બ્સ સુવર્ણચંદ્રક અને પારિતોષિક મળ્યાં હતાં, અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ અમદાવાદ કેન્દ્રમાંથી પ્રથમ આવવા બદલ ફુલ્ટોન લૉ પારિતોષિક આપ્યું હતું. એમને ગુજરાત લૉ સોસાયટી તરફથી છગનલાલ હરિલાલ કાયદાનું પારિતોષિક પણ મળ્યું હતું.[૧૦]

## જાહેર સેવા પંચની પરીક્ષાઓ

બ્રિટિશ શિક્ષણનો એક મુખ્ય હેતુ હિંદમાંથી સારા વહીવટી અમલદારો મેળવવાનો પણ હતો. ૧૯૩૧માં જાહેર સેવા પંચના પ્રમુખ (the Chairman of the Public Service Commission) સર રોસ બરકેરે આચાર્ય શીરાઝનું આ પરત્વે ધ્યાન દોર્યું હતું. એમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ આઈ.સી.એસ. પરીક્ષાની સ્પર્ધા માટે તૈયાર થતા નથી. નાણા વિભાગ અને અન્ય વિભાગોની સ્પર્ધાત્મક પરીક્ષામાં પણ રસ બતાવતા નથી. મદ્રાસ અને અલ્લાહાબાદ આ બાબતમાં અમદાવાદ અને મુંબઈથી આગળ હતાં.[૧૧]

આ ક્ષેત્રે ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓ ધીરે ધીરે આગળ વધતા જોવા મળે છે. ગુજરાત કૉલેજના સ્નાતક **શ્રી એન. એમ. બૂચે** આઈ.સી.એસ.માં સફળતા પ્રાપ્ત કરી હતી એવી માહિતી

આપણને ૧૯૩૨ના ફેબ્રુઆરીના 'ગુજરાત કૉલેજ મૅગેઝીન'માં જોવા મળે છે.[૧૨]

૧૯૩૨માં **શ્રી એસ.એમ. કાદરીએ** લંડનમાં લેવાયેલી આઈ.સી.એસ. પરીક્ષામાં સફળતા પ્રાપ્ત કરી હતી. એમણે ૧૯૨૯માં અભ્યાસ પૂરો થવાથી કૉલેજ છોડી હતી.[૧૩]

**શ્રી તરલોકસિંઘ** પણ આઈ.સી.એસ. થનારા વિદ્યાર્થી હતા. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન'ના અભ્યાસ દરમ્યાન આપણને એમની પ્રથમ ઓળખાણ ૧૯૩૧માં થાય છે. એ વર્ષના સપ્ટેમ્બરના મૅગેઝીનમાં એમનો 'ધ કૉન્સ્ટિટ્યૂશનલ હિસ્ટ્રી ઑફ સેકશનલ રિપ્રેઝેન્ટેશન ઇન ઇન્ડિયા' શીર્ષક લેખ છપાયો હતો.[૧૪] આમ તેઓ ગુજરાત કૉલેજના એક અભ્યાસી, લેખ લખનાર વિદ્યાર્થી તરીકે આપણી સમક્ષ આવે છે. એમણે ૧૯૩૦ના સપ્ટેમ્બરની ૨૮મી તારીખે 'સોસાયટી ટ્વેન્ટી એઈટ' (Society '28)ના ઉપક્રમે 'ડિસઆર્મામેન્ટ' પર લેખ વાંચ્યો હતો.[૧૫]

'ધ લિટરરી ઍન્ડ ડિબેટિંગ યુનિયન' તરફથી યોજાયેલ વાર્ષિક શીઘ્રવક્તૃત્વ સ્પર્ધામાં તરલોકસિંઘને (જુનિયર બી.એ.) પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું.[૧૬] આ હકીકતનો ઉલ્લેખ ૧૯૩૩ના ફેબ્રુઆરીના મૅગેઝીનમાં પણ છે. શ્રી તરલોક સિંઘ અલ્લાહાબાદ ખાતે યોજાયેલ સમગ્ર હિંદની આંતર યુનિવર્સિટી વક્તૃત્વ સ્પર્ધામાં ગુજરાત કૉલેજના પ્રતિનિધિ તરીકે ગયા હતા.[૧૭] એ જ વર્ષે કૉલેજ મૅગેઝીનમાં 'જેમ્સ ટેઇલર પારિતોષિક વિજેતા, લૉર્ડ મિન્ટો સ્કૉલર અને કૉબ્ડેન કલબ ચંદ્રક' વિજેતા તરીકે શ્રી તરલોકસિંઘનો ઉલ્લેખ થયો હતો.[૧૮] બી.એ.માં અર્થશાસ્ત્ર વિષયમાં પ્રથમ આવવા માટે[૧૯] અર્થશાસ્ત્ર વિષયનું ગેરેટ પારિતોષિક (Garrett Prize) પ્રાપ્ત થયું હતું.[૨૦]

સ્નાતક કક્ષાની ઉપાધિ પ્રાપ્ત કર્યા પછી કૉલેજના ત્રણ

વિદ્યાર્થીઓ કુ. ભારતી સારાભાઈ, શ્રી સુહૃદ અંબાલાલ સારાભાઈ અને તરલોકસિંઘ આગળ અભ્યાસ કરવા માટે પરદેશ ગયાં હતાં. બંને સારાભાઈ ઓક્સફર્ડ ગયાં હતાં અને તરલોકસિંઘ લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા હતા.[૧૨]

૧૯૩૬ના સપ્ટેમ્બરના મૅગેઝીનમાં 'સ્ટૉપ પ્રેસ' મથાળા હેઠળ જણાવાયું હતું કે તરલોકસિંઘ બી.એસસી.ને (લંડન) ઇન્ડિયન સિવિલ સર્વિસની સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા પ્રાપ્ત થઈ હતી.[૨૨]

૧૯૩૭ના ફેબ્રુઆરીના મૅગેઝીનમાં તરલોકસિંઘે ગુજરાત કૉલેજના આચાર્યશ્રી સાથે કરેલા પત્રવ્યવહારમાંથી કેટલાક ઉતારાઓ આપવામાં આવ્યા હતા. એનો થોડો અનુવાદ અત્રે આપ્યો છે:

"મને હંમેશા એવું લાગ્યું છે કે, સંજોગોની મિલાવટને કારણે જે બે વર્ષો મેં કૉલેજમાં વિતાવ્યાં, તેનું મારા જીવનમાં બીજા કોઈ સંજોગો કરતાં વધારે મહત્ત્વ છે. આ તક મળવા માટે હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી સમજું છું."

"હું 'સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ'માં સમાજશાસ્ત્રનાં વ્યાખ્યાનો આપું છું અને અંગત રીતે થોડું ગણિત કરું છું. આપણા દેશમાં ખેતીના ક્ષેત્રમાં કંઈક રચનાત્મક કાર્ય થાય એમ હું ઇચ્છું છું. ××× હું અહીં જર્મનીમાં સામાજિક સેવાઓની નાણાકીય વહીવટની મશીનરીની સમગ્ર પદ્ધતિનો અભ્યાસ શરૂ કરીશ. મારી નજર ૧૯૪૦ના પ્રારંભના હિંદ પર છે."

"મને લાગે છે કે હિંદમાં જાહેર સેવા (Public Service) સામાજિક સુધારણા માટેનું સાચું સાધન બની શકશે, જોકે એને જનમતનો ટેકો હોવો ઘટે ×××."[૨૩]

# જાહેર જીવનમાં ફાળો

ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાંથી કેટલાક અમદાવાદ શહેર તેમ જ ગુજરાત અને મુંબઈ પ્રાંતમાં અગ્રણી સ્થાન ભોગવતા હતા.

૧૯૨૯માં **શ્રીમતી શારદાબહેન સુમન્ત મહેતાને** મુંબઈ યુનિવર્સિટી સેનેટમાં સ્થાન મળ્યું હતું.[૨૪] શારદાબહેન અને એમનાં મોટાંબહેન **શ્રીમતી વિદ્યાગૌરી નીલકંઠ** મુંબઈ યુનિવર્સિટીનાં પ્રથમ સ્ત્રી સ્નાતિકાઓ હતાં. શારદાબહેનનો ફાળો મહિલા શિક્ષણના ક્ષેત્રમાં ઉલ્લેખનીય છે. એમણે અમદાવાદમાં 'મહિલા વિદ્યાલય' અને 'મહિલા પાઠશાળા' અનુક્રમે મહિલા શાળા અને મહિલા કૉલેજ શરૂ કરવા માટે અથાક પ્રયત્નો કર્યા હતા.[૨૫] શારદાબહેન આગળ જતાં હિંદ મહિલા યુનિવર્સિટીના ઉપકુલપતિપદે નિમાયાં હતાં અને કૉલેજના વાર્ષિકોત્સવમાં કૉલેજના આમંત્રણથી હાજર રહ્યાં હતાં.[૨૬]

**સર રુસ્તમ જહાંગીર વકીલ (૧૮૭૮–૧૯૩૩) :** ૧૯૩૪ના ફેબ્રુઆરીના કૉલેજના મૅગેઝીનમાં સ્વ. સરદાર સર રુસ્તમ વકીલનો ફોટોગ્રાફ જોવા મળે છે. એમનો જન્મ ભરૂચમાં ૧૮૭૮ના સપ્ટેમ્બરમાં થયો હતો. એમનું અવસાન ૧૯૩૩માં નવેમ્બરની તારીખ પહેલીએ થયું હતું. આ મૅગેઝીનમાં એમના વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.[૨૭]

ગુજરાતમાં તેમનું એક વેપારી તરીકે અને ગુજરાતના ઉદ્યોગોના ડિરેક્ટર તરીકે આગવું સ્થાન હતું. કૉન્ટ્રાક્ટર, વેપારી કે મિલ-માલિક તરીકે એમની શાખ ઘણી સારી હતી. તેઓ અમદાવાદના મેયરપદે પણ હતા. જિલ્લા સ્થાનિક બોર્ડના પ્રમુખ તરીકે એમણે અમદાવાદની સ્વચ્છતા અને પ્રાથમિક શિક્ષણના વિકાસમાં સારો ફાળો નોંધાવ્યો હતો.

રુસ્તમ જહાંગીર વકીલ એમનાં માતાપિતાના સૌથી નાના અગિયારમા સંતાન હતા. પિતૃપક્ષે તેઓ અમદાવાદના એક સૌથી જૂના પારસી કુટુંબ સાથે સંકળાયેલા હતા. આ કુટુંબ સરકારના કૉન્ટ્રેક્ટ લેવાનું કામ કરતું હતું. રાજપૂતાના–માળવા રેલવેના બાંધકામમાં આ કુટુંબની બે પેઢીએ કામગીરી બજાવી હતી.

એમનાં માતા ભરૂચના પ્રખ્યાત વેપારી સ્વ. સરદાર આદરજી એમ. દલાલનાં બહેન હતાં. તેમણે ૯૦ વર્ષથી અધિક આયુષ્ય ભોગવ્યું હતું. તેઓ સુશિક્ષિત હતાં અને સાહિત્યમાં રસ ધરાવતાં હતાં. રુસ્તમજીના સૌથી નાના કાકા સ્વ. ખાન બહાદુર જહાંગીરજી પેસ્તનજી વકીલ નિઃસંતાન હતા. એમણે બાળક રુસ્તમને દત્તક લીધા હતા. આથી એ કાકાના મૃત્યુ પછી એમને વારસામાં સારી એવી સમૃદ્ધિ મળી હતી.

આગળ જતાં એક સમયના ગુજરાત કૉલેજના રમતગમતના આ નોંધપાત્ર ખેલાડીએ જાહેર જીવનમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.[૨૮] અમદાવાદના કુશળ અને શક્તિશાળી કલેક્ટર શ્રી ડબ્લ્યુ. ડૉડેરેટે પ્રારંભથી રુસ્તમના જાહેર જીવનના વિકાસમાં રસ લીધો હતો. આ મૈત્રીએ એમના વ્યક્તિગત વિકાસને ઝડપી બનાવવામાં ફાળો આપ્યો હોય એ હકીકત સમજાય એવી છે.

૧૯૦૭માં રુસ્તમજી ખાનબહાદુર બન્યા હતા. ૧૯૧૧માં ગુજરાતના પ્રથમ વર્ગના સરદાર બન્યા હતા. ૧૯૨૪માં એમને નાઇટનો ઇલકાબ મળ્યો હતો. ૧૯૧૩થી ૧૯૧૬ દરમ્યાન એમણે 'ઓલ્ડ ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ'માં ગુજરાતના સરદારોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. રુસ્તમજીના જૂના મિત્ર સર ક્લાઉડ હિલ, વાઇસરૉયની કારોબારી કાઉન્સિલના ગૃહસભ્ય હતા.

રુસ્તમજીની આગતાસ્વાગતા અને રીતભાતને કારણે એમના મિત્રમંડળમાં ખૂબ સારી વ્યક્તિઓનો સમાવેશ થયો હતો. પંડિત

મદનમોહન માલવિયા, સર ઇબ્રાહીમ રહીમતુલ્લા અને સર ચીમન-લાલ સેતલવડ જેવા એમના મિત્રો હતા.

તેઓએ પ્રથમ કક્ષાના માનદ ન્યાયાધીશ તરીકે નિષ્પક્ષ સેવાઓ બજાવી હતી.

૧૯૩૦માં સર ફ્રેડરિક સાઈકસે એમને સ્થાનિક સ્વરાજ્યની સરકારનું દફતર સોંપ્યું હતું. ત્યારથી એમની પ્રધાન તરીકેની કાર-કિર્દીનો પ્રારંભ થયો હતો. તેઓ લોકલ બોર્ડ અને મ્યુનિસિપાલિટી-ઓના પ્રધાન તરીકે નિમાયા હતા. તેઓ માત્ર પ્રાંતોના સરદારો, તાલુકદારો અને ઇનામદારોમાં જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતમાં ખૂબ લોકપ્રિય હતા. તેમની નીતિ રાજકારણથી દૂર રહેવાની હતી. એમની કામગીરી દરમ્યાન કેટલાક મહત્ત્વના ખરડાઓ આવ્યા હતા જેવા કે ગ્રામ પંચાયત ખરડો, કરાંચી મ્યુનિસિપાલિટી ખરડો અને તોલમાપનાં ધારાધોરણનો ખરડો. આ સમયે એમણે એક કુશળ વહીવટકર્તા અને જાહેર નેતા તરીકેની આગવી શક્તિ દાખવી હતી.

મૃત્યુ સમયે તેઓ ગ્રામ તબીબી રાહતની સમસ્યા સાથે સંકળાયેલા હતા. પ્રથમ તબક્કે એક વેપારી હોવા છતાં તેમના રસના વિષયો વિવિધ હતા. તેમણે અમદાવાદમાં કરેલું મ્યુનિસિપલ કાર્ય, બોમ્બે હોસ્પિટલના સંદર્ભમાં આપેલી તેમની સામાજિક સેવાઓ, જિલ્લા સ્કાઉટ માસ્ટર તરીકેની તેમની કામગીરી અને સેન્ટ જૉન ઍમ્બ્યુલન્સ બ્રિગેડના જિલ્લા કક્ષાના સુપરિન્ટેન્ડેન્ટ તરીકેની તેમની સેવાઓ નોંધપાત્ર છે.

ગુજરાત કૉલેજનું સંચાલન કાર્ય સરકાર હસ્તક ગયું ત્યાં સુધી એટલે કે ૧૯૧૨ સુધી તેઓ કૉલેજ બોર્ડના સક્રિય સભ્ય હતા.

રુસ્તમજીના ટ્રસ્ટીઓએ આંતરકોલેજ ચેમ્પિયનશિપ માટે પ્રવીણકાન્ત કપ ભેટ આપ્યો હતો.

૧૯૩૬માં મળતી માહિતી મુજબ **શ્રી એમ. હકીમ** નાયબ ન્યાયાધીશપદે નિમાયા હતા. તેઓ ગુજરાત કોલેજના અર્થશાસ્ત્રના વિદ્યાર્થી હતા. એમણે અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં શાહપુરનું પ્રતિનિધિત્વ કર્યું હતું.[૨૯]

૧૯૩૯ના જાન્યુઆરીની ૨૧મી તારીખે **શ્રી બળવંતરાય પ્રમોદરાય ઠાકોર**નું અવસાન થયું હતું. તેઓ આ કોલેજના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા. એમનો ગુજરાત કોલેજ મૅગેઝીનમાં ફોટો આપવામાં આવ્યો હતો. પ્રોફેસર દાવરે મૅગેઝીનમાં એમના વિષે લેખ લખ્યો હતો.[૩૦] શ્રી બળવંતરાય ઠાકોર એ સમયના મુંબઈ પ્રાંતના શૈક્ષણિક, રાજકીય અને સામાજિક જીવનમાં ખૂબ આગવું સ્થાન ધરાવતા હત. તેઓ અમદાવાદ શહેરના મેયરપદે રહી ચૂકયા હતા. તેઓ મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના પ્રમુખ હતા. મુંબઈ યુનિવર્સિટી અને મહિલાઓની એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે પણ તેઓ સંકળાયેલા હતા. સ્થાનિક શિક્ષણ સમાજમાં (Local Education Society) તેઓ ખૂબ જ સક્રિય હતા. તેઓએ આગળ જતાં અમદાવાદની જાણીતી પ્રોપાયટરી હાઈસ્કૂલ — દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળાની સ્થાપના કરી હતી.

કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી સી. એ. દલાલ** મિલમાલિક મંડળના લેબર ઑફિસર તરીકે નિમાયા હતા. તેઓનું દેવલાલી ખાતે મૃત્યુ થયું હતું. આ સમાચાર પણ કોલેજ મૅગેઝીનમાં છપાયા હતા. એમણે માત્ર કોલેજના વર્ગોમાં જ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત નહોતું કર્યું, કોલેજની અન્ય પ્રવૃત્તિઓ અને ખેલકૂદમાં પણ નોંધપાત્ર સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેઓ કોલેજની 'ડ્રામેટિક સોસાયટી'ના પ્રથમ મંત્રી હતા. એમણે કોલેજમાં ભજવાતાં નાટકો તૈયાર કરવામાં

ફાળો આપ્યો હતો.

શ્રી સી. એ. દલાલે મુંબઈ અને લંડનમાં આગળ અભ્યાસ કરીને બ્રિટિશ મિલ ઉદ્યોગની ટેક્નિકલ બાજુનું સઘન, સૈદ્ધાંતિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત બ્રિટિશ મજૂર મંડળોની કામગીરીનું જ્ઞાન પણ એમની પાસે હતું.[31]

**ડૉ. આનંદશંકર ધ્રુવનું** અવસાન ૧૯૪૨ના એપ્રિલની સાતમી તારીખે ૭૩ વર્ષની ઉંમરે થયું હતું. ૧૯૪૩ના ફેબ્રુઆરીના મેગેઝીનમાં પ્રો. દાવરે એમના વિષે લેખ આપ્યો હતો.[32] તેઓ આ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા. એમણે ગુજરાત કૉલેજમાં ૨૭ વર્ષ સુધી સંસ્કૃતના પ્રોફેસર તરીકે કામગીરી બજાવી હતી. પ્રસંગોપાત્ત એમણે અંગ્રેજીના તેમ જ તત્ત્વજ્ઞાનના પ્રોફેસર તરીકે પણ કામગીરી બજાવી હતી. તેઓ ૧૯૦૭થી ૧૯૦૮ દરમ્યાન ગુજરાત કૉલેજના આચાર્યપદે હતા તેઓ એક વિદ્વાન સંત હતા.

૧૯૨૦થી એમની પ્રતિષ્ઠા દિનપ્રતિદિન વધતી જતી હતી. ગાંધીજી અને સ્વ. સર લલ્લુભાઈ એ. શાહે એમનું નામ પંડિત મદનમોહન માલવિયાને સૂચવ્યું હતું અને તેઓ બનારસ હિંદુ યુનિવર્સિટીના આચાર્યપદે નિયુક્ત થયા હતા. એમણે પ્રો-વાઇસ-ચાન્સેલર તરીકે પણ કામ કર્યું હતું. એમને ડી.લિટ.ની માનદ ઉપાધિ એનાયત કરવામાં આવી હતી.

તેઓ 'વસન્ત' નામના માસિકના તંત્રી હતા. તેઓ અમદાવાદમાં ભરાયેલી બીજી પત્રકાર પરિષદ તેમજ છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદની સ્વાગત સમિતિના પ્રમુખ હતા. નડિયાદમાં ભરાયેલી નવમી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હતા. બનારસમાં ભરાયેલી બીજી તત્ત્વજ્ઞાન પરિષદના વરાયેલા વિભાગીય પ્રમુખ હતા. એ જ પરિષદની મદ્રાસ બેઠકના તેઓ પ્રમુખ હતા. ૧૯૩૩માં વડોદરામાં ભરાયેલી સમગ્ર હિંદની ઓરિયેન્ટલ પરિષદના વિભાગીય

પ્રમુખ હતા.

આંતર યુનિવર્સિટી બોર્ડના પ્રમુખપદે પણ એમની કેટલાંક વર્ષો સુધી નિયુક્તિ થઈ હતી. અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ, મુંબઈની ગુજરાત રિસર્ચ સોસાયટીના ઉપપ્રમુખ અને ૧૯૩૬થી અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (આજની ગુજરાત વિદ્યાસભા)ના પ્રમુખ હતા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં એમના માર્ગદર્શન હેઠળ શરૂ થયેલ અનુસ્નાતક સંશોધન વિભાગના માનદ ડિરેક્ટર હતા.

૧૯૪૬ ના જાન્યુઆરીની નવમી તારીખે **નાનાલાલ દલપતરામ કવિનું** અવસાન થયું હતું. તેઓ ૧૯૦૦માં આ કૉલેજના વિદ્યાર્થી હતા.[૩૩] તેઓ ગુજરાતના કવિઓમાં મોખરાનું સ્થાન ધરાવતા હતા.

૧૯૪૫ના જાન્યુઆરીની ૩૧મી તારીખે નાનાલાલના એક જૂના વિદ્યાર્થી – વાંસદાના મહારાવળ સર ઇંદ્રસિંહજીએ નાનાલાલનું તૈલચિત્ર કૉલેજને ભેટ આપ્યું હતું.[૩૪] (કવિ શ્રી રાજકોટની રાજકુમાર કૉલેજમાં પ્રાધ્યાપક હતા.) આ તૈલચિત્રનો અનાવરણવિધિ એમના એક બીજા જૂના વિદ્યાર્થી પોરબંદરના મહારાણા સર નટવરસિંહજીના હાથે કરવામાં આવ્યો હતો.

આમ પ્રારંભનાં વર્ષોમાં ગુજરાત કૉલેજ એકમાત્ર કૉલેજ હોઈ એના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાલના સમગ્ર ગુજરાત અને ત્યારના મુંબઈ પ્રાંતમાં શૈક્ષણિક, સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક જીવનમાં છવાઈ ગયેલા જોવા મળે એ સ્વાભાવિક છે.

## ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની કામગીરી

૧૯૩૯માં ગુજરાત કૉલેજ મૅગેઝીનનો સુવર્ણ જયંતી અંક બહાર પડયો હતો.[૩૪] આ અંકમાં કૉલેજના અગ્રણી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરીકે સર લલ્લુભાઈ આશારામ શાહ, શ્રી બલ્લુભાઈ

(બળવંતરાય) ઠાકોર, આચાર્ય આનંદશંકર ધ્રુવ, શ્રી ગણેશ વાસુદેવ માવળંકર અને ન્યાયાધીશ હરસિદ્ધભાઈ દિવેટિયાનો ઉલ્લેખ થયેલો છે.[૩૫] કૉલેજનો સુવર્ણ જયંતી ઉત્સવ ૧૯૩૮ના ડિસેમ્બરની ૧૨થી ૧૪ તારીખો દરમ્યાન ઊજવાયો હતો. આ ઉત્સવમાં કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉત્સવના પ્રમુખ તરીકે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન હતા.

## ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળનું સ્થાપના વર્ષ ૧૯૩૮ કે ૧૯૨૭?

૧૯૩૮ના ડિસેમ્બરની ૧૪મી તારીખે સવારમાં ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના પ્રમુખપદ હેઠળ ભેગા થયા હતા. હાજર રહેલામાં ડૉ. આનંદશંકર બી. ધ્રુવ, ગણેશ વાસુદેવ માવળંકર, જીવણલાલ દેસાઈ, નગીનલાલ દેસાઈ, આઈ. આર. ભગત વગેરે હતા. પ્રોફેસરોમાં વી. બી. દિવેટિયા, એસ. એમ. શાહ, એમ. એસ. શાહ અને દાવર હતા. આ સભાએ એવું ઠરાવ્યું હતું કે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને 'ઓલ્ડ બૉયઝ એસોસિયેશન'નું ઉદ્‌ઘાટન કરવું.

**"આ વિચાર ઘણાઓના મનમાં હતો પરંતુ હજી સુધી સાકાર થયો નહોતો. ડૉ. આનંદશંકર ધ્રુવના અધ્યક્ષપણા હેઠળ આ મંડળની સ્થાપના થઈ હતી."**[૩૬]

આ કથનોને આધારે સ્વાભાવિક રીતે જ એવું કહી શકાય કે 'ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયઝ એસોસિયેશન'ની સ્થાપના કૉલેજના સુવર્ણજયંતી' વર્ષમાં એટલે કે ૧૯૩૮માં થઈ હતી. બીજી બાજુ ૧૯૨૭ના વર્ષમાં મળતી માહિતી આ મંડળની સ્થાપના ૧૯૨૭માં થઈ હતી એવું સ્પષ્ટ સૂચવે છે.

આ પ્રાપ્ય માહિતીના આધારે એમ કહી શકાય કે ૧૯૨૭માં

આ મંડળની સ્થાપના થઈ હોવા છતાં પ્રમાણમાં આ મંડળ એટલું સક્રિય નહિ રહ્યું હોય. આથી એની સ્થાપના ૧૯૨૭માં થઈ હતી એ હકીકત અવગણવામાં આવી હોય એવો સંભવ છે. વળી બીજું શક્ય કારણ એ છે કે ઝડપથી વિકાસ પામતી જતી રાષ્ટ્રીય ચેતના સામ્રાજ્યવાદી મિજાજ ધરાવતા આચાર્ય શીરાઝની કામગીરીને કોરાણે મૂકવામાં જાણ્યેઅજાણ્યે મદદરૂપ બની હોય. આ સાથે રાષ્ટ્રીય ચેતનાના ઉજ્જવળ પ્રતીકસમા ડૉ. રાધાકૃષ્ણનને આ સ્થાપના સાથે સાંકળવાનું પણ આ સંદર્ભમાં શક્ય બન્યું હોય એમ જણાય છે.

આચાર્ય જી. ડી. ફિન્ડલે શીરાઝને કોલેજ તરફથી ૧૯૩૯ના માર્ચની ૧૧મી તારીખે વિદાય અપાઈ છે.[૩૭] આથી એક શક્યતા એ પણ છે કે આ દીર્ઘદષ્ટિવાળા આચાર્યે હિંદના સમકાલીન રાષ્ટ્રીય મિજાજને પિછાનીને પોતે નિવૃત્ત થતા પહેલાં કોલેજના પ્રશંસાપાત્ર બનવા, ડૉ. રાધાકૃષ્ણનને મંડળના ઉદ્‌ઘાટક તરીકેનું બહુમાન આપવાનું વિચાર્યું હોય. આ રીતે એમણે પોતાના સામ્રાજ્યવાદી મિજાજની છાપ ભૂંસવાનો પણ પ્રયત્ન કર્યો હોય.

ટૂંકમાં એમ કહી શકાય કે ૧૯૨૭માં આ મંડળની સ્થાપના થઈ હતી અને ફરી ૧૯૩૮માં એની સ્થાપના કરવામાં આવી હતી.

ડૉ. રાધાકૃષ્ણને સુવર્ણ જયંતી પ્રસંગે આપેલા પ્રવચનમાં ગુજરાત કોલેજ ભૂતપૂર્વ વિદ્યાથી મંડળના સંદર્ભમાં જણાવ્યું હતું કે આવતા કપરા દિવસોમાં આ મંડળ સંક્રાન્તિને સરળ અને ધીમી બનાવશે.[૩૮] કોઈ પણ સંસ્થા જો જુવાનીના જુસ્સાને ટકાવી ન શકે તો જીવંત ન રહી શકે. યુવાનો સર્જનાત્મક છે અને જો યુવાનોને ગુમાવ્યા તો સંસ્થા મૃતપ્રાય બની જાય છે. સમાપન કરતાં એમણે જણાવ્યું હતું કે ગુજરાત કોલેજનું ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ, ગુજરાત યુનિવર્સિટીના સ્વપ્નને કેન્દ્રમાં રાખીને ગુજરાત કોલેજના વિકાસ માટે માર્ગદર્શન આપશે.

## ગુજરાત કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સભા

૧૯૪૧ના માર્ચની ૨૧મી તારીખે શુક્રવારે આ મંડળની વાર્ષિક સભા મળી હતી એવો ઉલ્લેખ કોલેજ મેગેઝીનમાં થયેલો છે. આ સભામાં ઘણા સ્થાનિક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર હતા. મંડળના ઉપપ્રમુખ દીવાન બહાદુર આચાર્ય એચ. એલ કાઝી (એમ.એ. બી.એસ.સી., આઈ.સી.એસ.)એ સભાનું પ્રમુખપદ સંભાળ્યું હતું.[૩૯]

આ સાથે આ મંડળના હોદ્દેદારોનાં નામો પણ આપવામાં આવ્યાં હતાં. મંડળના પ્રમુખ તરીકે ડૉ. આનંદશંકર ધ્રુવ હતા. ઉપપ્રમુખપદે આચાર્ય આર. પી. પટવર્ધન, સર મહેબૂબ કાદરી અને શેઠ અંબાલાલ સારાભાઈ હતા. મંત્રીઓ તરીકે પ્રો. એસ. એમ. શાહ અને ડી. સી. શુકલ હતા. ખજાનચી તરીકે પ્રો. ડી. એમ. પટેલ હતા. કાર્યવાહક સમિતિના સભ્યોમાં ખાનબહાદુર એચ. પી. ચાહેવાલા, પ્રો. એફ. સી. દાવર, જે. એચ. દીવાન, શેઠ મગનભાઈ ભીખાભાઈ, ખાનસાહેબ જે. એસ. કામા, પેસ્તનજી વકીલ, ડૉ. એમ. એસ. શાહ અને બટુક સી. દેસાઈ હતા.

ગુજરાત કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સભામાં દીવાન બહાદુર એચ. એલ. કાઝીએ 'મૉડર્ન જ્યૉગ્રોફી' પર પ્રવચન આપ્યું હતું. ૧૯૪૧ના ઑગસ્ટની પાંચમી તારીખે મંડળની કાર્યવાહક સમિતિની સભામાં આ સમિતિના સભ્યો તરીકે શાંતિલાલ મંગળદાસ અને પ્રોફેસર ડી. એ. ધ્રુવને કો-ઑપ્ટ કરવામાં આવ્યા હતા. આ સમયે મંડળના કુલ સભ્યો ૪૨ હતા. આમાંથી ૨૫ આજીવન સભ્યો હતા. આમ મંડળની સભ્યસંખ્યા ઓછી હતી એમ કહી શકાય.

આ મંડળે મુંબઈના વી. વી. વાઘ પાસે સ્વ. સર ચીનુભાઈ માધવલાલ બૅરોનેટની પૂરા કદની આરસની પ્રતિમા તૈયાર કરાવી હતી.

૧૯૩૧ના ફેબ્રુઆરીના કોલેજના મેગેઝીનમાં અપાયેલી માહિતી અનુસાર પ્રોફેસર એસ. એમ. શાહ અને ડી. સી. શુકલે નીચેનો અહેવાલ લખી મોકલ્યો હતો:

"પ્રખ્યાત મૂર્તિકાર શ્રી વાઘે સ્વ. સર ચીનુભાઈ માધવલાલ, પ્રથમ બૅરોનેટની પૂરા કદની આરસની પ્રતિમા લગભગ તૈયાર કરી દીધી છે. આ પ્રતિમાની અનાવરણ વિધિ મોટેભાગે બીજા સત્રના પ્રારંભમાં થશે."[૪૦]

આ મંડળના આ સમયે કુલ ૫૮ સભ્યો હતા. એમાંથી ૩૮ આજીવન સભ્યો હતા. આમ ૧૯૪૧ના વર્ષ કરતાં સભ્ય સંખ્યા અને આજીવન સભ્ય સંખ્યા અનુક્રમે ૧૬ અને ૧૩ જેટલી વધી હતી. આમ સભ્ય નોંધણીનું કામ ધીરી ગતિથી ચાલતું હતું એમ કહી શકાય.

આ દરમ્યાન સ્વ. ચીનુભાઈ બૅરોનેટની આરસની પ્રતિમા તૈયાર થઈ ચૂકી હતી અને હવે એને કોલેજમાં ક્યાં મૂકવી એની વિચારણા થવાની હતી.

૧૯૪૩ના એપ્રિલની પાંચમી તારીખે મંડળના ઉપપ્રમુખ આચાર્ય આર. પી. પટવર્ધનનો વિદાય સમારંભ યોજાયો હતો.

મંડળે ગરીબ વિદ્યાર્થીઓ માટેનું ફંડ તૈયાર કર્યું હતું. આમાં રૂ. ૧,૧૯૬ એકત્ર થયા હતા.[૪૧]

આ મંડળે ડૉ. આનંદશંકર ધ્રુવ, સુહૃદ સારાભાઈ અને જીવણલાલ વી. દેસાઈનાં અવસાની સખેદ નોંધ લીધી હતી.[૪૨]

૧૯૪૩ના માર્ચની ૧૫મી તારીખે આ મંડળની વાર્ષિક સભા મળી હતી.[૪૩] આચાર્ય પટવર્ધન એના પ્રમુખપદે હતા.

આ મંડળના પ્રમુખપદે સર મહેબૂબ આઈ. કાદરી (બી.એ., એલએલ.બી., સી.ઈ.ઇ., કે.ટી.) હતા. ઉપપ્રમુખ તરીકે ગુજરાત

કૉલેજના આચાર્ય હતા. આ ઉપરાંત શેઠ શાંતિલાલ મંગળદાસ, પેસ્તનજી એન. વકીલ (એમ.એ.), પ્રો. વી. બી. દ્વિવેટિયા (એમ.એ.) પ્રો. ડી. એ. ધ્રુવ (એમ.એ. બાર ઍટ-લૉ), ખાન સાહેબ જે. એસ. કામા (બી.એ., એલએલ.બી.) બટુક સી. દેસાઈ (બી.એસસી.) અને પ્રો. જે. બી. શાંડિલ્ય (એમ.એસસી.) હતા.

૧૯૪૩ના માર્ચની ૨૩મી તારીખે આ મંડળની કાર્યવાહક સમિતિની સભા મળી હતી. આ સભામાં સમિતિના સભ્યો તરીકે ચૈતન્યપ્રસાદ એમ. દીવાનજી અને એચ. એન. પારેખ (બી.એ., એલએલ.બી.) ને કૉ-ઑપ્ટ કરવામાં આવ્યા હતા.

આ મંડળ વિષે ગુજરાત કૉલેજ મૅગેઝીનમાંથી મળતી આ બધી માહિતી ભાવિ સંશોધનની કેડી કંડારવામાં મદદરૂપ બની શકે એમ છે.

## પાદટીપ

૧. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૧૫, સપ્ટેમ્બર ૧૯૨૯, નં. ૧, પૃ. ૨૫.
૨. જુઓ પરિશિષ્ટ–૧ : 'બ્રિટનમાં અભ્યાસ કરતા ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ (૧૯૨૫–૧૯૨૮).'
૩. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૧૫, સપ્ટેમ્બર ૧૯૨૯, નં. ૧, પૃ. ૪૧.
૪. એજન, પુ. ૧૪, સપ્ટેમ્બર ૧૯૨૮, નં. ૧, પૃ. ૫૯.
૫. એજન, પુ. ૧૫, ફેબ્રુઆરી ૧૯૩૦, નં. ૨, પૃ. ૩૮.
૬. એજન, પુ. ૧૭, સપ્ટેમ્બર ૧૯૩૧, નં. ૧, પૃ. ૭.
૭. એજન, પુ. ૨૪, ફેબ્રુઆરી ૧૯૩૭, નં. ૨, પૃ. ૨૯.
૮. એજન, પુ. ૨૩, ફેબ્રુઆરી ૧૯૩૬, નં. ૨, પૃ. ૯.
૯. એજન, પુ. ૨૫, ફેબ્રુઆરી ૧૯૩૮, નં. ૨, પૃ. ૫.

૧૦. એજન, પુ. ૨૬, સપ્ટેમ્બર ૧૯૩૮, નં. ૧, પૃ. ૫.
૧૧. એજન, પુ. ૧૬, ફેબ્રુઆરી ૧૯૩૧, અનુ. નં. ૩૧, પૃ. ૯.
૧૨. એજન, પૃ. ૩૯.
૧૩. એજન, પુ. ૧૯, ફેબ્રુઆરી ૧૯૩૩, નં. ૨, પૃ. ૯.
૧૪. એજન, પુ. ૧૭, સપ્ટેમ્બર ૧૯૩૧, નં. ૧, પૃ. ૩૯.
૧૫. એજન, પૃ. ૪૫.
૧૬. એજન, પુ. ૧૮, ફેબ્રુઆરી ૧૯૩૨, નં. ૨, પૃ. ૪૫.
૧૭. એજન, પુ. ૧૯, ફેબ્રુઆરી ૧૯૩૩, નં. ૨, પૃ. ૪૨
૧૮. એજન, પુ. ૨૦, સપ્ટેમ્બર ૧૯૩૩, નં. ૧, પૃ. ૧.
૧૯. એજન, પૃ. ૩.
૨૦. એજન, પૃ. ૮.
૨૧. એજન, પૃ. ૩૯.
૨૨. એજન, પુ. ૨૪, સપ્ટેમ્બર ૧૯૩૬, નં. ૧, પૃ. ૮.
૨૩. એજન, પુ. ૨૪, ફેબ્રુઆરી ૧૯૩૭, નં. ૨, પૃ. ૨૯.
૨૪. એજન, પુ. ૧૫, સપ્ટેમ્બર ૧૯૨૯, નં. ૧, પૃ. ૩.
૨૫. એજન, પૃ. ૪.
૨૬. એજન, પુ. ૩૧, ફેબ્રુઆરી ૧૯૪૪, નં. ૧–૨, પૃ. ૨.
૨૭. એજન, પુ. ૨૦, ફેબ્રુઆરી ૧૯૩૪, નં. ૨, પૃ. ૨ થી ૪ અને પૃ. ૧૭ થી ૨૨.
૨૮. એજન, પુ. ૧૬, ફેબ્રુઆરી ૧૯૩૧, નં. ૨, પૃ. ૯.
૨૯. એજન, પુ. ૨૩, ફેબ્રુઆરી ૧૯૩૬, નં. ૨, પૃ. ૯.
૩૦. એજન, પુ. ૨૬, માર્ચ ૧૯૩૯, નં. ૨, પૃ. ૪૮.
૩૧. એજન, પુ. ૨૭, સપ્ટેમ્બર ૧૯૩૯, નં. ૧, પૃ. ૧.
૩૨. એજન, પુ. ૩૦, ફેબ્રુઆરી ૧૯૪૩, નં. ૧–૨, સંપાદકીય નોંધ, પૃ. ૫.
૩૩. એજન, પુ. ૩૨, ફેબ્રુઆરી ૧૯૪૬, નં. ૧–૨, પૃ. ૧ થી ૩.

૩૪. એજન, પુ. ૨૬, માર્ચ ૧૯૩૯, નં. ૨, ૧૮૭૯–૧૯૩૯ સુવર્ણ જયંતી અંક.
૩૫. એજન, સંપાદકીય નોંધ, પૃ. ૨.
૩૬. એજન, ૨૬, સંપાદકીય નોંધ, પૃ. ૪.
૩૮. એજન, પૃ. ૪. "In these difficult days ahead of us," said Sir S. Radhakrishnan, "the Old Boys' Association will help to make transition easy and gradual."
૩૯. એજન, પુ. ૨૯, ફેબ્રુઆરી ૧૯૪૨, નં. ૧–૨, પૃ. ૪૬.
૪૦. એજન, પૃ. ૬૪.
૪૧. જુઓ પરિશિષ્ટ ૨ : 'ધ ગુજરાત કોલેજ ઓલ્ડ બૉયૂઝ એસોસિયેશન પુઅર બૉયઝ ફંડ'.
૪૨. ગુજરાત કોલેજ મેગેઝીન', પુ. ૩૦, ફેબ્રુઆરી ૧૯૪૩, નં. ૧–૨, સંપાદકીય નોંધ, પૃ. ૪.
૪૩. એજન, પુ. ૩૧, ફેબ્રુઆરી ૧૯૪૪, નં. ૧–૨, પૃ. ૩૯, ૪૦.

પરિશિષ્ટ-૨

# બ્રિટનમાં અભ્યાસ કરતા ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ (૧૯૨૫-૧૯૨૮)[1]

| S.N. Name | Studies | Year of arrival |
|---|---|---|
| 1. Mehta, M.P. | M.S. (Manchester) | 1925 |
| 2. Patel, D.M. | B.Sc., Royal College of Sc. | ,, |
| 3. Patel, G.M. | B.Sc., City and Guilds | ,, |
| 4. Patel, Shivabhai | B.Sc., City and Guilds | ,, |
| 5. Master, I.K. | B.Sc. (iii), London School of Economics | 1926 |
| 6. Patel, A.J. | Bar | ,, |
| 7. Patel, D.P. | Bar | ,, |
| 8. Petel, Jethabhai C. | B. Sc. (iii), City and Guilds | ,, |

૧. 'ગુજરાત કૉલેજ મેગેઝીન', સપ્ટેમ્બર ૧૯૨૯, નં. ૧, પૃ. ૨૬. લંડનથી શ્રી સી.એ. દલાલે લખેલ પત્રના આધારે.

| | | |
|---|---|---|
| 9. Shaikh, K.G. | B.A. (iii), University College | ,, |
| 10. Bhatt, M.M. | Bar | 1927 |
| 11. Cambatta, S.N. | B.Sc. (ii)[2], City and Guilds | ,, |
| 12. Dalal, C.A. | B.Sc. (ii), London School of Economics | ,, |
| 13. Gore, Z.Y. | B.Sc. (ii), City and Guilds | ,, |
| 14. Gore, V.Y. | B.Sc. (ii), City and Guilds | ,, |
| 15. Kansara, T.D. | B.A. (Ii), Cambridge | ,, |
| 16. Mehta, J.C. | B.Sc., Royal College of Sc. | ,, |
| 17. Patel, J.C. | B.Sc. (Ii), City and Guilds | ,, |
| 18. Patel, R.B. | Farady House | ,, |
| 19. Core, S.S. | Bar | 1928 |
| 20. Mansinghji, K.S. | Bar | ,, |
| 21. Mazumdar, B.K. | B.Com., London School of Economics | ,, |
| 22. Shelat, J. | | ,, |
| 23. Thadani, T.D. | B.Sc., Manchester | ,, |
| 24. Zala, S... | | ,, |
| 25. Gadkari, N... | | ,, |

૨. ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રમુખ.

## પરિશિષ્ટ-૨

# ધ ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયૂઝ એસોસિ-યેશન પુઅર બૉયૂઝ ફંડ

**[The Gujarat College Old Boys' Association Poor Boys' Fund]**

દાતાઓનાં નામ અને એમણે આપેલી રકમ નીચે મુજબ છે : *

| | રૂ. |
|---|---|
| ૧. ઠાકોરલાલ સી. મુન્શા | ૫૦૦/- |
| ૨. શેઠ નરોત્તમદાસ લાલભાઈ | ૧૦૦/- |
| ૩. આચાર્ય કે. આર. ગુંજીકર | ૧૦૦/- |
| ૪. શેઠ શાંતિદાસ મંગળદાસ | ૧૦૦/- |
| ૫. સર ચીનુભાઈ માધવલાલ | ૧૦૦/- |
| ૬. પ્રો. એસ. એમ. શાહ | ૫૦/- |
| ૭. પ્રો. એસ. એસ. ભાંડારકર | ૨૫/- |
| ૮. પ્રો. ડી. એ. ધ્રુવ | ૨૫/- |
| ૯. કુ. ભારતી સારાભાઈ | ૨૫/- |
| ૧૦. ટી. ડી. કંસારા | ૨૫/- |
| ૧૧. સી. એમ. દીવાનજી | ૨૫/- |
| ૧૨. આર. જી. સરૈયા | ૫/- |
| ૧૩. પ્રો. ડબ્લ્યુ. એચ. ગોલે | ૫/- |

* 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૩૧, ફેબ્રુઆરી ૧૯૪૪, નં. ૧-૨, પૃ. ૪.

# ૩

## રાષ્ટ્રીય ચેતના (૧૯૨૭–૧૯૪૭)

બ્રિટિશ સામ્રાજ્યવાદના હુંકાર નીચે હિંદની રાષ્ટ્રીય ચેતનાને ઘણા આઘાતો સહેવા પડ્યા. આ રાષ્ટ્રીય ચેતના ૧૮૫૭ના 'પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ', ૧૮૮૫માં રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના, ૧૯૦૫ના બંગાળના ભાગલા, ૧૯૨૦ની ગાંધીજીના નેતૃત્વ હેઠળની અસહકારની ચળવળ, ૧૯૩૦ની સવિનયભંગની ચળવળ તેમ જ વિવિધ સત્યાગ્રહો દરમ્યાન ઉત્તરોત્તર વિકાસ પામતી ગઈ અને સબળ બનતી ગઈ. એ ચેતનાનો સ્પર્શ ગુજરાત કોલેજ જેવી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાં અનુભવાય એ સ્વાભાવિક છે.

૧૯૨૦–૨૧ના અસહકારના આંદોલન સમયે લગભગ સો જેટલા વિદ્યાર્થીઓએ હાકલને માન આપી ગુજરાત કોલેજ છોડી દીધી હતી. આ સમયે **પ્રો. રામચંદ્ર આથવલે** અને **પ્રો. મહેશશંકર ગોડબોલેએ** (પ્રો. ગોડબોલેનું આખું નામ આપનાર શ્રી પાંડુરંગ ગણેશ દેશપાંડે, ઠે. ૩, પ્રજ્ઞા સોસાયટી, અમદાવાદ આજે આપણી વચ્ચે છે.) કોલેજની સરકારી નોકરી ફગાવી દીધી હતી. આમાંના ઘણા ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા હતા. ગુજરાતના રાષ્ટ્રીય શિક્ષણના જુવાળમાં ગુજરાત કોલેજના વિદ્યાર્થીઓ મોખરે હતા

અને ૧૯૨૧ના અમદાવાદના રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનમાં સ્વયં-સેવકો તરીકે સારી સંખ્યામાં જોડાયા હતા.[૧]

૧૯૨૭ના ફેબ્રુઆરીની ચોથી તારીખે ગુજરાત કોલેજના પ્રાંગણમાં યુનિયન જૅક ફરકાવવામાં આવ્યો[૨] ત્યારે જ કોલેજના સંવેદનશીલ વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને કર્મચારી વર્ગની રાષ્ટ્રીય ચેતનાને જરૂર કશુંક થયું જ હશે.

'ગુજરાત કોલેજ મૅગેઝીન'નો અભ્યાસ આ રાષ્ટ્રીય ચેતનાના જુવાળને સમજવામાં બહુ ઉપયોગી થઈ શકતો નથી; જોકે કેટલાક અણસાર અવશ્ય જોવા મળે છે. ૧૯૨૮ના ફેબ્રુઆરીના 'મૅગેઝીન'માં મુંબઈ યુનિવર્સિટી કાયદાની સુધારણાના ખરડા અંગે ચર્ચામાં યુનિ-વર્સિટીના સંદર્ભમાં ગવર્નરની સત્તાનો સ્પષ્ટ રીતે વિરોધ થતો દેખાય છે.[૩]

એ જ વર્ષમાં હિંદની રમતગમત માટેની ચળવળનો અણસાર જોવા મળે છે: હિંદની રમતગમત માટે સ્વતંત્ર મકાનની માગણી થયેલી જોવા મળે છે.[૪]

૧૯૨૮ના સપ્ટેમ્બરના મૅગેઝીનમાં શ્રી એ. એચ. તલાટી (સિનિયર બી.એ.) એ લખેલ લેખ 'ગુજરાતના ચરણે'માંથી કેટલુંક લખાણ અત્રે રજૂ કર્યું છે:

> "અત્યારની તારી બેહાલ દશા જોઈ ગુર્જરભૂમિના પ્રાચીન ગૌરવનું અભિમાન ધરાવનાર કયા ગુર્જરપુત્રને દુઃખ નહિ થાય? × × × કોઈ કહેશે કે આપણે પરાધીન છીએ, વળી કોઈ કહેશે કે સાધનોની અછત આપણી પ્રગતિ અટકાવે છે. ઉક્ત કારણો કદાચ સત્યથી વેગળાં નહિ હોય, પરંતુ એ કારણોને આપણે અન્ય કારણો કરતાં વધારે અગત્યનું સ્થાન ન આપી શકીએ. એક વિદ્વાને કહ્યું છે કે પરતંત્રતા સ્વાતંત્ર્યનું મૂળ છે. પરતંત્રતાની મુશ્કેલીઓ તથા તેમાં નડતી

મૂંઝવણો આપણને સ્વાતંત્ર્યનો અમૂલ્ય બોધપાઠ શીખવે છે."[5]

આમાં લેખક વિદ્યાર્થીની રાષ્ટ્રના સ્વાતંત્ર્ય પ્રતિ અભિમુખ બનેલી રાષ્ટ્રીય ચેતના સ્વયંસ્પષ્ટ છે.

૧૯૨૯ના સપ્ટેમ્બરના મૅગેઝીનમાં 'પબ્લિક સ્કૂલ એમ્પાયર ટૂર્સ કમિટી'ના ઠરાવને આવકાર અપાયેલો છે. આ ઠરાવ મુજબ બ્રિટિશ શાળાના સત્તરથી ઓગણીસ વર્ષના વિદ્યાર્થીઓ હિંદના પ્રવાસે આવવાના હતા. આ સંદર્ભમાં નીચે મુજબનું લખાણ છે :

> "આમ છતાં આપણે એક રાષ્ટ્ર છીએ, આપણો ઉમદા વારસો છે. આપણને આપણી પ્રાચીન સંસ્કૃતિ, આપણા મહાન ધર્મ, આપણી ગૌરવવંતી પરંપરાઓ અને સિદ્ધિઓ માટે ગૌરવ છે. ×××× બ્રિટિશ છોકરાઓ પાસે ખુલ્લાં અને ઉદાર દિમાગ હોવાં જોઈએ, તેઓ 'મેયો-માનસ'ના રંગે રંગાયેલા ન હોવા જોઈએ." ××××[6]

આવું લખાણ કૉલેજ મૅગેઝીનમાં છપાયું છે એ આપણું ધ્યાન ખેંચ્યા સિવાય રહે એમ નથી. આમ વિકસતી જતી રાષ્ટ્રીય ચેતનાનો સ્વતંત્ર મિજાજ ધીરે ધીરે પણ મક્કમ રીતે રજૂ થતો જોવા મળે છે.

## ગુજરાત કૉલેજમાં હડતાળ (૧૯૨૯)

આ હડતાળને સમસ્ત દેશની પ્રથમ મોટી રાજકીય હડતાળ તરીકે વર્ણવવામાં આવી છે.[7]

*આ હડતાળની પૂર્વભૂમિકા ટૂંકમાં જોવી જરૂરી છે. ૧૯૨૭માં* સાયમન કમિશન પ્રથમ વાર ભારતની મુલાકાતે આવ્યું ત્યારે અમદાવાદની શાળાઓ અને ગુજરાત કૉલેજે હડતાળ પાડી હતી. આ હડતાળમાં સક્રિય આગેવાની લેનાર **શ્રી મનુભાઈ પરીખને** કૉલેજ છોડી પૂના જવું પડયું હતું. ૧૯૨૮માં સાયમન કમિશ[ન] બીજી વાર આવ્યું ત્યારે ફરી વાર હડતાળ પડી. તે દિવસે ગુજ[રાત]

કોલેજમાં પ્રથમ વર્ષની અર્ધસત્રાંત પરીક્ષા હતી. આ પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓમાંથી બાસઠ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાંથી ઊઠી ગયા હતા. આ વિદ્યાર્થીઓને દંડ ફરમાવતી નોટિસ કાઢવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ દંડ નહિ ભરવાનો નિર્ણય લીધો હતો. ગોરા આચાર્ય શીરાઝ સામે એક થઈ ઊભા રહેવા માટે તેઓ કૃતનિશ્ચયી હતા. આમ ૧૯૨૯ની 'વિશ્વ વિખ્યાત વિદ્યાર્થી લડત'નો આરંભ આ ઘર્ષણથી થયો હતો.

આ લડતના સંદર્ભમાં જણાવાયું છે:

"સમગ્ર દેશમાં આવી સુદીર્ઘ વિદ્યાર્થી હડતાળ પહેલાં કે આજે પણ નથી પડી. હડતાળનું સંચાલન વિદ્યાર્થીઓની વર્ગવાર ચૂંટાયેલી સમિતિઓ કરતી હતી. તેમને રાષ્ટ્રીય નેતાઓ – સરદાર પટેલ, આચાર્ય કૃપાલાની, ગણેશ વાસુદેવ માવળંકર વગેરે માર્ગદર્શન આપતા હતા. આ લડતે રાષ્ટ્રીય સ્વરૂપ તે સમયે ધારણ કર્યું. દેશની વિદ્યાર્થી આલમે ગુજરાતની કોલેજનો લડતદિન શાનદાર રીતે ઊજવ્યો."૮

**વિદ્યાર્થી સમિતિ** તરફથી રોજેરોજ પત્રિકાઓ બહાર પડતી હતી. અઠવાડિયામાં એક વાર શહેરમાં સરઘસ આકારે વિદ્યાર્થીઓ નીકળતા. વિદ્યાર્થીઓની હડતાળ તૂટે નહિ એ માટે સવારે ચાર વાગ્યાથી ચોકીપહેરો રખાતો. આ ચોકી ગોઠવવાની જવાબદારી પ્રીતમનગરની આસપાસ રહેતા વિદ્યાર્થીઓ પર હતી.

સુભાષચંદ્ર બોઝ જેવા નેતાઓએ આ લડતના સંદર્ભમાં પ્રેરક સંદેશાઓ પાઠવ્યા હતા. મુંબઈના લોકલાડીલા આગેવાન શ્રી નરીમાન વિદ્યાર્થીઓને સંબોધન કરવા માટે ખાસ અમદાવાદ આવ્યા હતા.

## લડત સમિતિના સુકાનીઓ

**શ્રી રોહિત મહેતા** અને નડિયાદમાં સ્થાયી થયેલા મહેમદા-

વાદના વકીલ **શ્રી રમણ ગાંધી** આ લડત સમિતિના સુકાનીઓ હતા. સમિતિમાં હિંદુ, પારસી, મુસલમાન અને ખ્રિસ્તી ભાઈબહેનોનો સમાવેશ થયેલો હતો. આ પ્રસંગે કોમી એકતા **સહજ** હતી. આ સમિતિના કેટલાક સભ્યો શ્રી આનંદી ઠાકોર, શ્રી નટવરલાલ ઠાકોર, શ્રી પ્રતાપ છાયા અને એવા સાત આઠ જણ અમદાવાદમાં જ રહે છે.

## લડતનું સ્વરૂપ

આ લડત તદ્દન શાંત અને અહિંસક હતી. આ લડત સાડત્રીસ દિવસ સુધી ચાલી હતી. એ દરમ્યાન એક પણ અઘટિત ઘટના બનવા પામી નહોતી. બારીબારણાંના કાચ તૂટચા નહોતા કે એકાદ કાંકરો પણ ફેંકાયો નહોતો.

૧૯૨૦થી ૧૯૪૭ના આ સમયગાળાને આપણે ગાંધીપ્રભાવ હેઠળના સમય તરીકે ઓળખીએ છીએ. ગાંધીજીની સત્યાગ્રહી લડતના સિદ્ધાંતોનો પ્રભાવ આપણને આ લડતમાં જોવા મળે છે. જેમ ગાંધીજીના માર્ગદર્શન અને અનસૂયાબહેનના નેતૃત્વ હેઠળ ચાલેલી મિલમજૂરોની ૧૯૧૨ની અમદાવાદની હડતાળ દરમ્યાન મિલ-માલિકોના નેતા અંબાલાલભાઈ અને મજૂરોના નેતા અનસૂયાબહેન વચ્ચે મીઠા સંબંધો સચવાયા હતા[૯] તેમ અહીં પણ વિદ્યાર્થી કાર્યકરો અને ગોરા આચાર્ય શીરાઝ વચ્ચે મીઠા સંબંધો જળવાઈ રહ્યા હતા.[૧૦]

આચાર્ય શીરાઝ અને વિદ્યાર્થીઓના સંબંધો વર્ણવતાં શ્રી નીરુભાઈ દેસાઈ લખે છે:

> "ગોરા પ્રિન્સિપાલ શીરાઝ ફરવા નીકળતા ત્યારે કેટલીક વાર અમારી ચોકીની મુલાકાતે પણ આવે. ખુશીખબર પૂછે, 'ચા પીધી છે ખરી?' એવો સવાલ એક વાર તેમણે અમને પૂછ્યો હતો. અમારો શીઘ્ર જવાબ હતો: 'અમને સાહેબ,

હજી કોઈએ મોકલી જ નથી.' અમે શીરાઝ સામે એક વ્યક્તિ તરીકે નહોતા લડતા. વાંધો તેમની આપખુદ રીતરસમો સામે હતો. વર્ષો પછી એ જ્યારે અમદાવાદ આવ્યા ત્યારે પહેલી જ પૂછપરછ હડતાળના તે સમયના આગેવાનો અંગે તેમણે કરી અને અમદાવાદમાં જે હાજર હતા તેને પ્રેમપૂર્વક મળવા પણ બોલાવ્યા."[૧૧]

## પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ

પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના સંબંધો પણ એટલા જ વત્સલ અને મીઠા હતા. હડતાળ દરમ્યાન પ્રાધ્યાપકોને કોલેજના મકાનમાં અંદર જવા ન દેવાનો નિર્ણય પગલાં સમિતિએ લીધો હતો. વિદ્યાર્થીઓએ કોલેજના મુખ્ય મકાનની મુખ્ય સીડીનાં પગથિયાં પર હાથમાં હાથ ભિડાવી ચોકી ગોઠવી હતી. સૌ પ્રથમ પ્રો. વેલીંકર આવ્યા અને એમણે વિદ્યાર્થીઓની વાત સાંભળી અને વિદ્યાર્થીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવી. એ જ રીતે સંસ્કૃતના પ્રાધ્યાપક પ્રો. આપટેએ પણ વિદ્યાર્થીઓના શરીર પર પગ મૂકીને આગળ વધવા કરતાં રાજીનામું આપવાનું પસંદ કર્યું.

જોકે વિદ્યાર્થીઓએ આ પછી સમજદારીપૂર્વક ચોકી ઉઠાવી લીધી હતી અને પ્રાધ્યાપકોને અંદર જવા દીધા હતા.

## ગાંધીજીનો અભિગમ

સાઇમન કમિશન આવ્યું ત્યારે વિદ્યાર્થીઓ પરીક્ષામાંથી ઊઠી ગયા એ ગાંધીજીને પસંદ નહોતું પડ્યું. જોકે બીજી બાજુ વહીવટદારોએ વિદ્યાર્થીઓ સામે લીધેલાં પગલાં પણ ગાંધીજીને નાપસંદ હતાં. 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા'માં ગાંધીજીએ આ વિદ્યાર્થી લડત અંગે નોંધ લખી હતી. વિદ્યાર્થી આગેવાનો તેમને પરિસ્થિતિથી વાકેફ રાખતા હતા. વિદ્યાર્થીઓને તેમનો ટેકો હોવાને કારણે સરદાર પટેલ કે આચાર્ય કૃપાલાની રોજેરોજ વિદ્યાર્થીઓની સભાને સંબોધન

કરવા આવતા હતા. ગાંધીજી પોતે ગુજરાત કોલેજમાં આવ્યા નહોતા, પરંતુ નદીની રેતમાં એ પ્રસંગની માસિક ઉજવણી કરી ત્યારે એ સભાના અધ્યક્ષપદે તેઓ હતા. તેમણે વિદ્યાર્થીઓને શહેરની સ્વચ્છતાના કાર્યક્રમમાં જોડાવા માટે જણાવ્યું હતું. આ જ સભામાં પ્રો. સ્વામીનારાયણે કોલેજ પર ચોકી ચાલુ રાખવાનું સૂચવ્યું હતું.

**સમાધાન**

સાડત્રીસ દિવસ પછી સમાધાન થયું. વિદ્યાર્થીઓ સામેનાં તમામ પગલાં પાછાં ખેંચાયાં. જે દિવસે હડતાળ પાછી ખેંચાઈ એ દિવસે સરદાર પટેલ આવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને લડત બંધ કરી, સૂત્રોચ્ચાર બંધ કરી, તે દિવસથી અભ્યાસનો આરંભ કરવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ સરકાર સામેની ભાવિ લડત માટે શક્તિ કેળવવાની હતી. વિદ્યાર્થીઓ એમને માન આપીને જરાયે સૂત્રોચ્ચાર કર્યા વગર હારબંધ વર્ગોમાં દાખલ થયા હતા અને બરાબર અગિયારના ટકોરે અધ્યાપનકાર્ય શરૂ થયું હતું.

૧૯૨૯ની લડતના પરિણામે વિદ્યાર્થીઓની પહેલી વાર ચૂંટાયેલી પ્રતિનિધિ સભા (Students' Representative Council) મળી. લોકશાહી ઢબે કામ કરનારી એ પ્રથમ સભા હતી. એના પ્રમુખ તરીકે રોહિત મહેતા અને ઉપપ્રમુખ તરીકે આનંદી ઠાકોર હતા.

૧૯૩૦ની ૨૬મી જાન્યુઆરીએ ગુજરાત કોલેજના બહારના પટાંગણમાં રોહિત મહેતાને હસ્તે ધ્વજવંદન થયું હતું. સંપૂર્ણ સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે કટિબદ્ધ થવા માટેની પ્રતિજ્ઞાઓ લેવાઈ હતી. વિદ્યાર્થીઓ ટુકડીઓમાં વહેંચાઈ આસપાસના ગ્રામ વિસ્તારોમાં પ્રચારાર્થે ઘૂમી વળ્યા હતા.

૧૯૩૦માં લડતની હાકલ થઈ તે સમયે સ્વ. મહાદેવભાઈ દેસાઈએ ગૂજરાત વિદ્યાપીઠમાં સ્વયંસેવકો નોંધવા માટે એક સભા

બોલાવી હતી. એમાં ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. મહાદેવભાઈએ તેમને અભિનંદન આપતાં ગુજરાતના વિદ્યાર્થીઓને ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓનું અનુસરણ કરવા જણાવ્યું હતું.

૧૯૩૦ની છઠ્ઠી એપ્રિલે અમદાવાદમાં મીઠાના સત્યાગ્રહ માટે પહેલી ત્રણ ટુકડીઓ તૈયાર કરવામાં આવી હતી. આમાંથી એક ટુકડીની આગેવાની રોહિત મહેતાને સોંપવામાં આવી હતી. શહેરના સ્વયંસેવકોની નોંધણીની જવાબદારી કૉલેજના વિદ્યાર્થી સ્વ. જયંતિ દલાલને સોંપવામાં આવી હતી. ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ ધોલેરા, વીરમગામ અને ધરાસણાના મીઠા સત્યાગ્રહમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. તેઓએ લાઠીમાર પણ સહન કર્યો હતો. ધરાસણામાં તા. ૨૨મી મેના રોજ પ્રથમ જખમી થનાર સૈનિક હિંમતલાલ આ કૉલેજનો વિદ્યાર્થી હતો. આ સમય દરમ્યાન ગુજરાત કૉલેજના લગભગ સો જેટલા વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓમાં મોખરે હતા.

૧૯૩૮ના સપ્ટેમ્બરના મૅગેઝીનમાં ગુજરાત કૉલેજ વિદ્યાર્થી પ્રતિનિધિસભાએ ગાંધી–જયંતીની ઉજવણી કરી હતી એવી માહિતી મળે છે. ડૉ. આનંદશંકર ધ્રુવ આ ઉજવણી પ્રસંગે પ્રમુખસ્થાને હતા. આ પ્રસંગે આચાર્ય શીરાઝે પણ ગાંધીજીની કામગીરીને બિરદાવી હતી.[૧૨]

૧૯૩૯ના સપ્ટેમ્બરના મૅગેઝીનમાં મળતી માહિતી મુજબ તે સમયે ગુજરાતમાં પ્રવર્તતી દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિના સંદર્ભમાં અગ્રણી રાષ્ટ્રીય નેતા સરદાર વલ્લભભાઈ પટેલને ગુજરાત કૉલેજમાં આવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. સરદાર વલ્લભભાઈએ કૉલેજમાં આવી આ સંદર્ભમાં પ્રવચન આપ્યું હતું.[૧૩]

એ જ મૅગેઝીનમાં આચાર્ય દીવાન બહાદુર એચ. એમ. કાઝીએ

પ્રસ્તાવના લખી છે. એનું શીર્ષક હતું : 'Be Prepared !' એમાં એમણે લખ્યું હતું :

> "It is a new India you are going to be citizen of, a new India you are going to make, a new India pulsating with hopes, fired with ambition and animated with vigour."[૧૪]

આમ ગુજરાત કૉલેજના આચાર્યે વિદ્યાર્થીઓ સમક્ષ રાષ્ટ્રનવનિર્માણનું એક સુંદર સ્વપ્ન રજૂ કર્યું હતું.

## ૧૯૪૨નો સ્વાતંત્ર્યસંગ્રામ

૧૯૪૩ના ફેબ્રુઆરીના મૅગેઝીનમાં સ્પષ્ટ રીતે જણાવાયું છે કે ગુજરાત કૉલેજની વિદ્યાર્થી સંખ્યા ૧૨૦૦થી ઘટીને ૩૦૦ થઈ ગઈ છે. ૧૯૪૨ના ઑગસ્ટમાં હિંદભરમાં થયેલી અથડામણોનું આ પરિણામ હતું. આ મૅગેઝીનમાં **સ્વ. વીર વિનોદ કિનારીવાલાની** શહાદતની નોંધ લેવામાં આવી છે. એ શહાદતના પ્રસંગ દરમ્યાન પાંચ વિદ્યાર્થીઓને ગોળી વાગી હતી. કૉલેજના એક પ્રાધ્યાપક સહિત કેટલાયને લાઠીમારના ભોગ બનવું પડ્યું હતું.[૧૫]

આ બનાવ બન્યા પછી કૉલેજમાં હાજર રહેનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટીને ૫૦ જેટલી થઈ ગઈ હતી. લગભગ સપ્ટેમ્બરના અંત સુધીમાં આ સંખ્યા વધીને ૧૫૦ જેટલી થઈ હતી. ૩૧મી ઑગસ્ટ અને ૧૫મી સપ્ટેમ્બરે બનેલા બનાવોને કારણે ઓળખપત્રની (Identity Card) પદ્ધતિ અપનાવવામાં આવી હતી અને કૉલેજ કંપાઉન્ડમાં પોલીસ રક્ષકો રાખવામાં આવ્યા હતા. જોકે આચાર્ય પટવર્ધનનો આની સામે વિરોધ હતો એ હકીકતનો અત્રે ઉલ્લેખ કરવો ઘટે.

આ બધી અથડામણોને કારણે કૉલેજનું પ્રથમ સત્ર દસ દિવસ વહેલું એટલે કે ૧લી ઑક્ટોબરે પૂરું થયું હતું અને બીજું સત્ર

હંમેશ કરતાં દસ દિવસ વહેલું ૨૦મી માર્ચે પૂરું થવાનું હતું. સ્થાનિક પરિસ્થિતિને કારણે યુનિવર્સિટીને અમદાવાદ પરીક્ષાકેંદ્ર રદ કરવાની ફરજ પડી હતી.

આ હકીકત બતાવે છે કે ૧૯૪૨ની પ્રવૃત્તિઓની અસર કૉલેજ ઉપર અને સમગ્ર શિક્ષણજગત ઉપર કેવી પડી હતી.

૧૯૪૨માં ગુજરાત કૉલેજમાં બનેલા બનાવના સંદર્ભમાં ગુજરાત કૉલેજના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી બિપિન સાંગણકરે** એક પુસ્તિકા તૈયાર કરી હતી. એનું શીર્ષક છે :

## શહીદ વીર વિનોદ કિનારીવાલા

**૧૯૪૨ના સ્વાતંત્ર્યસંગ્રામમાં સામી છાતીએ ગોળી ઝીલનાર શહીદનું જીવનચરિત્ર.**

આ પુસ્તિકાનું પ્રકાશન ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય **સ્વ. યશવંતરાય ગુલાબભાઈ નાયકે** કર્યું હતું.[૧૬]

વીર વિનોદ કિનારીવાલાનો જન્મ તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૨૪ના રોજ થયો હતો અને તારીખ ૧૦મી ઑગસ્ટ ૧૯૪૨ના રોજ એમણે ગુજરાત કૉલેજના પટાંગણમાં શહાદત વહોરી હતી. આજે એ શહાદતસ્થળે વીર વિનોદ કિનારીવાલાની ખાંભી છે. આ સમયે ઉમાશંકર જોશીએ લખેલી પંક્તિઓ હતી :

**"ગોરો આયો, બની ધુરાયો,**
**સાથે લશ્કર લાયો જી;**
**કિનારીવાલા દૂધમલ લાલા**
**દોડી આગળ આવ્યો જી."**

આ પ્રસંગના સાક્ષીઓ ડૉ. ધીરુભાઈ ઠાકર, પ્રો. અનંતરાય રાવળ, શ્રીમતી સરલા વિમળભાઈ શાહ, પ્રો. એરચ બલસારા વગેરે આજે આપણી વચ્ચે છે.

વીર વિનોદ કિનારીવાલાના સંદર્ભમાં અમદાવાદની ભૂગર્ભ લડતના સર સંચાલક અને 'જયાનંદ શહેર સૂબા' તરીકે ખ્યાતિ મેળવનાર ડૉ. જયન્તીભાઈ ઠાકોર એમના પુસ્તક 'આઝાદી જંગની મંજિલ'માં લખે છે:

> "તા. ૧૦-૮-૪૨ના રોજ વિનોદ કિનારીવાળાએ જ્યારે પોલીસનો અહિંસક મુકાબલો કર્યો ત્યારે ડે. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. લીફ ફોલ્ડ અને એ.એસ.પી. રો બંને જણ ગુજરાત કૉલેજ ઉપર ફરજ પર ગયા હતા. અને મિ. રોએ કિનારીવાળાને શૂટ કર્યા હતા. એક જ ગોળીએ વીંધાઈને ધરતી પર લેટયા અને એમનું નામ અમર કરતા ગયા."[૧૭]

આ વિદ્યાર્થીની શહાદત સમગ્ર વિદ્યાર્થી જગત અને સમગ્ર સમાજની રાષ્ટ્રીય સંવેદનશીલ ચેતનાને ખળભળાવી મૂકવામાં ખૂબ જ અસરકારક બને એ હકીકત સમજાય એવી છે અને આવા અનેક આઘાતોથી પરિપુષ્ટ બનેલી રાષ્ટ્રીય ચેતના સ્વાતંત્ર્યપ્રાપ્તિના સ્વપ્નને સાકાર કરીને જ જંપી.

નવમી સપ્ટેમ્બરે વિદ્યાર્થીઓએ ગુજરાત કૉલેજમાં ધ્વજ-વંદનનો કાર્યક્રમ યોજ્યો હતો. અરવિંદ ભૂરિયા નામના યુવાને ગુજરાત કૉલેજના ટાવર પર હિંદનો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. બહેનો પણ આ કાર્યક્રમમાં સક્રિય હતી.[૧૮]

૧૯૪૩ની ૨૨મી ફેબ્રુઆરીને સોમવારે વિદ્યાર્થીઓએ ગાંધીજીના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થનાસભા યોજી હતી. કૉલેજના આચાર્ય એના પ્રમુખપદે હતા. બધા પ્રાધ્યાપકો પણ સભામાં હાજર રહ્યા હતા.[૧૯] ૧૯૪૩માં ગાંધીજીએ આત્મશુદ્ધિ માટે એકવીસ દિવસના ઉપવાસ કર્યા હતા એ હકીકત અત્રે નોંધવી ઘટે.

આ રાષ્ટ્રીય ચેતનાનો જુવાળ ૧૯૪૭ સુધી એક યા બીજા પ્રકારે કામગીરી બજાવતો રહ્યો એ હકીકત સમજાય એવી છે.

## પાદટીપ

૧. નીરુભાઈ દેસાઈ : 'ગુજરાત કૉલેજ : ગૌરવ ગાથા', 'ગુજરાત સમાચાર' (અમદાવાદ શહેરનું દૈનિક વર્તમાનપત્ર), તા. ૬–૩ ૧૯૮૩, રવિવાર, 'વાસરિકા'.

૨. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૨૨, ફેબ્રુઆરી ૧૯૨૭, નં. ૨, પૃ. ૩૨.

૩. એજન, ફેબ્રુઆરી ૧૯૨૮, નં. ૨, પૃ. ૩.

૪. ૧. એજન, પૃ. ૪૯.
 ૨. એજન, પુ. ૧૪, ફેબ્રુઆરી ૧૯૨૯, નં. ૨, પૃ. ૪.
 ૩. એજન, પુ. ૧૫, સપ્ટેમ્બર ૧૯૨૯, નં. ૧, પૃ. ૫૨.
 ૪. એજન, પુ. ૧૬, ફેબ્રુઆરી ૧૯૩૧, નં. ૩૧, પૃ. ૪૬.

૫. એજન, સપ્ટેમ્બર ૧૯૨૮, નં. ૧, પૃ. ૬૩.

૬. એજન, પુ. ૧૫, સપ્ટેમ્બર ૧૯૨૯, નં. ૧, પૃ. ૫.

૭. નીરુભાઈ દેસાઈ : 'ગુજરાત કૉલેજ : ગૌરવગાથા', 'ગુજરાત સમાચાર', તા. ૬–૩–૧૯૮૩, રવિવાર, 'વાસરિકા'.

૮. નીરુભાઈ દેસાઈ : 'ગુજરાત સમાચાર', તા. ૧૩–૩–૧૯૮૭, રવિવાર 'વાસરિકા'.

૯. ડૉ. કુ. ઉષા ઘનશ્યામભાઈ ભટ્ટ : '**અમદાવાદ શહેરની સ્ત્રીનેતૃત્વ શક્તિ**' (૧૯૨૦–૧૯૪૭) ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, ૧૯૮૨, પૃ. ૮૧.

૧૦. ફોટોગ્રાફ : હડતાળ દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે ગિલ્લીદંડા રમતા પ્રા. શીરાઝ (તસવીર આનંદી ઠાકોર) ગુજરાત સમાચાર, તા. ૬–૩–૧૯૮૩, રવિવાર 'વાસરિકા'.

૧૧. નીરુભાઈ દેસાઈ : 'ગુજરાત સમાચાર', તા. ૧૩–૩–૧૯૮૩, રવિવાર, 'વાસરિકા'.

૧૨. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૨૬, સપ્ટેમ્બર ૧૯૩૮, નં. ૧, સંપાદકીય નોંધ, પૃ. ૩, ૪.
૧૩. એજન, પુ. ૨૭, સપ્ટેમ્બર ૧૯૩૯, નં. ૧, પૃ. ૫.
૧૪. એજન, સંપાદકીય નોંધ, પૃ. ૧૦.
૧૫. એજન, પુ. ૩૦, ફેબ્રુઆરી ૧૯૪૩, નં. ૧–૨, સંપાદકીય નોંધ, પૃ. ૧.
૧૬. બિપિન સાંગણકર : **'શહીદ વીર વિનોદ કિનારીવાલા'**, પ્રકાશક : યશવંતરાય ગુલાબભાઈ નાયક, આચાર્ય ગુજરાત કૉલેજ, અમદાવાદ–૬, ૧૯૬૦
૧૭. જયન્તી ઠાકોર : **'આઝાદી જંગની મંજિલ'** : આત્મકથા ભાગ–૨. પ્રકાશક : ડૉ. જયન્તી ઠાકોર, ૧૦, કૈલાસ સોસાયટી, આશ્રમરોડ, નવરંગપુરા, અમદાવાદ–૯. ૧૯૮૬.
૧૮. નીરુભાઈ દેસાઈ : 'ગુજરાત સમાચાર', તા. ૬–૩–૧૯૮૩, રવિવાર, 'વાસરિકા'.
૧૯. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૩૦, ફેબ્રુઆરી ૧૯૪૩, નં. ૧–૨, સંપાદકીય નોંધ, પૃ. ૩.

૪

## ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉય્ઝ ઍસોસિયેશન
## [૧૯૪૭–૧૯૮૭]

ભારતની સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછીનો, ગુજરાત કોલેજ ઓલ્ડ બૉય્ઝ ઍસોસિયેશનનો ઇતિહાસ આ પ્રકરણમાં રજૂ કરાયો છે. આ સાથે સ્વાભાવિક રીતે જ ઉદાહરણાર્થે કેટલાક અગ્રણી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓનું ટૂંક આલેખન કરાયું છે. એક રીતે કહીએ તો ગુજરાત કોલેજ મૅગેઝીન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંબંધને દર્શાવવાનો પ્રયત્ન પણ કરાયો છે.

ગુજરાત કોલેજમાં ૧૯૪૭ના ઑગસ્ટની તા. ૧૪–૧૫ની મધ્યરાત્રિએ ઘંટનાદ કરવામાં આવ્યો હતો. સ્વાતંત્ર્ય ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. એ જ વર્ષમાં શ્રી જયપ્રકાશ નારાયણના હસ્તે શહીદ વીર વિનોદ કિનારીવાલાના સ્મારકનો અનાવરણવિધિ થયો હતો.

આ સ્વાતંત્ર્યના વાતાવરણમાં કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી ગણેશ વાસુદેવ માવળંકરનો** સન્માન સમારંભ ૧૯૪૮ના જાન્યુઆરીની તા. ૧૨મીએ યોજાયો હતો. શ્રી માવળંકર ભારતની સંસદના પ્રથમ અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. આ સંદર્ભમાં તેમનું

સન્માન કરવા માટે કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ અને કૉલેજના સંયુક્ત સહકારથી આ કાર્યક્રમનું આયોજન થયું હતું. કૉલેજના આચાર્ય શ્રી ભાંડારકરના પ્રમુખપદે એક સભા મળી હતી. આ સભામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી **શ્રી ઈશ્વરલાલ ભગતે, શ્રી નવીનચંદ્ર દેસાઈએ** અને **શ્રી હરિલાલ પારેખે,** કૉલેજના અધ્યાપકવર્ગ તરફથી **પ્રો. અનંતરાય રાવળ** અને **પ્રો. દાવરે** અને કૉલેજના વિદ્યાર્થી વર્ગ તરફથી **ભાઈ ગોવિંદ કવિએ** શ્રી માવળંકરના વિશિષ્ટ ગુણો અને શક્તિને બિરદાવી તેમની બુદ્ધિમત્તા, દેશભક્તિ, પ્રામાણિકતા, કાર્યનિષ્ઠા, કાર્યદક્ષતા અને સુજનતાનો ઉલ્લેખ કર્યો હતા.[1]

## સ્વ. સર ચીનુભાઈ માધવલાલ બૅરોનેટની આરસ પ્રતિમાનો અનાવરણવિધિ

ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉય્ઝ ઍસોસિયેશને સ્વ. સર ચીનુભાઈની આરસ પ્રતિમા તૈયાર કરાવીને કૉલેજને ભેટ આપી હતી. એ કૉલેજના વિનયન વિભાગના મકાનની મુખ્ય સીડી પાસે મૂકવામાં આવી હતી. સ્થાનનું સૂચન ભૂતપૂર્વ આચાર્ય દીવાન બહાદુર એચ. એલ. કાઝીએ કર્યું હતું. કૉલેજના ઇતિહાસનો આ ખૂબ જ યાદગાર પ્રસંગ હતો.[2]

૧૯૪૯ના જાન્યુઆરીની તા. ૧૬મીએ આ આરસપ્રતિમાનો અનાવરણવિધિ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી સર હરસિદ્ધભાઈ દિવેટિયાના હસ્તે કરવામાં આવ્યો હતો.[3]

ગુજરાત કૉલેજનાં મકાનો પાછળ સ્વાતંત્ર્યપ્રાપ્તિ પૂર્વે કુલ રૂ. ૧,૯૨,૩૨૭નો ખર્ચ થયો હતો. આમાંથી રૂ. ૮૫,૦૯૭ રાજ્યે આપ્યા હતા. સર ચીનુભાઈ બૅરોનેટે આર્ટ્સ બિલ્ડિંગ માટે બે લાખ રૂપિયા અને સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ માટે ૭ લાખ રૂપિયાની ઉદાર સખાવત કરી હતી. ૧૯૧૨માં આ નાણાંમાંથી આચાર્ય

રૉબર્ટસને સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ તૈયાર કરાવ્યું હતું. સર ચીનુભાઈ તરફથી કુલ દસ લાખ રૂપિયાનું દાન કૉલેજને પ્રાપ્ત થયું હતું. આ દાન મળ્યા પછી જ કૉલેજનો સર્વાંગી વિકાસ થઈ શક્યો હતો. આ સખાવતમાંથી હૉસ્ટેલના બાકીના ત્રણ બ્લૉક (બ્લૉક 'બી' ૧૯૦૮, બ્લૉક 'ડી' ૧૯૧૨, બ્લૉક 'એ' ૧૯૧૬માં), સિડનહામ લાઇબ્રેરી (૧૯૧૭માં), જ્યૉર્જ ફિફ્થ હૉલ (હાલનો ગાંધી હૉલ ૧૯૨૦માં) અને ન્યૂ સાયન્સ બિલ્ડિંગ (હાલનો ફિઝિક્સ, બાયૉલૉજી અને માઇક્રોબાયૉલૉજી વિભાગ (૧૯૪૮માં) અસ્તિત્વમાં આવ્યા હતા.[૪]

ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયઝ઼ ઍસોસિયેશન, આ મહાન દાતા સર ચીનુભાઈ માધવલાલ બૅરોનેટને સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી પણ બિરદાવે છે.

૧૯૫૦માં ગુજરાત કૉલેજ મૅગેઝીનના સંપાદક મંડળમાં વિદ્યાર્થી પ્રતિનિધિઓ તરીકે **શ્રી શિરીષ પરીખ** અને **શ્રી પ્રબોધ રાવળ** હતા.[૫]

## ગુજરાત કૉલેજ મૅગેઝીનનું નવું નામાભિધાન : 'વિકાસ'

૧૯૫૦થી ગુજરાત કૉલેજનું આ સાત્રાંતિક મુખપત્ર 'વિકાસ' એ નવા ભારતીય નામથી બહાર પડતું હતું એ હકીકત અત્રે ઉલ્લેખનીય છે.

**શ્રી પ્રબોધ રાવળે** આગળ જતાં કૉલેજના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમ જ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીના નાતે કૉલેજના શતાબ્દી સમારોહમાં અગ્રગણ્ય ફાળો નોંધાવ્યો છે. ૧૯૫૧માં તે ગુજરાત કૉલેજમાં સિનિયર બી.એ.ના વિદ્યાર્થી અને ગુજરાત કૉલેજ વિદ્યાર્થી પ્રતિનિધિસભાના પ્રમુખ હતા. ઉપપ્રમુખ **શ્રી રોશન દારૂવાલા** (જુનિયર બી.એ.), સામાન્યમંત્રી **શ્રી પ્રવીણ એન્જિ-નિયર** (જુનિયર બી.એ.) અને મદદનીશ મંત્રી **શ્રી પ્રવીણ જોશી**

(ઇન્ટર આર્ટ્સ) હતા.[૬]

૧૯૫૩ના જાન્યુઆરીની તા. ૯ થી ૧૩ દરમ્યાન શ્રી પ્રબોધ રાવળ કૉલેજના પ્રતિનિધિ તરીકે ૧૯૫૦માં સ્થપાયેલી નૅશનલ યુનિયન ઑફ સ્ટુડન્ટ્સની પ્રથમ વાર્ષિક સભામાં ગયા હતા.[૭]

૧૯૫૦માં 'વિકાસ'ના સંપાદક મંડળમાં વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે **શ્રી સી. પી. ભટ્ટ** અને **શ્રી સી. એલ. શાસ્ત્રી**[૮] (સહજાનંદ કૉલેજ, અમદાવાદના નિવૃત્ત આચાર્ય) હતા. ૧૯૫૨માં આ મંડળમાં વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે **શ્રી પી. સી. એન્જિનિયર** અને **શ્રી એચ. કે. ત્રિવેદી**[૯] (હાલ ગુજરાત યુનિવર્સિટીના વાણિજ્ય ભવનના અધ્યક્ષ) હતા. આ ઉદાહરણાર્થે આપેલાં નામો પરથી જણાય છે કે આજે ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શિક્ષણજગતમાં કેટલા આગળ વધ્યા છે.

**શ્રી રવીન્દ્ર ઠાકોર, શ્રી ભાનુશંકર પંડ્યા, શ્રી પ્રબોધ જોષી, શ્રી દયાશંકર જોષી, શ્રી અવિનાશ મુનશી** જેવા કેટલાય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં નામો આ મૅગેઝીનના અભ્યાસમાંથી મળે છે.

**સ્વ. શેખઆદમ આબુવાલા** પણ ગુજરાત કૉલેજના વિદ્યાર્થી (૧૯૪૮ થી ૧૯૫૨) હતા. તેઓ વિનયન વિભાગના સ્નાતક અને પછી અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થી હતા. એમની પદ્યકૃતિઓ જેવી કે – 'આજ થયો કાં દૂર' (ગાંધીજીના મૃત્યુ પ્રસંગે લખાયેલ કાવ્ય), '૧૫મી ઑગસ્ટ', 'જીવનરાગ', 'અગિયાર ગુલાબ', 'નજર મળી' અને 'આ તે કેવો ખેલ'[૧૦] 'વિકાસ'માં પ્રકટ થઈ હતી.

૧૯૫૦થી ૧૯૫૪ દરમ્યાન 'વિકાસ'માં **પ્રો. જાફરહુસેન લાલીવાલાના** (હાલ ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના રીડર) લેખો પ્રકાશિત થયેલા જોવા મળે છે. તેઓ વિવેકબુદ્ધિ અને વિવેકબુદ્ધિના આદેશ અનુસાર વર્તવાની શક્તિ

પર ભાર આપતા લેખથી લખવાનો પ્રારંભ કરે છે.[૧૧] એ પછી એમના લેખો – 'તત્ત્વજ્ઞાન એક અજ્ઞાન', 'ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ', 'વિદ્યાર્થીઓ અને પરીક્ષા', 'The Nature of the Science of Economics', 'ગાંધીજી અને ભૂદાનયજ્ઞ', 'Criticism of Structural View of Manual Disorder' અને 'વિદ્યાર્થીઓ અને રાજકારણ' શીર્ષક હેઠળ છપાયા હતા.[૧૨]

ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ – **શ્રી નરોત્તમ વાળંદ, સ્વ. શ્રી અહેમદહુસેન લાલીવાલા, શ્રી લાભશંકર ઠાકર, શ્રી ચંદ્રકાંત શેઠ, કુ. રન્ના પ્રભુદાસ પટવારી** વગેરેનાં નામો મૅગેઝીનના અભ્યાસમાંથી મળતાં જાય છે.

૧૯૫૬માં વિદ્યાર્થી પ્રતિનિધિસભાના મંત્રી તરીકે **શ્રી રતનપ્રકાશ એ. ગુપ્તાનું** નામ જોવા મળે છે.

૧૯૫૬ના 'વિકાસ'માં કોકિલાબહેનનો ફોટોગ્રાફ જોવા મળે છે. એમને 'આગગાડી' નાટકમાં ઉત્તમ નાટ્ય અભિનય માટે પ્રથમ ઇનામ મળ્યું હતું. આ નાટક ગુજરાત યુનિવર્સિટી તરફથી યોજાયેલ નાટ્ય હરીફાઈમાં અમદાવાદમાં ટાઉનહૉલ ખાતે તા. ૧૩–૧૨–૧૯૫૫ના દિવસે ભજવાયું હતું. આ નાટક માટે કૉલેજને, યુનિવર્સિટી તરફથી શીલ્ડ એનાયત કરવામાં આવ્યું હતું.[૧૩]

## મહાગુજરાતની ચળવળ

આ ચળવળ દરમ્યાન અમદાવાદ શહેર વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમી ઊઠ્યું હતું. સભા, સરઘસો, જનતા કર્ફ્યુ વગેરેનું મોટા પાયા પર આયોજન થતું રહેતું હતું. આ ચળવળમાં ગુજરાત કૉલેજના તે સમયના વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો નોંધપાત્ર ફાળો હતો. મહાગુજરાતમાં ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓના પ્રદાન અંગે એક સ્વતંત્ર પુસ્તિકા તૈયાર થઈ શકે એમ છે. **શ્રી જયંતિ દલાલ, શ્રી ચીનુ પટવા અને શ્રીમતી**

**વિનોદિની નીલકંઠ** જેવા કેટલાય ગુજરાત કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો આમાં ઉલ્લેખનીય ફાળો હતો. એ જ રીતે કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ **શ્રી પ્રબોધ રાવળ, શ્રી હરિપ્રસાદ વ્યાસ** અને **શ્રીમતી કોકિલા હરિપ્રસાદ વ્યાસ** એ ત્રિપુટીનું આ ચળવળમાં પ્રદાન એ સંશોધન અને અભ્યાસનો વિષય છે. આ ત્રિપુટીમાંથી પ્રથમ અને તૃતીય વ્યક્તિ ગુજરાત કોલેજ શતાબ્દી ઉજવણી સમારોહ સમયે ગુજરાત રાજ્યના પ્રધાનમંડળમાં હતી. આ હકીકતે કોલેજના શતાબ્દી સમારોહને દીપાવવામાં સારો ફાળો આપ્યો છે.

૧૯૫૬–૫૭ના શૈક્ષણિક વર્ષ પૂરતો બે સાત્રાન્તિક અંકોને બદલે એક જ વાર્ષિક અંક બહાર પડી શક્યો હતો. આના કારણરૂપે ઑગસ્ટમાં અમદાવાદ ખાતે શાળાકોલેજોનું શિક્ષણકાર્ય ખોરવાઈ ગયું હતું તે પરિસ્થિતિ હતી.[૧૪]

૧૯૫૭માં **શ્રીમતી વિદ્યાગૌરી નીલકંઠ** અને **શ્રીમતી શારદાબહેન મહેતાને** અનુક્રમે ૮૦ અને ૭૫ વર્ષ પૂરાં થતાં એમને સન્માનવાનો સમારંભ અમદાવાદમાં થયો હતો.[૧૫] આ પ્રસંગે ગુજરાત કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ સક્રિય નથી બન્યું એ હકીકત આપણું ધ્યાન ખેંચે છે.

૧૯૫૯માં 'વિકાસ'માં શ્રીમતી વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠનું ૮૨ વર્ષની ઉંમરે અવસાન થયું તેની નોંધ લેવાઈ છે.[૧૬] ૧૯૬૦માં મળતી માહિતી મુજબ ગુ.કો.ઓ.બૉ.એ.ની કાર્યવાહક સમિતિએ તા. ૧૭–૫–૧૯૫૯ના રોજ સ્વ. લેડી વિદ્યાગૌરી નીલકંઠના અવસાન નિમિત્તે શોક ઠરાવ પસાર કરીને તેમના કુટુંબીજનોને મોકલી આપ્યો હતો.[૧૭]

૧૯૫૭માં **શ્રી રાધેશ્યામ શર્મા** અને **કુ. તર્લિકા સુમતિલાલ** કાપડિયાના લેખો જોવા મળે છે.[૧૮] **શ્રી ચંદ્રકાન્ત શેઠનું**

કાવ્ય 'ગુરુદેવને' પણ એમાં જ છે.[૧૯] તેઓ એ સમયે જુનિયર બી.એ.ના વિદ્યાર્થી હતા. આ સાથે **શ્રી યોગેન્દ્ર વ્યાસ**[૨૦] (હાલ ગુજરાત યુનિવર્સિટી ભાષાભવનમાં ભાષાશાસ્ત્રના પ્રાધ્યાપક) અને **શ્રી બિપિન સાંગણકરનાં**[૨૧] કાવ્યો અને લખાણો સ્વાભાવિક રીતે જ ધ્યાન ખેંચે છે.

તા. ૧૭–૫–૧૯૫૯ના દિવસે મળેલી ગુ.કૉ.ઓ.બૉ.એ.ની કાર્યવાહક સમિતિમાં **શ્રીમતી તહમીના જમશેદ કામા** અને **શ્રી એચ. એચ. શાહને** કો-ઑપ્ટ કરવામાં આવ્યાં હતાં અને એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે એસોસિયેશનના બધા સભ્યોને દર વર્ષે કૉલેજ મૅગેઝીનની નકલ મોકલી આપવી.

૧૯૫૮માં **શ્રી નરહરિ પરીખનું** (હાલ ગુજરાત યુનવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના પ્રાધ્યાપક અને એસ.ટી.ના ચેરમૅન) નામ 'વિકાસ'ના પૃષ્ઠ પર ચમકે છે તેઓ કૉલેજના સાઇકોલૉજી અને ફિલૉસૉફી એસોસિયેશનના મંત્રી[૨૨] અને ૧૯૬૧માં સંસ્કાર મંડળના મંત્રી હતા.[૨૩]

## કૉલેજનું ગરીબ વિદ્યાર્થીઓનું ફંડ

૧૯૫૯ના સપ્ટેમ્બરની પાંચમી તારીખે 'કલ્ચરલ ફોરમ' અને ગુ.કૉ.ઓ.બૉ.એ.ના સંયુક્ત ઉપક્રમે 'કલ્ચરલ ફોરમ'ના ઉદ્ઘાટન પ્રસંગે શ્રીમતી મૃણાલિનીદેવી સારાભાઈના નૃત્યનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે કૉલેજના ગરીબ વિદ્યાર્થીઓના ફાળા માટે સ્વૈચ્છિક ફાળામાં રૂ. ૧૦૪ અને ૯૭ નવા પૈસા ઉઘરાવવામાં આવ્યા હતા.

૧૯૬૦થી ૧૯૬૫ સુધી ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉય્ઝ એસોસિયેશનનો વાર્ષિક અહેવાલ નિયમિત રીતે 'વિકાસ'માં આવતો રહે છે. ૧૯૬૦ના અહેવાલમાં જણાવ્યા મુજબ એસોસિયેશનનું આજીવન સભ્ય લવાજમ રૂ. ૨૦ હતું અને વાર્ષિક લવાજમ રૂ. ૨

હતું. ગુજરાત કૉલેજમાં ઓછામાં ઓછો એક સત્ર જેટલો અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ સભ્યપદની લાયકાત ધરાવતા હતા. આ સાથે કૉલેજના ભૂતકાળના અને તે સમયના પ્રાધ્યાપકો પણ સભ્ય થઈ શકતા હતા.

## ૧૯૬૦: ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના હોદ્દેદારો

૧૯૬૦ના માર્ચમાં મંડળના હોદ્દેદારો અત્રે જણાવ્યા મુજબ હતા. પ્રો. એફ. સી. દાવર પ્રમુખ હતા, તો ઉપપ્રમુખ આચાર્ય ડૉ. વાય. જી. નાયક, પ્રો. એસ. એમ. શાહ અને શ્રી જયંતીલાલ ભીખાભાઈ હતા. ખજાનચી તરીકે ડૉ. વી. એમ. ઠાકોર હતા. માનદમંત્રી પદે શ્રી મનુભાઈ પરીખ અને પ્રો. ઈ. એમ. બલસારા હતા. ચૂંટાયેલા સભ્યોમાં સર્વ શ્રી કમળાબહેન સુતરિયા, નરીમાન કામા, નરેન્દ્ર શેઠ, સુરેન્દ્ર એસ. ત્રિવેદી, ડી. કે. પંડ્યા, નિરંજન જે. ભટ્ટ અને એચ. એન. વ્યાસ હતા. તહેમીના જે. કામા અને હઠીસિંગ એચ. શાહ કો-ઑપ્ટ સભ્યો હતા.[૨૪]

## વાર્ષિક ભોજન સમારંભ અને મનોરંજન કાર્યક્રમ

ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના વાર્ષિક ભોજન સમારંભનું આયોજન થતું હતું. ૧૯૬૦માં આ ભોજન સમારંભ પછી અગ્રણી પ્લીડર **શ્રી બટુકભાઈ એચ. દેસાઈ,** કૉલેજના ભૂતપૂર્વ પ્રાધ્યાપક અને હૉસ્ટેલ સુપરિન્ટેન્ડેન્ટે વિનોદી શૈલીમાં સંબોધન કર્યું હતું. આ સંબોધન પછી કૉલેજના તે સમયના વિદ્યાર્થી **શ્રી કાંટાવાલાએ** વાંસળીવાદનનો કાર્યક્રમ આપ્યો હતો અને ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી નટવર પટેલે** મનોરંજન પૂરું પાડ્યું હતું.

## ૧૯૬૧ના વર્ષની કાર્યવાહક સમિતિ

પ્રો. એફ. સી. દાવર એના પ્રમુખ હતા. ઉપપ્રમુખ તરીકે

આચાર્ય વાય. જી. નાયક, શ્રી એન. ડી. દવે અને શ્રી ડી. કે. પંડયા હતા. માનદ મંત્રી તરીકે શ્રી મનુભાઈ પરીખ અને પ્રો. ઈ. એમ. બલસારા હતા. ખજાનચી તરીકે ડૉ. વી. એમ. ઠાકોર હતા. ચૂંટાયેલા સભ્યોમાં શ્રીમતી એસ. એન. વ્યાસ, શ્રીમતી તેહમીના કામા, શ્રીમતી કમળાબહેન સુતરિયા, શ્રી એન. જે. કામા, નરેન્દ્ર શેઠ, એસ. એસ. ત્રિવેદી, એન. જે. ભટ્ટ અને વિષ્ણુપ્રસાદ ભટ્ટ હતા. કો-ઑપ્ટ કરેલા સભ્ય તરીકે શ્રી એચ. એચ. શાહ અને શ્રી સી. પી. મહેતા હતા.

૧૯૬૧ અને ૧૯૬૨ બંને વર્ષો દરમ્યાન 'વિકાસ'ના અંકોમાં રજૂ થયેલ મંડળના અહેવાલમાં મંડળની સભ્યસંખ્યા વધારવા માટે સક્રિય થવા અપીલ કરાઈ છે.

૧૯૬૨માં ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી નાટ્ય-વાર્તા લેખક **શ્રી જયંતિ દલાલને** રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો અને બીજા એવા ગરવા વિદ્યાર્થી **પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી** સાહિત્ય પરિષદના અધ્યક્ષ બન્યા હતા.[૨૫] કૉલેજના આ બે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવાની તક મંડળે ઝડપી નથી એ હકીકતનો અત્રે ઉલ્લેખ કરવો ઘટે.

**'વિકાસ' હવે 'વિદ્યા-વિકાસ'**

૧૯૬૨થી 'વિકાસ' નવું નામ ધારણ કરે છે – 'વિદ્યા-વિકાસ'.

૧૯૬૩ના માર્ચના 'વિદ્યા-વિકાસ'માં પ્રોફેસર એરચ માણેકશા બલસારા(પ્રો. ઈ. એમ. બલસારા)નું સ્વ. પ્રો. એચ. એમ. પાટીલને અંજલિ આપતું લખાણ, અંગ્રેજી ભાષામાં રજૂ થયું છે.[૨૬] આ જ અંકમાં આપવામાં આવેલા મંડળના અહેવાલમાં, મંડળનો ટૂંક ઇતિહાસ રજૂ કરવામાં આવ્યો છે.

આ મૅગેઝીનના આધારે કહી શકાય કે ૧૯૬૨માં મળેલી મંડળની સામાન્ય સભા પહેલાં વાર્ષિક રમતગમતનો કાર્યક્રમ

યોજવામાં આવ્યો હતો. આ પ્રકારનું આયોજન મંડળની સ્થાપના થયા પછી પ્રથમ વાર કરવામાં આવ્યું હતું. આ મંડળના એક સભ્ય **શ્રી નાદિરશાહ લાલકાકાએ** (મહાન દાનવીર સ્વ. સર નવરોજી પેસ્તનજી વકીલના પ્રપૌત્ર) ઇનામો માટે રૂ. ૩૧ આપ્યા હતા.

## ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયઝ ઍસોસિયેશનના બંધારણમાં કેટલાક ફેરફારો

૧૯૬૨માં ઍસોસિયેશનના બંધારણમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા હતા.

(૧) સભ્યોના નવા પ્રકારો આપવામાં આવ્યા હતા. રૂ. ૨૫૦ આપનાર પેટ્રન બની શકે અને રૂ. ૧૦૦ આપનાર દાતા (ડોનર) બની શકે.

(૨) ત્રણ સંયુક્ત મંત્રીના પદ સાથે કાર્યકારી મંત્રીનું પદ વધારવામાં આવ્યું. આ પદ પર જે તે સમયના સ્ટાફમાંથી કોઈને નીમવા એવું નક્કી થયું.

## ૧૯૬૨ની કાર્યવાહક સમિતિ

અમદાવાદ શહેરના જાણીતા સર્જન ડૉ. મોતીભાઈ પટેલ (એફ.આર.સી.એસ.) પ્રમુખ હતા. તેઓ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સેનેટમાં હતા. આચાર્ય ડૉ. વાય. જી. નાયક, શ્રીમતી વિનોદિની નીલકંઠ અને શ્રી એચ. એચ. શાહ ઉપપ્રમુખપદે હતા. ખજાનચી તરીકે ડૉ. વી. એમ. ઠાકોર હતા. પ્રો. ઈ. એમ. બલસારા કાર્યકારી મંત્રી હતા. કમળાબહેન સુતરિયા, એન. જે. કામા અને મનુભાઈ પરીખ મંત્રી તરીકે હતા. અન્ય સભ્યોમાં પ્રો. એન. એલ. શાહ, નરેન્દ્ર શેઠ, ડૉ. કે. એમ. શાહ, પ્રો. શ્રીમતી કોકિલા હરિપ્રસાદ વ્યાસ, મધુકાંત શાહ અને પ્રબોધ રાવળ હતા. કો-ઓપ્ટ કરેલા સભ્યો તરીકે સુરેન્દ્ર ઠાકોર અને ડૉ. ધીરજલાલ ડી. શાહ હતા.

આ વર્ષે ત્રણ બહેનો કાર્યવાહક સમિતિમાં છે એ હકીકત ધ્યાનપાત્ર છે.

## પ્રો. ફીરોઝ દાવરનું બહુમાન

૧૯૬૨ના માર્ચ મહિનામાં મળેલી ગુ. કૉ. ઓ. બૉ. ઍ.ની સામાન્ય સભામાં નિવૃત્ત થતા પ્રમુખ **પ્રો. દાવરે** ઍસોસિયેશનની પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. આ સાથે એમણે નવા પ્રમુખ **ડૉ. મોતીભાઈ પટેલ** સંસ્થામાં નવો રક્તસંચાર કરશે એવી આશા વ્યક્ત કરી હતી. મંત્રી **શ્રી મનુભાઈ પરીખે** પ્રો. દાવરનો આભાર માન્યો હતો. શ્રી મનુભાઈએ પ્રો. દાવરને ૧૯૬૨ના નવેમ્બરમાં સિત્તેર વર્ષ પૂરાં થતાં હોઈ એ પ્રસંગની ઉજવણી માટેનો પ્રસ્તાવ મૂકયો હતો. આ સભામાં પ્રો. દાવરના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તેમ જ અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી હેમકુમાર મિસ્ત્રી (નિવૃત્ત સચિવ, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય) પણ હાજર હતા. તેઓ એ સમયે સુરતમાં શિક્ષણ ખાતામાં ઇન્સ્પેકટરનો હોદ્દો ધરાવતા હતા. મુખ્ય મહેમાન તરીકે કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી, બૅરિસ્ટર **શ્રી યશોધર મહેતા** હાજર હતા.

દાવર સાહેબની એકોતેરમી વર્ષગાંઠ ૧૯૬૨ના નવેમ્બરની તા. ૧૬મીએ હતી. આ સંદર્ભમાં રૂ. ૨૫,૦૦૦ એકત્ર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ રકમમાંથી પ્રોફેસર દાવર મેમૉરિયલ ટ્રસ્ટની રચના કરવામાં આવી હતી. આ ટ્રસ્ટ દ્વારા ગુજરાત યુનિવર્સિટીની બી.એ.ની પરીક્ષામાં અંગ્રેજી વિષય સાથે સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને સુવર્ણચંદ્રક આપવામાં આવે છે.

પ્રો. દાવરના તૈલચિત્રની અનાવરણ વિધિ માટે એ સમયના મહારાષ્ટ્ર રાજ્યના માનનીય શિક્ષણમંત્રી **શ્રી શાંતિલાલ એચ. શાહને** મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપવા માટે

પત્રવ્યવહાર શરૂ થયો હતો. શ્રી શાંતિલાલ શાહ કૉલેજના એક ભૂતપૂર્વ, હૉસ્ટેલમાં રહેનાર વિદ્યાર્થી હતા. પરંતુ આ કાર્યક્રમ ભારત પર ચીની આક્રમણને કારણે ઊભી થયેલી રાષ્ટ્રીય કટોકટીને લીધે યોજી શકાયો નહોતો.

આ દરમ્યાન શેઠ શ્રી હરગોવિંદદાસ, કસ્તૂરભાઈ લાલભાઈ અને શાંતિલાલ મંગળદાસે (મંડળના ઉપપ્રમુખ) અનુક્રમે રૂ. ૧,૦૦૧, રૂ. ૧,૫૦૧ અને રૂ. ૧૦૦૧ આપવાનું વચન આપ્યું હતું. તૈલચિત્ર પણ તૈયાર થઈ ગયું હતું. ૧૯૬૨ના નવેમ્બરની તા. ૧૬મીએ એક નાનકડો કાર્યક્રમ ડૉ. મોતીભાઈ પટેલના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી અંબાલાલ સારાભાઈ (પ્રો. દાવરના જૂના પાડોશી), મંડળના ઉપપ્રમુખ શેઠ શ્રી શાંતિલાલ મંગળદાસ અને કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી, મુંબઈની બૅન્ક ઑફ ઇન્ડિયાના જનરલ મૅનેજર ટી. ડી. કંસારા વગેરેના સંદેશાઓનું વાચન કરવામાં આવ્યું હતું. આચાર્ય ડૉ. વાય. જી. નાયક, શ્રીમતી વિનોદિની નીલકંઠ વગેરેએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યાં હતાં.

૧૯૬૩માં કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે ખાસ વિદ્યાર્થી વર્ગ અને અધ્યાપકોને મળવા આવેલ પંતપ્રધાન **શ્રી બળવંતરાય મહેતા** અને શ્રીમતી સરોજબહેન બળવંતરાય મહેતાની મુલાકાત ઉષ્માભરી રહી હતી.[૨૭]

૧૯૬૪માં મંડળના મંત્રી **પ્રો. એરચ માણેકશા બલસારા** ગુજરાત કૉલેજ મૅગેઝીન ‘વિદ્યા-વિકાસ’ના સંપાદક મંડળમાં હતા એ હકીકત અત્રે ઉલ્લેખનીય છે. આ અંકમાં ૧૯૬૩ના સપ્ટેમ્બરની તા. ૧૯મીએ ગુજરાત કૉલેજના એક ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી બળવંતરાય મહેતા** ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા એ હકીકત સગૌરવ નોંધવામાં આવી છે.[૨૮]

આ જ અંકમાં કૉલેજના ત્રણ ભૂતપૂર્વ યશસ્વી વિદ્યાર્થીઓના

ફોટોગ્રાફ અને એમના વિષેની માહિતી આપવામાં આવી છે. આ ત્રણ વિદ્યાર્થીઓ હતા :

૧, **શ્રી જે. એમ. શેલત**, ચીફ જસ્ટિસ, ગુજરાત હાઈકોર્ટ.

૨. **શ્રી ભાનુપ્રસાદ પંડ્યા**, નાયબપ્રધાન, શિક્ષણ અને મજૂર ખાતું. તેઓ ગુજરાત કૉલેજ હૉસ્ટેલમાં કૉલેજના વિદ્યાર્થી તરીકે રહેતા હતા.

૩. **શ્રી એન. ડી. બૂચ**, સેક્રેટરી, શિક્ષણ અને મજૂર ખાતું. એમણે હૉસ્ટેલના સૌથી સારા વિદ્યાર્થીને આપવા માટેના શીલ્ડ માટે દાન આપ્યું હતું.

૧૯૬૩માં ગુ. કૉ. ઓ. બૉ. ઍસોસિયેશન તરફથી યોજાયેલા ભોજન સમારંભના મુખ્ય મહેમાન તરીકે શ્રી શેલત હતા.

આમ ઍસોસિયેશનના કાર્યકારી મંત્રી પ્રો. ઈ. એમ. બલસારા ‘વિદ્યા-વિકાસ’ના સંપાદક મંડળમાં આવતાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સિદ્ધિઓ ‘વિદ્યા-વિકાસ’ પર છવાઈ ગઈ હતી.

૧૯૬૨ના ચીનના આક્રમણને કારણે મંડળની પ્રવૃત્તિ ધીમી પડી હોવા છતાં ૧૯૬૩ના જૂનમાં મંડળ તરફથી ‘સ્પેસ ઍન્ડ રૉકેટ્સ’ પર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે અવકાશયાત્રી જૉન ગ્લેનની ફિલ્મ બતાવવામાં આવી હતી.

૧૯૬૩ના જુલાઈની તા. ૨૦મીએ કૉલેજની વિદ્યાર્થી પ્રતિનિધિ સભા અને મંડળના ઉપક્રમે કૉલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થિની **કુ. નંદિની પટેલનું**, એમણે ૧૯૬૩ના જૂનમાં કૈલાસ પર્વતના ચડાણમાં દાખવેલી સિદ્ધિના સંદર્ભમાં બહુમાન કરવામાં આવ્યું હતું.

૧૯૬૩ના ડિસેમ્બરની ૧૯મી એ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ભોજન સમારંભ થયો હતો. આગળ જોઈ ગયા તેમ આ સમારંભના મુખ્ય મહેમાન તરીકે કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી જે. એમ.

શેલત હતા. કૉલેજના વાર્ષિક દિવસની ઉજવણીના મુખ્ય મહેમાન શ્રી ગગનવિહારી મહેતા અને શ્રીમતી સૌદામિની મહેતા (કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થિની શ્રીમતી વિદ્યાગૌરી નીલકંઠનાં બહેન અને શ્રીમતી વિનોદિની નીલકંઠનાં માસી)ને પણ આ સમારંભમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું.

૧૯૬૪ માર્ચના 'વિદ્યા-વિકાસ'માં આવેલા મંડળના અહેવાલ નીચે **મનુભાઈ પરીખ, નરીમાન કામા, કમળાબહેન સુતરિયા** અને ઇ. **એમ. બલસારાનાં** નામો છે.

૧૯૬૫ માર્ચના 'વિદ્યા-વિકાસ'ના મુખ્ય તંત્રી અને સહમંત્રી તરીકે અનુક્રમે તે સમયના કૉલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા. વી. જે. ત્રિવેદી અને ગુજરાતી વિભાગના પ્રા. જિતેન્દ્ર દવે હતા. આ અંકમાં આ મંડળની કામગીરી અંગે સંપાદકીય નોંધમાં ઉલ્લેખ થયો છે. એમાંથી અત્રે લખાણ રજૂ કર્યું છે:

"આ કૉલેજનું ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ પ્રશસ્ય પ્રવૃત્તિઓ કરે છે. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી, જાણીતા ઉદ્યોગપતિ, શાણા ગુજરાતી શેઠ શ્રી અમૃતલાલ હરગોવિંદદાસનો પંચસપ્તતિ વર્ષ પૂર્તિ સમારંભ, એમ જ બીજા ભૂતપૂર્વ વિદ્યાર્થી પ્રો. દાવરની સપ્તતિવર્ષ પૂર્તિ સન્માનફંડ આરંભીને અથવા નિયોજનપંચના સભ્ય અને કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી તરલોકસિંઘનો મિલન સમારંભ યોજીને, આ મંડળ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો આ કૉલેજ સાથેનો સંપર્ક તાજો રાખે છે. કૉલેજના સ્ટાફના સભ્યે અને વિદ્યાર્થીઓએ ગુજરાત કૉલેજના ભૌતિકશાસ્ત્રના અધ્યક્ષ સ્વ. પ્રા. એચ. એન. પાટીલનાં બે સંતાનોના શિક્ષણ અર્થે રૂ. ૧૧,૦૬૮નું ફંડ એકત્ર કરી ગુરુઋણ પણ અદા કર્યું છે." (પુત્ર રાજુ બૅંક-ઑફિસર છે. પુત્રી ઉષા ભૌતિકશાસ્ત્રના વિષય સાથે એમ. એસસી. થઈ છે.)

૧૯૬૫ના 'વિદ્યા-વિકાસ'માં આપેલા મંડળના અહેવાલ નીચે માનદ મંત્રી **પ્રો. ઈ. એમ. બલસારાનું નામ છે.**

૧૯૬૪માં વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન તરીકે કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી કૅપ્ટન **શ્રી દિનકર દેસાઈ** હતા. તેઓએ છેલ્લા ભારત-પાક યુદ્ધ દરમ્યાન છામ્બ વિસ્તારમાં મોખરાની હરોળ સાચવી હતી.[૨૯]

## પ્રો. દાવર સન્માન સમારંભ

૧૯૬૬ના ડિસેમ્બરની તા. ૨૪મીએ પ્રો. દાવર સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. એ દિવસે બપોરે ડૉ. મોતીભાઈ પટેલના આંબાવાડીના નિવાસસ્થાન 'મોતીગંગા'માં પ્રો. એમ. એસ. ઠાકર, એમનાં પત્ની આલુબહેન (ગુ.કૉ.ઓ.બૉ.ઍ.ના ઉપપ્રમુખ તથા ગુજરાત કૉલેજ સેન્ટિનરી મેમોરિયલ ટ્રસ્ટના ટ્રસ્ટી અને ગુજરાત કૉલેજનો ઇતિહાસ તૈયાર કરનાર સમિતિના કન્વીનર શ્રી સોરાબ એન. ખંભાતાનાં બહેન), ગુ.કૉ.ઓ.બૉ.ઍ.ની કાર્યવાહક સમિતિના સભ્યો અને આમંત્રિતોને બુફે-લંચ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

પ્રો. દાવર સન્માન સમારંભના સંદર્ભમાં કૉલેજ મૅગેઝીનમાંથી મળતી માહિતીમાંથી કેટલુંક લખાણ અત્રે રજૂ કર્યું છે:

> "ઓલ્ડ બૉયઝ એસોસિયેશન તથા ગુજરાત કૉલેજ વિદ્યાર્થી પ્રતિનિધિસભા તરફથી પોતાના ૭૫મા વર્ષમાં પ્રવેશી ચૂકેલા સાંદીપનિ ઋષિ જેવી ધીરજ અને ધગશ ધરાવતા, આદર્શ અધ્યાપક શ્રી પ્રો. દાવર સાહેબનો એક સત્કાર સમારંભ યોજવામાં આવ્યો. આ સમયે કૉલેજના જૂના વિદ્યાર્થી **પ્રો. એમ. એસ. ઠાકર** પ્રમુખસ્થાને હાજર રહ્યા હતા. આ સમારંભમાં વિ. પ્ર. સભાના પ્રમુખ શ્રી શેખે (શ્રી અબ્દુલ રશીદ શેખ) સત્કાર પ્રવચન કર્યું હતું. આ

પછી શ્રી શેખે પ્રો. દાવર સાહેબને ગુજરાત કૉલેજનું સ્મૃતિ પ્રતીક અર્પણ કર્યું હતું તે ઉપરાંત આચાર્ય ડૉ. નાયક સાહેબે પ્રો. દાવર સાહેબની સેવાની કદર અને પ્રો. ઠાકર સાહેબની ઓળખવિધિ કરાવી તેમનો સત્કાર કર્યો હતો."૩૦

પ્રો. એમ. એસ. ઠાકરને ભારત સરકારે પદ્મશ્રીનો ખિતાબ આપી એમનું બહુમાન કર્યું હતું. આ પ્રસંગે પ્રો. ઠાકરે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે સરકારે પદ્મશ્રી જેવા ખિતાબથી પ્રો. દાવરને કેમ નવાજ્યા નહોતા.

આ દિવસે રાત્રે ગાંધી હૉલમાં એક મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી એ. એ. બાદશાહ, દિનેશ શુકલ, અશ્વિન પટેલ** તથા **કુ. પ્રીતિ શાહે** ભારે જહેમત ઉઠાવી હતી.

૧૯૬૭ના જાન્યુઆરીની તા. ૧૧, ૧૨ અને ૧૩ દરમ્યાન ઊજવાયેલ વાર્ષિકોત્સવ દરમ્યાન કૉલેજના બધા જ ભૂતપૂર્વ ભારતીય આચાર્યોનાં તૈલચિત્રોનો અનાવરણ વિધિ યોજવામાં આવ્યો હતો. આ વિધિ ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયઝ એસોસિયેશનના પ્રમુખ **ડૉ. મોતીભાઈ પટેલે** કર્યો હતો.

૧૯૬૮ના મે મહિનામાં તા. ૧૫મીએ **શ્રી જગદીશનારાયણ વૈકુંઠનારાયણ સાંડિલ** ગુજરાત કૉલેજના આચાર્યપદે આવ્યા હતા. કૉલેજના જ એક ભૂતપૂર્વ વિદ્યાર્થી કૉલેજના આચાર્યપદે આવે એ વ્યક્તિ અને સંસ્થા બન્ને માટે ગૌરવપ્રદ પ્રસંગ છે.

૧૯૭૦ 'વિદ્યા-વિકાસ'માં છપાયેલો **પ્રો. એરચ માણેકશા બલસારાનો** લેખ 'બોલતી તવારીખો' ધ્યાનપાત્ર છે. કૉલેજના ઇતિહાસ-લેખનનો પ્રારંભ વર્ષો સુધી ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયઝ એસોસિયેશનના માનદ મંત્રી કે કાર્યકારી મંત્રી તરીકે રહેલ વ્યક્તિએ કૉલેજની શતાબ્દી વર્ષની ઉજવણીની પ્રારંભિક

પૂર્વભૂમિકા તૈયાર કરવા માટે આ લેખ લખ્યો છે એમ જરૂર કહી શકાય.

પ્રો. બલસારાના લેખમાંથી મંડળને લગતા કેટલાક મુદ્દાઓ અત્રે આપવાનું ઉચિત માન્યું છે.

"(૩૪) ગુજરાત કૉલેજનું એક 'ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ' છે, જેનું ઉદ્‌ઘાટન કૉલેજના હીરક મહોત્સવ પ્રસંગે તા. ૧૩–૨–૩૮ની સવારે તે પ્રસંગના મુખ્ય મહેમાન સર સર્વપલ્લી રાધાકૃષ્ણનના વરદ હસ્તે થયું હતું.

(૩૫) આ મંડળના મુખ્ય સ્થાપક આચાર્ય આનંદશંકર ધ્રુવ હતા.

(૩૬) મંડળની આજીવન સભ્ય ફી ફક્ત રૂપિયા વીસ છે. ગુજરાત કૉલેજમાં ફક્ત એક ટર્મ ભરી હોય તેવા વિદ્યાર્થી તેમ જ ગુજરાત કૉલેજના વર્તમાન તથા ભૂતપૂર્વ સ્ટાફના સભ્ય, મંડળના સભ્ય બની શકે છે.

(૩૭) તેમના હોદ્દાની રૂએ ગુજરાત કૉલેજના આચાર્ય આ મંડળની કાર્યવાહી સમિતિના ઉપપ્રમુખ બને છે.

*

(૪૦) મંડળના બે આજીવન સભ્યો શ્રી નરોત્તમભાઈ ઝવેરી અને શ્રી ડી. કે. પટેલ તેમના સમયની કૉલેજની ટીમમાં અનુક્રમે કૅપ્ટન અને વાઇસકૅપ્ટન હતા. આજે યોગાનુયોગ, આ બન્ને ગૃહસ્થો અમદાવાદની નગરપાલિકા 'ટીમ'નું પણ કૅપ્ટનપદ (મેયરપદ) અને વાઇસ-કૅપ્ટનપદ (ડેપ્યુટી મેયરપદ) સંભાળી રહ્યા છે."[૩૧]

૧૯૭૦માં આચાર્ય સાન્ડિલ ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના ઉપપ્રમુખ હત. તેઓએ બી.એસસી.ની પરીક્ષા

ઈ. સ. ૧૯૩૦માં આ જ કૉલેજમાંથી ભૌતિકશાસ્ત્રના મુખ્ય વિષય સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ આવીને ડિસ્ટિંકશન સાથે પસાર કરી હતી. પ્રથમ આવવા માટે મુંબઈ યુનિવર્સિટીના પ્રાગજી મૂળજી ઠાકરશી સ્કૉલર બન્યા હતા અને એ વર્ષ માટે કૉલેજમાં 'દક્ષિણા ફેલો' તરીકે નિમાયા હતા. બધા જ દક્ષિણા ફેલોને કૉલેજ હૉસ્ટેલમાં રહેવું ફરજિયાત હોઈ તેઓ કૉલેજ હૉસ્ટેલના 'એ' બ્લૉકમાં રૂમ નં. ૧૫માં રહેતા હતા.

આ સમયે મંડળના પ્રમુખ તરીકે **સ્વ. શ્રીમતી વિનોદિની નીલકંઠ** હતાં. તેઓ મંડળનાં પ્રથમ મહિલાપ્રમુખ હતાં. અને ગુજરાત કૉલેજના પ્રથમ મહિલાવિદ્યાર્થિની **સ્વ. લેડી વિદ્યાગૌરી નીલકંઠ**નાં સુપુત્રી હતાં. વર્ષો સુધી મંડળના મંત્રી પદે રહેનાર **શ્રી મનુભાઈ પરીખ**ના તેઓ પત્ની હતાં.

**૧૯૬૯–૭૦માં મંડળની કાર્યવાહક સમિતિ**ના હોદ્દેદારોમાં આપણે ઉપર જોયું તેમ શ્રીમતી વિનોદિની નીલકંઠ પ્રમુખ હતાં. હોદ્દાની રૂએ આચાર્ય સાન્ડિલ ઉપપ્રમુખ હતા. માનદમંત્રીઓ તરીકે પ્રો. બલસારા, રફીયુદ્દીન શેખ (અમદાવાદના ભૂતપૂર્વ સ્વ. મેયર) અને ડૉ. ધીરજલાલ શાહ હતા. ખજાનચી તરીકે ડૉ. વી. એમ. ઠાકોર હતા. સભ્યો તરીકે ડૉ. મોતીભાઈ પટેલ, ડૉ. કે. એમ. શાહ, દામુભાઈ શુક્લ, નરેન્દ્ર શેઠ, મનુભાઈ પરીખ, હરિપ્રસાદ વ્યાસ, પ્રો. આર. ડી. વસાવડા અને એન. જે. મોદી હતા.[૩૨] તા. ૨૪-૧૨-'૬૯ની સભામાં શ્રી નરીમાન કામા અને પ્રો. આર. ડી. દેસાઈને મંડળના સભ્યો તરીકે કો-ઑપ્ટ કરવામાં આવ્યા હતા. આ સભામાં મંડળના **આજીવન સભ્ય શ્રી કંચનભાઈ પરીખ** જેઓ તે સમયે ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર હતા તેમણે નિવૃત્ત થતા પ્રમુખ ડૉ. મોતીભાઈ પટેલની સેવાઓની નોંધ લેવા જણાવ્યું હતું.

મંડળના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે **શ્રીમતી વિનોદિની-બહેન** નિમાયાં હતાં એની સગૌરવ નોંધ લેવામાં આવી હતી. આ વર્ષનો મંડળનો અહેવાલ **પ્રો. બલસારાના** નામથી છપાયો હતો.

૧૯૭૧ના 'વિદ્યા-વિકાસ'માં ત્રણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ **શ્રીમતી શારદાબહેન મહેતા, શ્રી જયંતિ દલાલ** અને **કુ. નીલા વ્યાસ**ના ફોટોગ્રાફ્સ આપ્યા છે અને એમને શ્રદ્ધાંજલિ આપી છે.

૧૯૭૫ના 'વિદ્યા-વિકાસ'માં કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્વ. શેઠ **શ્રી અમૃતલાલ હરગોવિંદદાસ**નો ફોટોગ્રાફ આપવામાં આવ્યો છે. એમનું અવસાન ૧૯૭૪ના માર્ચ મહિનામાં થયું હતું. સ્વર્ગસ્થ ગુજરાતની એક પ્રમુખ શિક્ષણસંસ્થા 'અમદાવાદ એજ્યુકેશન સોસાયટી' સાથે તેની સ્થાપના સમયથી જ સંકળાયેલા રહેલા તદુપરાંત છેલ્લે 'સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિકસ ઍન્ડ સોશિયલ રિસર્ચ' જેવી સંસ્થા સહિત બીજી ઘણી સંસ્થાઓ તથા રાહતમંડળોને તેમના માર્ગદર્શન અને આર્થિક સહાયનો લાભ મળ્યો હતો.[૩૩]

૧૯૭૬માં મળતી માહિતી મુજબ કોલેજનો સંસ્કૃતદિન તા. ૨૨–૮–૧૯૭૫ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ**ની હાજરીમાં ઊજવાયો હતો. આ પ્રસંગે ગુજરાત કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને રાજ્યસભાના સભ્ય **શ્રી ઉમાશંકર જોશી**એ તેમ જ બીજા એક ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી એન. એન. મજમુદારે** સંસ્કૃતમાં મોકલેલા સંદેશાનું વાચન કાર્યક્રમમાં નોંધપાત્ર રહેલું.[૩૪]

૧૯૭૬–૭૭ કવિ **શ્રી ન્હાનાલાલ**નું જન્મશતાબ્દી વર્ષ હતું.

કવિ શ્રી ન્હાનાલાલનો ગુજરાત કોલેજ સાથેનો સંબંધ એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકેનો હોવા ઉપરાંત, કોલેજના પ્રથમ ગુજરાતી સાહિત્ય મંડળ 'પ્રેમભક્તિ મંડળ'ના સ્થાપક અને પોષક તરીકેનો પણ રહ્યો હતો. કવિશ્રીને નમ્ર અંજલિ આપવાનો કાર્યક્રમ ગુજરાત-યુનિવર્સિટીના તે સમયના કુલપતિ **શ્રી ઈશ્વરભાઈ પટેલ**ના પ્રમુખ-પદે યોજાયો હતો. **પ્રા. શ્રી અનંતરાય રાવળે** ન્હાનાલાલની કાવ્યપ્રતિભા પર વ્યાખ્યાન આપ્યું હતું.[૩૫]

## પ્રો. ફીરોઝ કાવસજી દાવરનું નિધન

૧૯૭૮ના ફેબ્રુઆરીની તારીખ ત્રીજીએ પ્રો. દાવરનું છયાસી વર્ષની જઈફ વયે નિધન થયું હતું. દાવર સાહેબ ગુજરાત કોલેજના એક તેજસ્વી વિદ્યાર્થી હતા. આ કોલેજમાં જ સતત સત્તાવીસ વર્ષ સુધી તેમણે અધ્યાપનકાર્ય કર્યું હતું અને સેંકડો વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ વિદ્યાદાન આપવા સાથે તેમનામાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કર્યું હતું. આવા પ્રો. દાવરના નિધનની નોંધ લેતાં 'વિદ્યા-વિકાસ'ના અંકમાં નીચે મુજબનું લખાણ જોવા મળે છે :

> "દાવર સાહેબનાં તેજસ્વી ચારિત્ર્ય, તપોમય સંસ્કાર-સાધના, એકનિષ્ઠ વિદ્યોપાસના અને આજીવન ઉદાત્ત શિક્ષણ-કાર્ય અધ્યાપકો માટે સદાય પ્રેરણારૂપ રહેશે. આવા ઋષિગુરુના અનેક લબ્ધપ્રતિષ્ઠ શિષ્યો – સન્મિત્રોમાંથી આઠ વ્યક્તિઓ પાસેથી અમારી પાસેના ટૂંકા સમયમાં અમે થોડાં પૂજ્યભાવ-ભર્યાં સંસ્મરણો મેળવી શક્યાં છીએ, જે આ અંકની વિશેષ-પૂર્તિ રૂપે પ્રકાશિત કરીને અમે આ મેગેઝીનના જ એક સમયના તેજસ્વી સંપાદક સ્વ. પ્રા. દાવર સાહેબને અમારી નમ્ર અંજલિ અર્પીએ છીએ."[૩૬]

આમ ગુજરાત કોલેજ મેગેઝીન અને કોલેજના આ ભૂતપૂર્વ વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ છેક સુધી એના ઉત્તમોત્તમ સ્વરૂપમાં સચવાયેલો જોવા મળે છે.

જૂન ૧૯૭૮ના ‘વિદ્યા-વિકાસ’ના અંકમાં સ્વ. પ્રા. ફીરોઝ કાવસજી દાવર શ્રદ્ધાંજલિ પૂર્તિને સમાવી લેવામાં આવી હતી. આ પૂર્તિ પર લખાયું હતું :

**‘પ્રવેશું વર્ગમાં જ્યહારે, પ્રવેશું દેવમંદિરે.’**

ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળનું શિક્ષણજગત પરત્વેનું સ્વપ્ન ખરે જ આ પંક્તિઓમાં અભિવ્યક્ત થઈ ગયું છે! શિક્ષણજગતના પ્રાધ્યાપકો આવી ભાવના અને પોતાના વિષયનું ઉત્તમોત્તમ જ્ઞાન ધરાવતા હોય તો શિક્ષણ દ્વારા ઉત્તમોત્તમ ચારિત્ર્ય-ઘડતરની સાથે રાષ્ટ્રના નવનિર્માણ અને પ્રગતિનું કાર્ય ત્વરિત ગતિએ સિદ્ધ થવા માંડે.

આ પૂર્તિમાં શ્રી પ્રભુદાસ પટવારી, શ્રી અનંતરાય રાવળ, શ્રી યશોધર મહેતા, શ્રીમતી વિનોદિની નીલકંઠ, શ્રી નોશીર ખુરશેદ દાણુ, ડૉ. એસ. બી. અંકલેસરિયા, પ્રો. સી. એન. પટેલ અને શ્રી કંચનભાઈ ચં. પરીખનાં દાવર સાહેબ વિષેનાં સંસ્મરણો અપાયાં છે.

અત્રે સ્વ. વિનોદિનીબહેન નીલકંઠનાં સંસ્મરણોમાંથી કેટલુંક લખાણ રજૂ કર્યું છે :

> “સને ૧૯૨૪થી ૧૯૨૮ સુધીનાં ચાર વર્ષોના ગુજરાત કૉલેજના મારા અભ્યાસ દરમિયાન પૂજ્ય દાવર સાહેબને ચરણે બેસીને વિદ્યા પ્રાપ્ત કરવાનો મને સુભગ સુયોગ પ્રાપ્ત થયો હતો. × × ×
>
> પરંતુ દાવર કુટુંબની સાથેનો અમારા નીલકંઠ કુટુંબનો નાતો તો બહુ જૂનો હતો. દાવર સાહેબનાં માતુશ્રી, તેમ જ તેમની બે બહેનો શ્રીમતી મહેરબાનુ એડનવાળા તથા શ્રીમતી જરબાનુ કોઠાવાળા મારાં માતુશ્રીના નિકટના સંબંધથી સંકળાયલાં હતાં. તે બન્ને બહેનો પણ (દુર્ભાગ્યે આજે વીસરાઈ ગયેલાં) તેમના જમાનામાં જાણીતાં સ્ત્રીલેખિકાઓ હતાં તેમ

જ અમદાવાદના સરકારી વકીલ શ્રી હોમી પી. ચાહેવાળા (દાવર સાહેબના ભાણેજ) મારાં માતાપિતા સાથે જાહેર જીવનમાં સહકાર્યકર હતા."[૩૭]

આમ પ્રો. દાવરના જીવનઇતિહાસની કેટલીક કડીઓ પણ આ પૂર્તિમાં સચવાયેલી છે. ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયઝ ઍસોસિયેશન ભવિષ્યમાં પ્રા. દાવર સાહેબનો જીવનઇતિહાસ તૈયાર કરાવી શકવાની ક્ષમતા તો જરૂર ધરાવે છે.

## પ્રો. એરચ માણેકશા બલસારાની ગુજરાત કોલેજમાંથી બદલી

'વિદ્યા-વિકાસ' અંક ૬૨, માર્ચ ૧૯૭૬ના સંપાદકીય લેખમાંથી મળતી માહિતી મુજબ ગુજરાત કોલેજના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને 'વિદ્યા-વિકાસ'ના સંપાદક, મંડળના એક વખતના કોલેજના મુરબ્બી સહકાર્યકર પ્રો. બલસારાની ગાંધીનગર વિજ્ઞાન કોલેજમાં બદલી થઈ હતી.

એમના માટે ઉપર્યુક્ત 'વિદ્યા-વિકાસ'ના અંકમાં લખાયું હતું :

"ગુજરાત કોલેજના આ 'ઓલ્ડ બૉય' અને એક ટૂંકો ગાળો બાદ કરતાં લગભગ પચીસેક વર્ષો સુધી આ સંસ્થા સાથે 'પ્રેમસગાઈ' હોય તેમ છતાં વહીવટી જરૂરિયાતોને લક્ષમાં રાખીને કરાયેલી તેમની બદલી પ્રા. બલસારાએ એમના સદાય હસતા મોંએ સ્વીકારી તે હકીકત તેમના સંયમ અને પ્રફુલ્લિત સ્વભાવ સાથે તેમની શિસ્તની ભાવનાની પણ સાક્ષી પૂરે છે. તેમની વિદાયમાં કોલેજે એક વિદ્યાર્થીપ્રિય, હસમુખ અને સંનિષ્ઠ શિક્ષક તથા સ્વસ્થ ઉત્સાહી અને મિલનસાર કાર્યકરને વિદાય આપી છે."

અત્રે એ નોંધવું ઘટે કે ૧૯૭૬થી છેક ૧૯૮૭ સુધીના 'વિદ્યા-

વિકાસ'માં ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયઝ ઍસોસિયેશનનો વાર્ષિક અહેવાલ જોવા મળતો નથી.

ગુ.કૉ.ઓ.બૉ.ઍ.ના માનદ મંત્રી પ્રો. બલસારાની સંગઠનશક્તિ ધ્યાનપાત્ર રહી છે. મંડળમાં નવી નેતૃત્વશક્તિ સતત વિકસતી રહે એ આશા સાથે આ ઇતિહાસ તૈયાર કર્યો છે એ હકીકત ધ્યાનમાં રાખવી ઘટે.

## પાદટીપ

૧. 'ગુજરાત કૉલેજ મૅગેઝીન', પુ. ૩૪, ફેબ્રુઆરી ૧૯૪૮, પૃ. ૧, ૨

૨, ૩. એજન, પુ. ૩૫, ફેબ્રુઆરી ૧૯૪૯, નં. ૨, પૃ. ૩૫.

૪. ઉદ્ધૃત : એમ. એ. અબ્બાસી, વ્યાખ્યાતા ઉર્દૂ-ફારસી વિભાગ : 'ગુજરાત કૉલેજનાં મકાનો અને તેમની સ્થાપત્યકીય વિશિષ્ટતાઓ', 'વિદ્યા-વિકાસ', અંક ૬૭, એપ્રિલ ૧૯૮૧, પૃ. ૩૦થી ૩૫

૫. 'વિકાસ', વર્ષ ૩૬, માર્ચ ૧૯૫૦, અંક ૨

૬. એજન, વર્ષ ૩૭, માર્ચ ૧૯૫૧, અંક ૨, પૃ. ૬

૭. એજન, પુ. ૩૯, માર્ચ ૧૯૫૩, અંક ૨, પૃ. ૪૪થી ૪૬

૮. એજન, વર્ષ ૩૭, ઑક્ટોબર ૧૯૫૦, અંક ૧

૯. એજન, વર્ષ ૩૮, માર્ચ ૧૯૫૨, અંક ૧–૨

૧૦. અનુક્રમે આ કૃતિઓ નીચે મુજબના 'ગુજરાત કૉલેજ મૅગેઝીન'ના અંકોમાં રજૂ થઈ હતી :

(૧) ગુજરાત કૉલેજ મૅગેઝીન, પુ. ૩૪, ફેબ્રુઆરી ૧૯૪૮, નં. ૧–૨, પૃ. ૧૩, ૧૪

(૨) એજન, વર્ષ ૩૫, મહાત્મા ગાંધી સ્મૃતિ અંક, અંક ૧, પૃ. ૫.

(૩) એજન, વર્ષ ૩૫, ફેબ્રુઆરી ૧૯૪૯, અંક ૨, પૃ. ૧.

(૪) એજન, વર્ષ ૩૬, ઑક્ટોબર ૧૯૪૯, અંક ૧, પૃ. ૮.

(૫) 'વિકાસ', વર્ષ ૩૭, માર્ચ ૧૯૫૧, અંક ૨.
(૬) એજન, પુ. ૩૯, ઑક્ટોબર ૧૯૫૨, અંક ૧, પૃ. ૪.
૧૧. 'વિકાસ', વર્ષ ૩૬, માર્ચ ૧૯૫૦, અંક ૨, પૃ. ૩૩થી ૩૫.
૧૨. આ લેખો અનુક્રમે નીચે મુજબ પ્રકટ થયા હતા :
(૧) 'વિકાસ', વર્ષ ૩૮, માર્ચ ૧૯૫૨, અંક ૧–૨, પૃ. ૧૧થી ૧૬.
(૨) એજન, પુ. ૩૯, ઑક્ટોબર ૧૯૫૨, અંક ૧. પૃ. ૧૩થી ૧૫.
(૩) એજન, પુ. ૩૯, માર્ચ ૧૯૫૩, અંક ૨, પૃ. ૧૫થી ૧૮.
(૪) એજન, પૃ. ૬૪થી ૬૬.
(૫) એજન, વર્ષ ૪૦, ઑક્ટોબર ૧૯૫૩, અંક ૧, પૃ. ૧૭થી ૨૦.
(૬) એજન, પૃ. ૫૨થી ૫૪
(૭) એજન, પુ. ૪૦, માર્ચ ૧૯૫૪, અંક ૨, પૃ. ૨૦થી ૨૩.
૧૩. એજન, વર્ષ ૪૨, માર્ચ ૧૯૫૬, અંક ૨, પૃ. ૩૯
૧૪. એજન, વર્ષ ૪૩, માર્ચ ૧૯૫૭, અંક ૧–૨, સંપાદકીય નોંધ, પૃ. ૧.
૧૫. એજન, પૃ. ૩.
૧૬. એજન, વર્ષ ૪૫, માર્ચ ૧૯૫૯, અંક ૧–૨, સંપાદકીય નોંધ, પૃ. ૩.
૧૭. એજન, વર્ષ ૪૬, માર્ચ, ૧૯૬૦, અંક ૧–૨, પૃ. ૯૦.
૧૮. એજન, વર્ષ ૪૩, માર્ચ ૧૯૫૭, અંક ૧–૨. —
(૧) રાધેશ્યામ શર્મા (સિ.બી.એ.) 'સાહિત્યમાં જીવન નિરૂપણ' પૃ. ૧૨થી ૧૬.
(૨) રાધેશ્યામ શર્મા 'વાંઝિયા સારા' પૃ. ૨૩થી ૨૫
(૩) તરલિકા સુમતિલાલ કાપડિયા (જુ.બી.એ.) : 'બીજી પંચવર્ષીય યોજના,' પૃ. ૩૬થી ૩૮.

૧૯. 'વિકાસ', વર્ષ ૪૩, માર્ચ ૧૯૫૭, અંક ૧–૨, પૃ. ૫, ૬.

૨૦. એજન, વર્ષ ૪૪, માર્ચ ૧૯૫૮, અંક ૧–૨. શ્રી યોગેન્દ્ર વ્યાસ (પ્રથમ વર્ષ વિનયન): 'ગુલાબને' (કાવ્ય) વિકાસ વર્ષ ૪૫, માર્ચ ૧૯૫૯, અંક ૧–૨, પૃ. ૪૪, (દ્વિતીય વર્ષ વિનયન) 'તારા' (કાવ્ય) પૃ. ૧૧. શિવને (કાવ્ય) પૃ. ૧૧. ત્રણ પાદ પૂર્તિઓ પૃ. ૨૦.

૨૧. 'વિકાસ', વર્ષ ૪૫, માર્ચ ૧૯૫૯, અંક ૧–૨.

(૧) બિપિન સાંગણુકર (દ્વિ. વ. વિનયન) 'કવિ અને કવિતા' (લેખ) પૃ. ૫ થી ૭;

(૨) બિપિન સાંગણુકર 'ચોરાયાં સ્વપ્નો મળ્યાં આશ્વાસનો' (કાવ્ય) પૃ. ૩૩.

(૩) બિપિન સાંગણુકર: (તૃ. વ. વિનયન) આદર્શ અધ્યાપક (લેખ) 'વિકાસ' વર્ષ ૪૬, માર્ચ ૧૯૬૦, અંક ૧–૨, પૃ. ૧૨ થી ૧૫.

(૪) બિપિન સાંગણુકર : 'વીરવિનોદ કિનારીવાલાને' (કાવ્ય) એજન, પૃ. ૧૬.

૨૨. 'વિકાસ', વર્ષ ૪૪, માર્ચ ૧૯૫૮, અંક ૧–૨.

૨૩. એજન, વર્ષ ૪૭, માર્ચ ૧૯૬૧, અંક ૧–૨, પૃ. ૮૭.

૨૪. એજન, વર્ષ ૪૬, માર્ચ ૧૯૬૦, અંક ૧–૨, પૃ. ૮૯.

૨૫. 'વિદ્યા-વિકાસ' (નવું નામાભિધાન), 'ગુજરાત કૉલેજ વાર્ષિક' વર્ષ ૪૮, માર્ચ ૧૯૬૨, પૃ. ૬.

૨૬. 'વિદ્યા-વિકાસ', વર્ષ ૪૯, માર્ચ ૧૯૬૩, પૃ. ૬૩થી ૭૨.

૨૭. એજન, વર્ષ ૫૦, માર્ચ ૧૯૬૪, સંપાદકીય નોંધ, પૃ. ૩.

૨૮. એજન, પૃ. ૯.

૨૯. એજન, વર્ષ ૫૨, માર્ચ ૧૯૬૬, સંપાદકીય નોંધ

૩૦. એજન, વર્ષ ૫૩, માર્ચ ૧૯૬૭, પૃ. ૫૭.

૩૧. એજન, વર્ષ ૫૬, ૧૯૭૦ પ્રો. ઈ. એમ. બલસારા, 'બોલતી તવારીખો, પૃ. ૩૧ થી ૩૫.
૩૨. એજન, પૃ. ૬૮.
૩૩. એજન, અંક ૬૦–૬૧, માર્ચ ૧૯૭૫, સંપાદકીય નોંધ, પૃ. ૬.
૩૪. એજન, અંક ૬૨, માર્ચ ૧૯૭૬, સંપાદકીય નોંધ, પૃ. ૪.
૩૫. એજન, અંક ૬૩, માર્ચ ૧૯૭૭, સંપાદકીય નોંધ, પૃ. ૫.
૩૬. એજન, અંક ૬૪, જૂન ૧૯૭૮, સંપાદકીય નોંધ, પૃ. ૩
૩૭. એજન, પૃ. ૬૫.

૫

## ગુજરાત કૉલેજ શતાબ્દીવર્ષ ઉજવણી : ૧૯૭૯

'ગુજરાત કૉલેજ શતાબ્દી વર્ષ ઉજવણીની ભીતરમાં' એ શીર્ષક હેઠળ એક નાનકડી સ્વતંત્ર પુસ્તિકા તૈયાર કરી શકાય એમ છે. આ સમકાલીન ઇતિહાસને ઉપસાવવાનું કામ હાથ ધરવું ઘટે. અત્રે આ નાનકડી પુસ્તિકામાં આ ઉજવણી અંગે ટૂંકમાં રજૂઆત કરી છે.

૧૯૭૯નું વર્ષ ગુજરાત કૉલેજના ઇતિહાસમાં અવિસ્મરણીય સીમાચિહ્ન સમું છે. આ વર્ષે કૉલેજે ભારતના પશ્ચિમ પ્રદેશમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે સેવાકાર્યનાં સો વર્ષ પૂરાં કરીને એકસો એકમા વર્ષમાં મંગળ પ્રયાણ કર્યું હતું.

### શતાબ્દી ઉજવણીની પૂર્વભૂમિકા

૧૯૭૬ના 'વિદ્યા-વિકાસ'માં મળતી માહિતી મુજબ ગુજરાત કૉલેજના તે સમયના **આચાર્ય પ્રા. વી. જે. ત્રિવેદી** હેઠળ કૉલેજની શતાબ્દી ઉજવણીની પૂર્વભૂમિકા તૈયાર થતી જતી હતી એમ ચોક્કસ રીતે કહી શકાય એમ છે.

આ જ અંકમાં કૉલેજનું શતાબ્દી વર્ષ ત્રણ વર્ષ પછી આવી

રહ્યું છે એ હકીકતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સાથે એમ પણ લખવામાં આવ્યું હતું કે સંસ્થાના અનેક નામી-અનામી, નાનામોટા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હિતચિંતકો શતાબ્દીની ઉજવણી યોગ્ય રીતે થાય તે દિશામાં વિચાર કરવા લાગે તે જરૂરી છે. આચાર્ય શ્રી વી. જે. ત્રિવેદીએ આ સંદર્ભમાં શતાબ્દી ઉજવણી અંગેના કેટલાક વિચારપ્રવાહો જુદાં જુદાં વર્તુળોમાં વહેતા મૂક્યા હતા. ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉય્ઝ ઍસોસિયેશનના સભ્યોએ આ સંદર્ભમાં રસ દાખવ્યો હતો.

રાજ્યના શિક્ષણ નિયામક **શ્રી કે. રામમૂર્તિ**એ પણ ગુજરાત કૉલેજ શતાબ્દી ઉજવણીના આ વિચારને સારું અનુમોદન આપેલું. આ કાર્યક્રમના ખર્ચ માટે સરકાર તરફથી આશરે પાંચ લાખ રૂપિયા જેટલી રકમ મેળવી આપવાનો પોતે પ્રયત્ન કરશે એમ પણ તેઓએ જણાવ્યું હતું.

અત્રે એ હકીકતનો પણ ઉલ્લેખ કરવો ઘટે કે: "૧૯૧૫ પછી ગુજરાત કૉલેજની કંપાઉન્ડ વૉલ વધારવાનું અને પૂરી કરવાનું કામ સાઠ વર્ષે પહેલી વાર હાથ ધરવામાં આવ્યું હતું."[૧]

## આચાર્ય શ્રી ડૉ. બી. સી. દેસાઈ

૧૯૭૭ના જૂનની તા. સાતમીએ ડૉ. બી. સી. દેસાઈએ ગુજરાત કૉલેજના આચાર્યશ્રી ડૉ. એસ. બી. મહેતા પાસેથી પોતાનો હોદ્દો સંભાળ્યો હતો.[૨] આમ એક બાજુ શતાબ્દી ઉજવણી વર્ષ પાસે આવતું જતું હતું અને બીજી બાજુ સરકારી કૉલેજના આચાર્ય બદલાતા જતા હતા. જોકે શતાબ્દી વર્ષ ઉજવણીનું વાતાવરણ તૈયાર કરવાનો પ્રયત્ન સતત ચાલુ રહ્યો હતો. પરંતુ શતાબ્દી વર્ષ ઉજવણીનું કામ વિલંબમાં પડયું હતું એ આપણે આગળ જણાવેલી હકીકતો પરથી જોઈ શકીશું.

૧૯૭૮ના 'વિદ્યા-વિકાસ'માં નીચેનું લખાણ સંપાદકીય લેખમાં

અપાયું હતું :

"વિદ્યા, કલા, સંસ્કૃતિ, રાજકારણ, રમતગમત કે ધંધા-ઉદ્યોગનાં ક્ષેત્રોમાં ગુજરાતમાં અને અમુક અંશે ભારતમાંય છેલ્લાં સો વર્ષ દરમિયાનનાં ગુજરાત કૉલેજના અધ્યાપકો તેમ જ વિદ્યાર્થીઓનાં પ્રદાન અંગેની આધારભૂત માહિતી એકત્ર કરવાનું કાર્ય શતાબ્દી વર્ષમાં હાથ ધરાવું ઘટે. વધુમાં, શતાબ્દી ઉજવણીનો પ્રસંગ ગુજરાત કૉલેજની લાંબા ગાળાની શૈક્ષણિક અને ઇતર કાર્યક્ષમતામાં સુધારો કરી શકાય તે માટેનાં આવશ્યક સાધનસગવડ વિષે વ્યવસ્થિત રીતે વિચારવાની અને આયોજન કરવાની તક પૂરી પાડે છે. આપણે આશા રાખીએ કે રાજ્ય સરકાર આ સાધનો ઊભાં કરવા જરૂરી પ્રબંધ કરશે. તેમ જ તે પ્રયત્નમાં તેને કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના સર્વ સભ્યોનો અને વર્તમાન વિદ્યાર્થીઓ અને સ્ટાફનો હાર્દિક સહકાર મળી રહેશે."

આ જ લખાણમાં ગુજરાત કૉલેજને સ્વાયત્ત કૉલેજ બનાવવાનું સ્વપ્ન પણ રજૂ કરવામાં આવ્યું હતું. આ સ્વપ્ન સાકાર કરવાનું ભગીરથ કામ હજુ ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ સામે પડેલું જ છે. આ સાથે પ્રા. દાવરનું એક કથન[3] રજૂ કરી કૉલેજના શૈક્ષણિક વાતાવરણ અને ધોરણને ઊંચે લઈ જવાની વાત પણ મુકાઈ હતી.

આ જ મૅગેઝીનમાં પ્રા. દાવરનો કૉલેજની સુવર્ણ જયંતી પ્રસંગે લખાયેલ લેખ પુનર્મુદ્રિત કરવામાં આવ્યો હતો.[4] આ મૅગેઝીનમાં સ્વ. પ્રા. દાવર, મહાકવિ ન્હાનાલાલ અને પ્રા. ટી. એન. દવેનો એક ફોટોગ્રાફ 'પ્રેમભક્તિ મંડળ' (૧૯૩૩–૩૪)ની એક છબીમાંથી આપવામાં આવ્યો હતો.

૧૯૭૭–૭૮ના વાર્ષિક દિને કૉલેજના એક લબ્ધપ્રતિષ્ઠ ભૂતપૂર્વ

વિદ્યાર્થી **શ્રી રોહિત મહેતા** અતિથિ વિશેષતરીકે હાજર રહ્યા હતા. તેઓએ 'વિજ્ઞાન અને અધ્યાત્મ' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

૧૯૭૭ના ઑગસ્ટની ૧૦મી તારીખે શહીદ દિન નિમિત્તે ભૂતપૂર્વ વિદ્યાર્થી અને અંગ્રેજીના વિદ્વાન પ્રાધ્યાપક **શ્રી સી. એન. પટેલ** હાજર રહ્યા હતા.

સ્વાભાવિક છે કે આ વર્ષો દરમ્યાન કૉલેજના કાર્યક્રમોમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છવાયેલા રહેલા જણાય છે. ગુજરાત કૉલેજના મૂળદાતા સ્વ. શેઠ શ્રી ચીનુભાઈ માધવલાલ બૅરોનેટના સુપુત્ર, કૉલેજ ઓલ્ડ બૉયઝ ઍસોસિયેશનના તે સમયના પ્રમુખ અને રાજ્યના હોમગાર્ડ્ઝ કમાન્ડન્ટ **શ્રી ઉદયન ચીનુભાઈ**ને હોમગાર્ડ્ઝ ક્ષેત્રની તેમની વિશિષ્ટ સેવાઓ અને સિદ્ધિ બદલ રાષ્ટ્રપતિપદક પ્રાપ્ત થયો હતો. આ સંદર્ભમાં શ્રી ઉદયનભાઈને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના પ્રમુખપદે સંસ્થાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને રમતગમત ક્ષેત્રે 'આર. કે.'ના હુલામણા નામે જાણીતા પીઢ ખેલાડી **શેઠ શ્રી રતિલાલ ખુશાલદાસ પટેલ** હતા.[૫]

ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી યશવંતભાઈ શુક્લ, ડૉ. જયન્ત પાઠક** તથા **ડૉ. ભોળાભાઈ પટેલ** ખાસ કરીને તૃતીયવર્ષ વિનયનના વિદ્યાર્થીઓને ઉપયોગી વિષયો પર વ્યાખ્યાનો આપ્યાં હતા.[૬]

તા. ૨૦-૧૧-૧૯૭૯ના રોજ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી, થિયોસૉફીના આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ વક્તા તથા શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનના ચિંતક **શ્રી રોહિત મહેતા**એ 'જીવન અને શિક્ષણ' પર પ્રવચન આપ્યું હતું. (વ્યાખ્યાનમાળાનું દ્વિતીય વ્યાખ્યાન).

તા. ૯-૨-૧૯૮૦ના રોજ વ્યાખ્યાનમાળાનું વર્ષાન્ત વક્તવ્ય

કૉલેજના 'ઓલ્ડ બૉય' ગુજરાતના નામાંકિત મૂર્ધન્ય કવિ, ગુજરાત યુનિવર્સિટીના નિવૃત્ત કુલપતિશ્રી તથા કવિવર ટાગોરના શાંતિનિકેતનના તે સમયના કુલાધિપતિ **શ્રી ઉમાશંકર જોશીએ** 'તે દિવસો અને આ' એ વિષય પર આપ્યું હતું.

ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રેષ્ઠીવર્ય સ્વ. કસ્તૂરભાઈ લાલભાઈ શેઠ (જન્મ તા. ૧૯–૧૨–૧૮૯૪, અવસાન તા. ૨૦–૧–૧૯૮૦)નો 'વિદ્યા-વિકાસ'માં ફોટો અપાયો હતો.

## શતાબ્દી મહોત્સવ ઉજવણીના કાર્યક્રમો

અત્રે એ હકીકત નોંધવી ઘટે કે ગુજરાત કૉલેજ શતાબ્દીની યોગ્ય પ્રકારે ઉજવણી કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા **શિક્ષણ મંત્રી શ્રી પ્રબોધ રાવળના** અધ્યક્ષપદે નામાંકિત નાગરિકો અને સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની બનેલી એક ઉચ્ચકક્ષાની સમિતિની રચના કરવામાં આવી હતી.[૭] આ સમિતિ દ્વારા શતાબ્દી મહોત્સવના ઉજવણીના કાર્યક્રમોને ઓપ અપાયો હતો.

## હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટેના ભોજનખંડનું ભૂમિપૂજન

શતાબ્દી મહોત્સવ ઉજવણીના કાર્યક્રમરૂપે સરકારશ્રીએ હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે સારો ભોજનખંડ (ડાઇનિંગ હોલ) બાંધવાની મંજૂરી આપી હતી. આચાર્ય **શ્રી ડૉ. બી. સી. દેસાઈએ** આ નવા ભોજનખંડનું ભૂમિપૂજન કર્યું હતું. આમ ઘણા લાંબા સમયથી આ કૉલેજના હોસ્ટેલના વિદ્યાર્થીઓની સારા ભોજનખંડની માગણીને નક્કર સ્વરૂપ મળ્યું હતું.

તા. ૨૩–૧૨–૧૯૮૦ના રોજ કૉલેજના વાર્ષિક દિનની ઉજવણી પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થી અને જાણીતા પાર્લમેન્ટેરિયન **શ્રી પુરુષોત્તમ ગણેશ માવળંકર** હતા. ૧૯૮૧ના 'વિદ્યા-વિકાસ'ના અંકમાં શ્રી માવળંકરના દસ ફોટોગ્રાફ્સ છે.[૮]

આ જ અંકમાં ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને જીવવિદ્યા વિભાગના પ્રાધ્યાપક **શ્રી જે. ડી. ઓઝાના** તેમ જ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને ઇતિહાસના પ્રાધ્યાપક **શ્રી આર. એન. દેસાઈના** અવસાનની નોંધ લેવામાં આવી છે.

૧૯૮૦ના ઑગસ્ટમાં શહીદદિન નિમિત્તે માનનીય મંત્રી **શ્રીમતી કોકિલાબહેન વ્યાસે** વીર વિનોદ કિનારીવાલાની ખાંભી પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેઓએ ઉદ્‌બોધન કર્યું હતું અને વૃક્ષારોપણ વિધિ કર્યો હતો. તેઓ કૉલેજનાં એક તેજસ્વી ભૂતપૂર્વ વિદ્યાર્થિની હતાં. એમના પણ 'વિદ્યા-વિકાસ'માં ત્રણ ફોટોગ્રાફ્સ છે.

૧૯૮૦ના ઑગસ્ટની તા. ૧૫મીએ સ્વાતંત્ર્યદિને, રાષ્ટ્રીય પર્વ ઉજવણી નિમિત્તે ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી કંચનલાલ પરીખ** (ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રો-વાઇસચાન્સેલર) મુખ્ય મહેમાન હતા.

## હૉકી મૅચનું આયોજન

તા. ૧૭–૧૦–૧૯૮૧ના રોજ કૉલેજની શતાબ્દી મહોત્સવની ઉજવણીના કાર્યક્રમરૂપે હૉકી મૅચનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સ્ટેટ વિમેન્સ હૉકી એસોસિયેશનનાં પ્રમુખ **શ્રી મનોરમાબહેન મધુકર મુન્શા** હતા. આ ઉપરાંત કૉલેજના ભૂતપૂર્વ તેજસ્વી હૉકી ખેલાડી અને યુનિવર્સિટીઓની ટીમના સંયુક્ત મૅનેજર **શ્રીમતી વીણાબહેન પાલખીવાળા** હાજર રહ્યાં હતાં. આ મૅચનું આયોજન કરવામાં કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ ગુજરાત રાજ્ય મહિલા હૉકી મંડળના ઉપપ્રમુખ અને કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થિની **શ્રીમતી કરુણાબહેન અપૂર્વ શાહે** નોંધપાત્ર સહકાર આપ્યો હતો.

૧૯૮૨ના 'વિદ્યા-વિકાસ'માં ગુજરાત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી **શ્રી કે. એસ. શાસ્ત્રી** ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે

નિમાયા હતા એ હકીકતની સગૌરવ નોંધ લેવામાં આવી હતી.[૯]

૧૯૮૨ના ઑગસ્ટની તા. ૧૫મીએ મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થી અને **આચાર્ય શ્રી જે. બી. સાન્ડિલ** હતા. ૧૯૮૩ના જાન્યુઆરીની ૨૬મીએ મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ **આચાર્ય શ્રી દેશપાંડે** હતા.

## શ્રી ગ્યાની ઝૈલસિંહજી

તા. ૨૧–૨–૮૩ના રોજ શતાબ્દી ઉજવણીના મુખ્ય કાર્યક્રમના અતિથિ વિશેષ માનનીય રાષ્ટ્રપતિ શ્રી ગ્યાની ઝૈલસિંહજી હતા.[૧૦] આ પ્રસંગે ગુજરાત કૉલેજના વિશાળ ક્રિકેટ મેદાન ઉપર ભવ્ય શામિયાનો ઊભો કરવામાં આવ્યો હતો અને કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પણ પ્રમાણમાં સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. રમણીય સંધ્યાએ યોજાયેલ આ કાર્યક્રમ અવિસ્મરણીય રહેશે. આ ઉજવણી કાર્યક્રમમાં **શિક્ષણ મંત્રી શ્રી પ્રબોધ રાવળ** અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો અમૂલ્ય સહકાર સાંપડયો હતો.

૧૯૮૨–૮૩ના વર્ષમાં પોતપોતાના ક્ષેત્રે લબ્ધપ્રતિષ્ઠ એવા ગુજરાત કૉલેજના બે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની જન્મશતાબ્દી હતી. ૧૯૮૩ના 'વિદ્યા-વિકાસ'માં આની નોંધ લેવામાં આવી છે. આ બે વિદ્યાર્થીઓ હતા :

(૧) **શ્રીમતી શારદાબહેન સુમન્તભાઈ મહેતા** : જન્મ : તા. ૨૬–૬–૧૮૮૨; મૃત્યુ તા. ૧૩–૧૧–૧૯૭૦.

(૨) **શ્રી રણજિતરામ વાવાભાઈ મહેતા** : જન્મ : ૨૫–૧૦–૧૮૮૧; મૃત્યુ : ૫–૫–૧૯૧૭.

'વિદ્યા-વિકાસ'માં આ બંને વિદ્યાર્થીઓના ફોટોગ્રાફ્સ પણ આપવામાં આવ્યા હતા.

## આચાર્ય શ્રી બી. એમ. શાહ

તા. ૧૯-૧-૧૯૮૫થી કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી બી. એમ. શાહની ગુજરાત કૉલેજના આચાર્યપદે નિમણૂક થઈ એ સમાચાર ૧૯૮૫-૮૬ના 'વિદ્યા-વિકાસ'માં જોવા મળે છે.

## શતાબ્દી મહોત્સવના કાર્યક્રમોની પૂર્ણાહુતિ

૧૯૮૫ના ઑક્ટોબર મહિનામાં ૨૬ અને ૨૭મી તારીખે ગુજરાત કૉલેજ શતાબ્દી સમિતિ અને ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયઝ એસોસિયેશનના સંયુક્ત ઉપક્રમે અવિસ્મરણીય કાર્યક્રમો યોજાયા હતા. તા. ૨૬મીએ ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ શ્રી બી. કે. નેહરુના વરદહસ્તે આ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પ્રાધ્યાપક **પ્રો. દાવર** સાહેબની આરસ પ્રતિમાનું અને વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. **વિક્રમ સારાભાઈ**ના તૈલચિત્રનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

વિદ્વાન કેળવણીકાર **શ્રી તરલોકસિંઘે** શતાબ્દી સ્મારક વ્યાખ્યાનમાળાનું પ્રથમ વ્યાખ્યાન આપ્યું. આ પ્રસંગે **પ્રો. દાવર સાહેબ**ના અપ્રકાશિત લેખોના પુસ્તકનું શ્રી તરલોકસિંઘે વિમોચન કર્યું.

૨૭મી ઑક્ટોબરે 'નવી શિક્ષણ પદ્ધતિ' પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો.[૧૧]

૧૯૮૫-૮૬ના 'વિદ્યા-વિકાસ'માં આ ગ્રંથવિમોચન વિધિ અને રાષ્ટ્રીય સેમિનારના ફોટોગ્રાફ્સ આપવામાં આવ્યા છે. આ સાથે આભારદર્શન કરતાં, ગુજરાત કૉલેજ ઓલ્ડ બૉયઝ ઍસોસિયેશનના મંત્રી શ્રી પ્રો. ઈ. **એમ. બલસારા** અને ગુજરાત કૉલેજ સેન્ટેનરી સેલિબ્રેશન ટ્રસ્ટ તરફથી કૉલેજને મેડલ આપવાની પ્રેરણા આપનાર **શ્રી સોલી ખંભાતા**ના ફોટોગ્રાફ્સ પણ આ મૅગેઝીનમાં આપવામાં આવ્યા છે.

૧૯૮૭ના 'વિદ્યા-વિકાસ'માં ગુજરાત કૉલેજનાં પ્રથમ વિદ્યાર્થિની લેડી વિદ્યાગૌરીનો ફોટોગ્રાફ છે (જન્મ તા. ૧-૬-૧૮૭૬, અવસાન તા. ૭-૧૨-૧૯૫૮). તેઓ આ કૉલેજનાં સહુ પ્રથમ મહિલા વિદ્યાર્થી હતાં, એટલું જ નહિ પરંતુ પોતાની બહેન શારદાબહેન મહેતા સાથે સમગ્ર મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરનારાં પ્રથમ હિન્દુ મહિલા પણ હતાં. ભોળાનાથ સારાભાઈ જેવા પ્રગતિવાદી વિચારકનાં દોહિત્રી અને સર રમણભાઈ નીલકંઠ જેવા પ્રતિભાસંપન્ન સાહિત્યકારનાં ધર્મપત્ની લેડી વિદ્યાગૌરીએ ગુજરાતમાં કન્યાકેળવણી, વિધવાવિવાહ અને દહેજ પ્રથાનો વિરોધ જેવાં સમાજસુધારણાનાં વિવિધ ક્ષેત્રે હિંમતવાન નેતાગીરી પૂરી પાડેલી. ઘણાં વર્ષો સુધી તેઓ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ મ્યુનિસિપલ શાળામંડળ તથા અખિલ ભારતીય મહિલા પરિષદ (અમદાવાદ શાખા) જેવી સંસ્થાઓના સભ્ય અથવા પ્રમુખપદે રહેલાં. ૧૯૩૨નાં અખિલ ભારતીય મહિલા પરિષદનાં વાર્ષિક અધિવેશનમાં પ્રમુખ તરીકે તેઓ સર્વાનુમતે ચૂંટાયેલાં. આવાં તેજસ્વી ભૂતપૂર્વ વિદ્યાર્થિનીની જન્મશતાબ્દી પ્રસંગે તેમને સંભારતાં ગૌરવની લાગણી અનુભવાતી હતી.[૧૨]

૧૯૮૭ના 'વિદ્યા-વિકાસ'માં થયેલા આ તેજસ્વી સન્નારીના ઉલ્લેખ સાથે આ ઇતિહાસગાથાનું પૂર્ણવિરામ મૂકીએ છીએ.

### પાદટીપ

૧. 'વિદ્યા-વિકાસ' અંક ૬૨, માર્ચ ૧૯૭૬, સંપાદકીય નોંધ, પૃ. ૯.

૨. એજન, અંક ૬૪, જૂન ૧૯૭૮, સંપાદકીય નોંધ, પૃ. ૩

૩. "Let her prove herself the nucleus of long expected University of our province."

૪. Prof. Davar 'The Golden Jubilee of our Alma mater', ગુજરાત કૉલેજ મૅગેઝિન, પુ. ૨૫, અંક ૧, સપ્ટેમ્બર ૧૯૨૯.
૫–૬. 'વિદ્યા-વિકાસ' અંક ૬૬, માર્ચ ૧૯૮૦, સંપાદકીય નોંધ, પૃ. ૫.
૭. જુઓ પરિશિષ્ટ ૧ : શતાબ્દી ઉજવણી સમિતિ.
૮. 'વિદ્યા-વિકાસ', અંક ૬૭, એપ્રિલ ૧૯૮૧.
૯. એજન, અંક ૬૮, એપ્રિલ ૧૯૮૨, સંપાદકીય નોંધ, પૃ. ૪,
૧૦. એજન, અંક ૬૯, એપ્રિલ ૧૯૮૩.
૧૧. એજન, અંક ૭૧–૭૨, ૧૯૮૫, ૧૯૮૬. સંપાદકીય નોંધ, પૃ. ૪.
૧૨. એજન, વાર્ષિક અંક ૭૩, એપ્રિલ ૧૯૮૭, સંપાદકીય નોંધ, પૃ. ૪.

પરિશિષ્ટ ૧

# શતાબ્દી ઉજવણી સમિતિ

| | | |
|---|---|---|
| શ્રી પ્રબોધ રાવળ | – | પ્રમુખ |
| શ્રી બળવંત મનવર | – | ઉપપ્રમુખ |
| શ્રી એમ. એન. બૂચ | – | સભ્ય |
| શ્રી એન. ગોપાલસ્વામી | – | સભ્ય |
| શ્રી આર. વી. પંડયા | – | આચાર્ય અને કન્વીનર |
| શ્રી હરિપ્રસાદ વ્યાસ | – | કન્વીનર અને ખજાનચી |
| પ્રો. ઈ. એમ. બલસારા | – | કન્વીનર અને સભ્ય |
| શ્રી રફીયુદ્દીન શેખ | – | સભ્ય |
| શ્રી નરીમાન કામા | – | ,, |
| શ્રી રતિલાલ કે. પટેલ | – | ,, |
| શ્રી કે. એસ. શાસ્ત્રી | – | ,, |
| શ્રી નીરુભાઈ દેસાઈ | – | ,, |
| શ્રી નરેન્દ્ર ડી. બૂચ | – | ,, |
| ડૉ. અંબરીષ પરીખ | – | ,, |
| શ્રી સોરાબ એન. ખંભાતા | – | ,, |
| પ્રો. સી. એન. પટેલ | – | ,, |
| શ્રી નરેન્દ્ર એલ. શેઠ | – | ,, |
| શ્રીમતી મોનાબહેન ઉદયન સી. | – | ,, |
| પ્રો. સી. એલ. શાસ્ત્રી | – | ,, |
| શ્રી પ્રવીણ એન્જિનિયર | – | ,, |
| શ્રી કે. સી. પરીખ | – | ,, |
| શ્રી અપૂર્વ એસ. શાહ | – | ,, |
| શ્રીમતી વર્ષા શેઠ | – | ,, |
| શ્રી લલિતમોહન એન. | – | ,, |

# ૬

## વિશ્લેષણ

એક ઉચ્ચ શૈક્ષણિક સંસ્થા અને એનું ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ કાર્ય કરવાની કેટલી શક્તિ ધરાવે છે એનો અભ્યાસ આ ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના case-study પરથી આવી શકે એમ છે. શિક્ષણસંસ્થાને શૈક્ષણિક વાતાવરણ, શૈક્ષણિક જુસ્સો ઊભો કરવાના કામમાં તેમ જ સંસ્થાનાં શૈક્ષણિક અને અન્ય ધોરણોને ઊંચાં લઈ જવાની પ્રક્રિયામાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ એક સબળ ટેકારૂપ (a strong supporting base) બની શકે એમ છે.

આવા અભ્યાસો પરથી શિક્ષણસંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળોને વિકસાવવાની અને ક્રિયાશીલ બનાવવાની નીતિ તૈયાર કરી શકાય. આજના નવી શિક્ષણનીતિના અમલીકરણના સંદર્ભમાં આ એક મદદરૂપ પ્રક્રિયા સિદ્ધ થઈ શકે તેમ છે.

મુખ્યત્વે આ વિચારને કેન્દ્રમાં રાખી અત્રે આ પ્રકરણમાં ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની પ્રવૃત્તિઓનું ટૂંક વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો છે.

## ગુજરાત કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની વાર્ષિક સભા

આ સભા નિયમિત રીતે મળે એ માટેના પ્રયત્નો થતા રહ્યા છે. આવી સભા મંડળને જીવંત અને સક્રિય રાખવામાં મોટું બળ પૂરું પાડી શકે એ હકીકત સમજાય એવી છે. આવી થોડી સભાઓની તારીખ અને પ્રમુખના નામનો ઉલ્લેખ ઉદાહરણરૂપે કર્યો છે.

તા. ૭–૩–૧૯૫૯ના રોજ આચાર્ય પ્રો. એમ. એસ. શાહના પ્રમુખપદે મંડળની સભા થઈ હતી. મંડળના પ્રમુખ શેઠ શ્રી શાંતિલાલ મંગળદાસ ગેરહાજર હોવાથી આચાર્ય શાહ પ્રમુખપદે હતા.

તા. ૧૩–૩–૧૯૬૦, ૧–૯–૧૯૬૧ અને ૧૮–૩–૧૯૬૨ના રોજ મંડળની વાર્ષિક સભા પ્રો. ફીરોઝ દાવરના પ્રમુખપદે મળી હતી.

## મંડળની સભ્યસંખ્યા વધારવાના પ્રયત્નો

આવા મંડળનું બળ એની સભ્યસંખ્યામાંથી ઊભું થાય છે. સભ્યસંખ્યા વધારવાનો પ્રયત્ન અવારનવાર થતો રહ્યો છે. જોકે મળતી માહિતી પરથી કહી શકાય કે આ પ્રયત્નનો પ્રતિસાદ પ્રમાણમાં ઓછો રહ્યો હતો.

ઉદાહરણાર્થે જોઈએ તો ઈ.સ. ૧૯૫૯માં મંડળના કુલ સભ્યોની સંખ્યા ૧૯૨ હતી. આમાંથી આજીવન સભ્યો ૧૨૫ હતા અને વાર્ષિક સભ્યો ૬૭ હતા. ૧૯૬૦માં વાર્ષિક સભ્યો ઘટીને ૩૯ થઈ ગયા હતા. આ વર્ષે આજીવન નવા સભ્યો ૧૦ નોંધાયા હોવાથી તે સંખ્યા ૧૩૫ થઈ હતી. ૧૯૬૧ દરમ્યાન નવા નોંધાયેલા આજીવન સભ્યો ૧૬ હતા. આ વર્ષે વાર્ષિક સભ્યો ૧૮ હતા. ૧૯૬૩માં નવા નોંધાયેલા આજીવન સભ્યોની સંખ્યા ૩૯ હતી. આ વર્ષે વાર્ષિક સભ્યો ૨૧ હતા. ૧૯૭૧માં નવા આજીવન સભ્યોની સંખ્યા ૧૨ હતી. આમ કૉલેજ મૅગેઝીનમાંથી મળતી

છૂટક છૂટક માહિતી એટલું સ્પષ્ટ કરે છે કે મંડળની સભ્ય-સંખ્યા વધારવા માટે કોઈ ચોક્કસ પદ્ધતિ કે નીતિ વિકસાવવામાં આવી નહોતી.

### વાર્ષિક ભોજન સમારંભ

મંડળના સભ્યો, મહેમાનો અને અન્ય રસ ધરાવતી, મદદરૂપ વ્યક્તિઓ માટે યોજાતો વાર્ષિક ભોજન સમારંભ પણ એક ઉલ્લેખનીય ઘટના છે. મળતી માહિતી મુજબ ૧૯૬૦, ૧૯૬૧, ૧૯૬૨ અને ૧૯૬૩માં અનુક્રમે ૮૫, ૭૦, ૭૫ અને ૮૦ની સંખ્યા આ વાર્ષિક ભોજન સમારંભમાં સામેલ હતી. આ સંખ્યા પણ કોલેજના કુલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં તો ખૂબ જ જૂજ ગણાય.

### યોજાયેલા કાર્યક્રમો

#### સાંસ્કૃતિક કાર્યક્રમો

મંડળ તરફથી અવારનવાર સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાતા રહ્યા છે. ઉદાહરણાર્થે તા. ૯–૧૦–૧૯૫૯ના રોજ 'કલ્ચરલ ફોરમ' અને મંડળના સંયુક્ત ઉપક્રમે શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૨–૮–૧૯૬૧ના રોજ આ બંને સંસ્થાઓના ઉપક્રમે હિંદી નાટક અને તા. ૨૪–૧–૧૯૬૨ના રોજ ગુજરાતી એકાંકી નાટક ગાંધીહોલમાં ભજવાયાં હતાં.

૧૯૬૯ના કોલેજના વાર્ષિક મનોરંજન કાર્યક્રમમાં **પ્રા. આર. ડી. દેસાઈએ** (વિવેકાનંદ કોલેજ) ગુજરાત કોલેજ ઓલ્ડ બૉયઝ એસોસિયેશન તરફથી સમ્રાટ શાહજહાંની છેલ્લી ક્ષણો મોનોએક્ટિંગ –એકપાત્રીય અભિનય તરીકે રજૂ કરી હતી.

આમ મંડળ અને કોલેજનો સંબંધ આ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સચવાતો હતો એમ હકીકતના આધારે કહી શકાય. શક્ય છે કે ગુજરાત કોલેજના નાટ્ય વિભાગની સ્થાપનાની પૂર્વભૂમિકાનો

અંકોડો પણ આવા કોઈ સાંસ્કૃતિક કાર્યક્રમ દરમ્યાન તૈયાર થયો હોય. ગુજરાત કૉલેજના નાટ્યવિભાગનો ઇતિહાસ લખાય તો આ કથન ઉપર પ્રકાશ પડી શકે.

### મિલન કાર્યક્રમો

ક્યારેક મંડળના ઉપક્રમે મિલન કાર્યક્રમો પણ યોજાતા હતા. ઉદાહરણાર્થે તા. ૨૧-૧૨-૧૯૬૦ના રોજ ગુજરાત વિધાનસભાના માનદ સ્પીકરને મળવા માટે ચા-પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓ ગુજરાત કૉલેજના વાર્ષિકોત્સવના મુખ્ય મહેમાન હતા.

તા. ૧-૯-૧૯૬૧ના રોજ ગુજરાત રાજ્ય જાહેર સેવા પંચના પ્રમુખ **શ્રી રાઘવજી લેઉઆએ** સંબોધન કર્યું હતું. તેઓ ગુજરાત કૉલેજના ૧૯૩૧-૩૨ દરમ્યાન વિદ્યાર્થી હતા. શ્રીમતી લેઉઆએ આ પ્રસંગે નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ઇનામોની વહેંચણી કરી હતી.

તા. ૧૨-૯-૧૯૬૪ના રોજ સાંજે ૬-૩૦ વાગ્યે કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી, મંડળના સભ્ય અને ભારતના નિયોજન પંચના સભ્ય શ્રી તરલોકસિંઘને મળવા માટે એક ચા-પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

### અભિનંદન સન્માન કાર્યક્રમો

ક્યારેક ક્યારેક આવા કાર્યક્રમો પણ યોજાયેલા જોવા મળે છે. ઉદાહરણાર્થે—

તા. ૨૯-૧૨-૧૯૬૨ના રોજ મંડળના ત્રણ સભ્યો પ્રો. એન. બી. નાયક, વાય. ડી. ભાવે અને પી. એમ. જાની અનુક્રમે ભૂજ, સુરેન્દ્રનગર અને મોરબીની વિનયન અને વિજ્ઞાન કૉલેજના આચાર્યપદે નિમાતાં એમને અભિનંદન આપવામાં આવ્યાં હતાં.

તા. ૨-૧૦-૧૯૬૪ના રોજ શેઠ શ્રી અમરતલાલ હરગોવિંદ-

દાસની પંચોતેરમી વર્ષગાંઠ નિમિત્તે સમારંભ યોજાયો હતો. શેઠશ્રીની વર્ષગાંઠ ૧૯૬૪ના ઑગસ્ટની તા. ૩૦મી એ હતી. તેઓ ૧૯૦૯–૧૯૧૩ દરમ્યાન આ કૉલેજના વિદ્યાર્થી હતા.

તા. ૧૪–૯–૧૯૬૯ના રોજ મંડળના ચાર આજીવન સભ્યોને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ ચાર સભ્યો હતા — શ્રી નરોત્તમ ઝવેરી — અમદાવાદ શહેરના મેયર, શ્રી ડી. કે. પટેલ — ડેપ્યુટી મેયર, શ્રી પ્રબોધ રાવળ — નાગરિક શાળા બોર્ડના પ્રમુખ અને શ્રી રફિકુદ્દીન શેખ — કૉર્પોરેટર.

તા. ૬–૬–૧૯૭૧ના રોજ કૉલેજની નવી લાઇબ્રેરીના મકાનમાં તામિલનાડુના ગવર્નર અને કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી કે. કે. શાહને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. મંડળની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી હરિપ્રસાદ ન. વ્યાસની વિનંતીથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળના સંયુક્ત મંત્રી, ઇટાલિયન બેકરીના માલિક સ્વ. શ્રી રફિયુદ્દીન શેખે સ્વાદિષ્ટ કેકની ભેટ આપી હતી.

તા. ૪–૧૧–૧૯૭૧ના રોજ ડૉ. વાય. જી. નાયકને ૧૯૬૯ના વર્ષનો સર્વોત્તમ વિજ્ઞાન સંશોધન માટેનો ગુજરાત યુનિવર્સિટીનો ડૉ. કે. જી. નાયક એવૉર્ડ મળ્યો તે બદલ એમનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ સાથે કૉલેજના આચાર્ય શ્રી વી. જે. ત્રિવેદીએ કૉલેજના સંશોધનકાર્યમાં દાખવેલા રસની નોંધ લેવાઈ હતી.

**વ્યાખ્યાનોનું આયોજન**

અત્રે ઉદાહરણાર્થે કેટલાંક વ્યાખ્યાનોનો ઉલ્લેખ કર્યો છે. તા. ૨૦–૨–૫૯ના રોજ શ્રી એ. ડી. શ્રોફે કૉલેજના બી.એ. હૉલમાં બપોરે ચાર વાગ્યે એક વ્યાખ્યાન આપ્યું હતું.

તા. ૨૧–૧૧–૫૯ના રોજ મંડળના પ્રમુખ પ્રો. ફીરોઝ દાવરે એમના ગ્રંથ 'મોત પર મનન' (લાઇફ આફ્ટર ડેથ)ના સંદર્ભમાં

પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમ નવા લાઇબ્રેરીના મકાનમાં યોજાયો હતો. આ પ્રસંગે પ્રમુખ તરીકે ગુજરાત વિદ્યાસભાના શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ હતા.

તા. ૪–૩–૬૧ના રોજ આચાર્ય શ્રી પુરુષોત્તમ માવળંકરે પ્રોસ્પેક્ટસ ફોર પાર્લમેન્ટરી ડેમોક્રસી ઇન ઇન્ડિયા' પર વ્યાખ્યાન આપ્યું હતું.

તા. ૨૯–૧૯–૧૯૬૨ના રોજ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી, મંડળના આજીવન સભ્ય અને ભારતના આયોજન પંચના સભ્ય શ્રી તરલોકસિંઘે 'ધ પ્લાનિંગ ઑફ અવર પ્રેઝન્ટ પ્રૉબ્લેમ્સ ઑફ ફૂડ' પર વ્યાખ્યાન આપ્યું હતું.

આમ ક્યારેક આવાં વ્યાખ્યાનો યોજાતાં હતાં અને એ રીતે કેટલાક સભ્યો એકબીજાને મળતા રહેતા હતા અને મંડળને સક્રિય રાખવાનો પ્રયત્ન કરતા હતા.

## યોજાયેલ નિબંધ સ્પર્ધાઓ

૧૯૫૮ના વર્ષમાં 'મારું ભારતનું દર્શન ત્યારે અને અત્યારે — ૧૮૫૭ થી ૧૯૫૭' એ વિષય પર એક નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં કોલેજના ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અનુક્રમે રૂ. ૫૧, ૩૧ અને ૨૧નાં ઇનામો આપવામાં આવ્યાં હતાં. શેઠ શ્રી શાંતિલાલ મંગળદાસે આ માટે રૂ. ૧૦૦નું દાન આપ્યું હતું. આ નિબંધ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે નવચેતન હાઈસ્કૂલના આચાર્ય શ્રી દામુભાઈ શુક્લ અને પ્રા. ડૉ. ધીરુભાઈ ઠાકરે કામગીરી બજાવી હતી.

તા. ૨૨–૭–૧૯૬૦ના રોજ એક નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધા માટે નીચેના વિષયો રાખવામાં આવ્યા હતા :

૧. સાહિત્યની કેળવણી નહિ પરંતુ ઔદ્યોગિક કેળવણી જ હિંદનો ઉદ્ધાર કરશે.

૨. શાળા અને મહાશાળામાં ધાર્મિક કેળવણીનું સ્થાન.

૩. લોકશાહી વિરુદ્ધ સામ્યવાદ.

આ નિબંધ સ્પર્ધામાં પણ ઉપર પ્રમાણે ત્રણ ઇનામો આપવામાં આવ્યાં હતાં. આ ઇનામોના દાતા તરીકે અનુક્રમે શ્રી એન. જે. કામા, મનુભાઈ પરીખ અને વિષ્ણુપ્રસાદ ભટ્ટ હતા, જોકે સંજોગવશાત છેલ્લુ ઇનામ મેસર્સ હઠીસિંગ એચ. શાહ અને ધીરજલાલ ડી. શાહે સંયુક્ત રીતે આપ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે આચાર્ય યશવંત શુકલ અને પુરુષોત્તમ માવળંકર હતા.

તા. ૧૨–૧૯–૬૯ના રોજ ગાંધી શતાબ્દી વર્ષ નિમિત્તે એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માટેના વિષયો નીચે મુજબ હતા :

૧. ગાંધીજીના ટ્રસ્ટીશિપ અને ઉદ્યોગો સંબંધી વિચારો – પ્રસ્તુતતા.

૨. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી હરિજન ઉત્કર્ષ અને નશાબંધીનો કાર્યક્રમ કયાં સુધી સફળ થયો છે? એની નિષ્ફળતાનાં કારણો.

૩. ગાંધીવિચારોનો આધુનિક સમાજ પર પ્રભાવ.

આ સ્પર્ધામાં કોલેજના વિનયન અને વિજ્ઞાન વિભાગમાંથી અનુક્રમે ૩ અને ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા માટે અનુક્રમે રૂ. ૧૦૦, રૂ. ૬૦ અને રૂ. ૨૦નાં ઇનામો અપાયાં હતાં.

આ પ્રવૃત્તિ વિષે આગળ ઉલ્લેખ મળતો નથી એ હકીકત સૂચવે છે કે પ્રવૃત્તિ આગળ ચલાવી શકાઈ નથી.

## ઉઘરાવેલ ફંડ

૧૯૭૦ના માર્ચના 'વિદ્યા-વિકાસ'માં આપેલ મંડળના અહેવાલમાં નાટક અને ચેરિટી ફિલ્મ શો કરીને રૂ. ૧૦,૦૦૦ એકત્ર કરવાની યોજના રજૂ કરવામાં આવી હતી. આ યોજના મંડળની કાર્યવાહક સમિતિએ તૈયાર કરી હતી. આ ફંડનો ઉપયોગ ઑફિસ અને લૅબોરેટરીના કર્મચારીઓ તેમ જ પટાવાળાઓનાં સંતાનોના શિક્ષણ માટે કરવાનો હતો.

## પસાર થયેલા શોક ઠરાવો

ઉદાહરણાર્થે અત્રે પસાર થયેલા કેટલાક શોક ઠરાવોની વિગતો રજૂ કરી છે.

તા. ૨૯-૬-૧૯૬૦ના રોજ મળેલ સભામાં કૉલેજના ગણિતના પ્રો. એસ. એમ. શાહ અને હેડકલાર્ક શ્રી મણિભાઈ પી. જોષીના અવસાન નિમિત્તે શોક ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

તા. ૨૯-૧૨-૧૯૬૨ના રોજ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય અને મંડળના ઉપપ્રમુખ (૧૯૪૯-૫૦) પ્રો. આર. એન. વેલિંગકર (અવસાન તા. ૭-૧૧-૧૯૬૨) અને ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર એચ. એન. પાટીલના (અવસાન તા. ૫-૨-૧૯૬૨) અવસાનના સંદર્ભમાં શોકઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. પ્રો. પાટીલનું હૃદયરોગના હુમલાથી માત્ર ૪૧ વર્ષની ઉંમરે અકાળ અવસાન થયું હતું.

તા. ૪-૮-૧૯૬૯ના રોજ શ્રી હઠીસિંગ એચ. શાહના અવસાન નિમિત્તે શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તેઓ મંડળના ઉપપ્રમુખ અને સક્રિય સભ્ય હતા. એમણે મંડળને ઘણી કીમતી સેવાઓ આપી હતી.

તા. ૧૫-૧૦-૧૯૭૧ના રોજ મંડળની કારોબારી સભામાં, મંડળના આજીવન સભ્ય ડૉ. એન. એમ. શાહના અવસાન નિમિત્તે

શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તેઓ કોલેજના રસાયણ-શાસ્ત્રના નિવૃત્ત અધ્યાપક હતા.

આમ વર્ષોવર્ષ મંડળની સભામાં શોક ઠરાવો પસાર થતા રહે છે અને એ રીતે મંડળના સભ્યોની યાદ તાજી થતી રહે છે. અને સંસ્થાના પારિવારિક વાતાવરણ સર્જનમાં મદદ થતી રહી છે.

આ મંડળની પ્રવૃત્તિઓના ટૂંક અહેવાલ પરથી કહી શકાય કે મંડળના હોદ્દેદારોએ જુદે જુદે સમયે તક શોધીને એના સંદર્ભમાં વિવિધ પ્રવૃત્તિઓ કરીને મંડળને જીવંત અને સક્રિય રાખવાનો પ્રયત્ન કર્યો છે. આવા પુરુષાર્થની ગૌરવગાથા યોગ્ય દિશામાં આગળ ધપતી રાખવી એ જ આ પુસ્તિકાનું ધ્યેય છે. એ ધ્યેય પુસ્તિકાના સંવેદનશીલ વાચનમાંથી સિદ્ધ થશે એવી આશા છે.

• • •